




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 09 OCTOBER, 2020 Vol. 16, No. 40 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


**વર્લ્ડ બેંકનું તારણ**

# ભારતીય અર્થતંત્રને કોરોનાનો ઝટકો GDPમાં 9.6% સુધીનો ઘટાડો સંભવ

## દક્ષિણ એશિયામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં વૃદ્ધિદરમાં ૭.૭ ટકાના નુકસાનનું અનુમાન

વોશિંગ્ટન : વર્લ્ડ બેન્કે ગુરૂવારે કહ્યું હતું કે, કોવિડ-૧૯ મહામારીને ફેલાતી રોકવા માટે લગાવવામાં આવેલા લોકડાઉનની ભારત તથા એશિયાનાં અન્ય દેશોનાં અર્થતંત્ર પર વિપરીત અસર થઈ છે, જેના કારણે ભારતની જીડીપીમાં ૯.૬ ટકા જેટલો ઘટાડો થઈ શકે છે,કોરોનાએ કંપનીઓને પણ જોરદાર આર્થિક ઝટકો આપ્યો છે.

વિશ્વ બેન્કે પોતાના અર્ધવાર્ષિક અપ ડેટમાં કહ્યું કે, દક્ષિણ એશિયાની અર્થવ્યવસ્થાઓ પર કોવિડ-૧૯ની વિનાશકારી અસરને કારણે ક્ષેત્ર અત્યાર સુધીની સૌથી ખરાબ મંદીનો માર સહન કરી શકે છે. તેણે કહ્યું કે, આ મહામારીની અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો પર ખુબ ખરાબ અસર જોવા મળી છે. તો આ મહામારીએ દક્ષિણ એશિયાના લાખો લોકોને અત્યંત ગરીબી તરફ ધકેલી દીધા છે. વર્લ્ડ બેન્કનાં અનુમાન પ્રમાણે ચાલુ નાણાકીય વર્ષમાં ક્ષેત્રની આર્થિક વૃદ્ધિમાં અનુમાનથી વધુ ઘટાડો જોવા મળી શકે છે. વિશ્વ બેન્કે આ રિપોર્ટમાં દક્ષિણ એશિયામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧મા વૃદ્ધિદરમાં




૭.૭ ટકાના નુકસાનનું અનુમાન લગાવ્યું છે.

આ પહેલા આવેલી મંદીમાં રોકાણ અને નિકાસમાં કમી જોવા મળી હતી. આ વખતે ખાનગી વપરાશમાં ૧૦ ટકા સુધીના ઘટાડાનું અનુમાન છે, જેથી ગરીબીનો દર વધુ વધી શકે છે. પરંપરાગત રીકે દક્ષિણ એશિયામાં ખાનગી વગરાને માગ પ્રમાણે સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને તે આર્થિક કલ્યાણનો મુખ્ય સંકેત છે. અર્થશાસ્ત્રી હેંસ ટિમરે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ભારત માટે સ્થિતી ચિંતાજનક છે, અને ભારત માટે આ અકલ્પનિય કહીં શકાય, અત્રે ઉલ્લેખનિય છે કે આ વર્ષનાં બીજા ત્રિમાસિક એટલે કે ચાલું નાણાકિય વર્ષની પહેલા ત્રિમાસિકમાં ભારતની જીડીપીમાં ૨૫ ટકાનો ઘટાડો આવી શકે છે. દક્ષિણ એશિયા ક્ષેત્ર માટે વર્લ્ડ બેન્કના ઉપ પ્રમુખ હાર્ટવિગ સ્કાફરે કહ્યુ, 'કોવિડ-૧૯ને કારણે દક્ષિણ એશિયન અર્થવ્યવસ્થાઓમાં ઘટાડો પૂર્વ અનુમાનના મુકાબલે વધુ રહી શકે છે. તે નાના વેપારીઓ અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે ખુબ ખરાબ સાબિત થઈ છે. મોદી સરકારનાં ૨૫ માર્ચનાં દેશવ્યાપી લોકડાઉનનાં કારણે ૭૦ ટકા આર્થિક પ્રવૃતીઓ થંભી ગઈ, રોકાણ, નિકાસ અને વપરાશ થઈ ગઈ હતી.






# અગ્રણી દલિત નેતા રામવિલાસ પાસવાનનું નિધન



નવી દિલ્હી : કેન્દ્રીય ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ વિભાગના મંત્રી અને લોકજનશક્તિ પાર્ટીના સ્થાપક રામવિલાસ પાસવાનનું ૭૪ વર્ષની વયે ગુરુવારે નિધન થયું હતું. તેઓ બીજી ઓક્ટોબરથી રાત્રે હાર્ટ સર્જરી બાદ દિલ્હીની એમ્સ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ હતા. રામવિલાસના પુત્ર ચિરાગ પાસવાને ગુરુવારે ટ્વિટ કરીને માહિતી આપી હતી કે મારા પિતાનું નિધન થયું છે. ચિરાગે લખ્યું હતું કે, પાપા હવે તમે આ દુનિયામાં નથી પરંતુ હું જાણું છું કે, તમે જ્યાં છો ત્યાંથી હંમેશા મારી સાથે રહેશો. હું તમને ભૂલી શક્તો નથી. અગ્રણી દલિત નેતા અને રાજકીય પ્રવાહો પારખી લેવામાં માહેર પાસવાન છેલ્લા પાંચ દાયકા કરતા વધુ સમયથી સક્રિય રાજકારણ સાથે સંકળાયેલા હતા. પાસવાન ૯ વાર લોકસભામાં સાંસદ અને બે વાર રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પાસવાન એનડીએ અને યુપીએ ગઠબંધનમાં કેન્દ્રીય મંત્રી તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.

























# ભારત-કેનેડાના સંબંધો લાકશાહીને કારણે મજબૂત બન્યા : મોદી

## કેનેડામાં ઈન્વેસ્ટ ઈન્ડિયા કોન્ફરન્સને PM મોદીએ સંબોધિત કરી, કોરોના મહામારી સમયે ભારતે ૧૫૦ દેશમાં દવા સપ્લાઈ કરી

નવી દિલ્હી : ગુરુવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડામાં આયોજીત ઈન્વેસ્ટ ઈન્ડિયા કોન્ફરન્સને સંબોધીત કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોરોના પછીના વિશ્વમાં અમે વિવિધ પ્રકારની સમસ્યાઓ વિશે સાંભળી રહ્યા છીએ. અમે તમામ સમસ્યા સામે હાર્યા નહી, પણ તમામ સમસ્યા સામે લડ્યા હતા.



આપણે સમાધાનની ધરતી બનીને ઊભર્યા છીએ. અમે લાંબા સમય સુધી ગરીબોને મફતમાં રાશન અને ગેસ સિલિન્ડર આપ્યા તેમજ ગરીબોના બેન્ક ખાતામાં પૈસા પણ જમા કરાવ્યા છે.

PM મોદીએ વધુમાં કહ્યું હતું કે, ભારત વિશ્વ માટે ફાર્મસીની ભૂમિકા નિભાવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૫૦ દેશોમાં દવાની સપ્લાઈ કરી છે. આ વર્ષ દરમિયાન માર્ચ-જૂન દરમિયાન આપણી કૃષિ નિકાસમાં ૨૩%નો વધારો થયો છે. આ ત્યારે થયું જ્યારે સમગ્ર દેશમાં કડક લોકડાઉન લાગુ હતું.

તેમણે વધુમાં કહ્યું કે આજે ભારતની કહાની મજબૂત છે અને આવનાર સમયમાં વધારે મજબૂત થશે. FDI માટે સુધારા કરાયા છે. અમે સોવરિન વેલ્થ અને પેન્શન ફંડ માટે અનુકુળ ટેક્સ વ્યવસ્થા બનાવી છે.

ભારતમાં શિક્ષણ, શ્રમ અને કૃષિ ક્ષેત્રમાં રિફોર્મ કરાયા છે. જેની અસર દરેક ભારતીય પર થશે. ભારતમાં બજારની સાથે સાથે માનસિકતામાં પણ ઝડપથી બદલાવ આવી રહ્યો છે. કંપની અધિનિયમ મુજબ અમે ઘણા પ્રાવધાનોને ડિરેગ્યુલરાઈઝ અને ડિક્રિમિનલાઈઝ કર્યા છે.

તેમણે કહ્યું કે શિક્ષણક્ષેત્રમાં થયેલા ફેરફારો આપણા યુવાનોને વધુ પ્રતિભાશાળી બનાવશે. ભારત અને કેનેડા દ્વિપક્ષીય સંબંધો આપણા લાકશાહીના મૂલ્યો અને ઘણા અરસપરસના હિતોના કારણે મજબૂત બન્યા છે.

# યુનિ. ઓફ આલ્બર્ટા સાથે સંકળાયેલા સંશોધકને મેડિસિનનું નોબેલ પ્રાઈઝ

આલ્બર્ટા : સ્વીડનની નોબેલ પ્રાઈઝ સમિતિ દ્વારા મેડિસિન (ફિઝિયોલોજી)ના નોબેલ પ્રાઈઝની જાહેરાત કરાઈહતી. અમેરિકી સંશોધકો હાર્વે એલ્ટર અને ચાર્લ્સ રાઈસ તથા બ્રિટિશ વિજ્ઞાની માઈકલ હ્યુટનને આ પ્રાઈઝ સંયુક્ત રીતે જાહેર થયું છે. એ ત્રણેયે મળીને લિવર કેન્સર તથા સોરાયસીસ નામની બિમારીના સર્જક હિપેટાઈટિસ સી વાઈરસની ઓળખ કરી આપી હતી. જેના કારણે આ જટીલ રોગનું નિદાન અને સારવાર શક્ય બન્યા છે. આ ત્રણેયે મળીને યકૃત (લિવર) પર થનારા સોઝા એટલે કે, હિપેટાઈટિસનું રહસ્ય ઉકેલ્યું હતું. સંશોધકો હિપેટાઈટિસ એ અને બી વાઈરસ અંગે જાણતા હતા. પરંતુ હિપેટાટિસીનો વાઈરસ તેમના માટે રહસ્યમય હતો. લોહીમાંથી સર્જાતા આ હિપેટાઈટિસને કારણે વર્ષે ૭૦ લાખ લોકો બિમાર પડે છે અને ચાર લાખના મોત થાય છે. આ સંશોધકોએ હિપેટાઈટિસ સીના વાઈરસની શોધ કર્યા પછી હવે તેની સારવાર શક્ય બની છે. ડૉક્ટરો લોહીનો ટેસ્ટ કરીને હિપેટાઈટિસ સી અંને જાણકારી પ્રાપ્ત કરી શકે છે, જે પહેલા શક્ય ન હતી. નોબેલ સમિતિએ નોધ્યુ છે કે, આ શોધને કારણે ઈતિહાસમાં પહેલી વખત આપણે હિપેટાઈટિસ સીથી થતા રોગની સારવાર કરી શકીએ છીએ. નોબેલ સમિતિ દ્વારા ત્રણેય સંશોધકોને મેડલ ઉપરાંત ૧૧.૧૮ લાખ ડૉલરનું ઈનામ અપાશે. જે ત્રણેય વચ્ચે સરખે ભાગે વહેંચી દેવાશે. હાર્વે ૭૫ વર્ષના છે અને અમેરિકાની નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ હેલ્થ સાથે સંકળાયેલા છે.

Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM


Rollz ICE CREAM
BEST TAWA ICE CREAM IN TORONTO
Flavours
• Roasted Pistachio
• Anjeer Baadam
• Rose and Pistachio
• Chickoo
• Bombay Kulfi
• Mava kulfi
• Guvava Chili
• Kaju Draksh
• Maharaja Paan
Waffles
• Chocolate nuts Waffle
• Strawberry cracker Waffle
• Classic Waffle

Fruit Flavors are Seasonal
Egg free waffles
NO EGGS NO GELATINE NO ALCOHOL
5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH
416-293-4006 rollzicecream.com
11 Harwood Ave S,Unit-104 Ajax, ON, L1S 2B9
AJAX & BRAMPTON LOCATION NOW OPEN
2760 NORTH PARK DR Unit 66 BRAMPTON, ON, L6S 0E9
blogTO SKIP the DISHES UBER eats

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Visitors Insurance
Travel Insurance
Super Visa Insurance
Protect Yourself, your family, investment & your valuable assets through
Life Insurance
Critical Illness Insurance
Disability Insurance
Make your investment plans, MEANINGFUL
TFSA Tax Free Saving Account
RESP Reg. Ed. Saving Plan
RRSP Reg. Retirement Saving Plans
GIF Guaranteed Investment Funds
Hiring new & experienced insurance advisor
• Better Commission package
• Weekly product training
• One on one basis support
• Full flexibility

Call today for a free no obligation quote
Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com







# કોરોનાએ ફરી માથું ઉંચક્યું: ૧૯૪૪ સંક્રમિત, ૧૩ના મોત

## કેનેડામાં એક્ટિવ કેસની સંખ્યા ૧૮૨૯૫: ૧૪૩ દર્દીઓની હાલત અત્યંત કટોકટ : ઓન્ટેરિયોમાં સ્થિતિ વણસી

ટોરોન્ટો : કેનેડામાં કોરોના વાયરસ ફરી એકવાર માથું ઉચકી રહ્યો હોય તેમ ગુરુવાર સાંજ સુધી વિતેલા ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં ૧૯૪૪ નાગરિકોને ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ થઈ હતી. જ્યારે આ જ સમયગાળા દરમિયાન ૧૩ દર્દી મોતને ભેટ્યા હતા. દેશમાં એક્ટિવ કેસોની સંખ્યા ૧૮૨૯૫ હોવા સાથે ૧૪૩ દર્દીઓની હાલત ગંભીર હોવાના અહેવાલો છે.

મળતી વિગતો મુજબ ગુરુવારે નવા ૧૯૪૪ દર્દી ઉમેરાતા દેશમાં કુલ કેસની સંખ્યા ૧૭૫૦૬૭ થઈ ગઈ હતી. દેશના ઓન્ટેરિયોમાં ૭૯૭ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૪ દર્દી મોતને ભેટ્યા હતા. ગુરુવારે ૬૯૫ દર્દીઓ સાજા થયા હતા. એજ રીતે ક્યુબેકમાં નવા ૧૦૭૮ કેસ મળવા સાથે નવ દર્દી મોતને ભેટ્યા હતા. મેનિટોબામાં નવા ૬૬ દર્દી, ન્યુ બ્રુન્સવીકમાં ત્રણ તેમજ સાશ્કેચ્વાનમાં વધુ ૧૮ નાગરિકોને કોરોના હોવાનું જાણવા મળ્યું હતું.

દેશમાં અત્યાર સુધીમાં કોરોનાની સારવાર લઈને ૧,૪૭,૨૧૮ દર્દીઓ સાજા થયા છે. જો કે આમ છતાં છેલ્લા પખવાડિયાથી કોરોનાનું સંક્રમણ ચિંતાજનક રીતે વધી રહ્યું હોવાથી તંત્રની દોડધામ વધી છે.

## કોવિડના બીજા તબક્કામાં સતર્કતા આવશ્યક

ઓટાવાઃ વૈશ્વિક મહામારીના સાત માસ થઈ ગયા બાદ તબીબી નિષ્ણાંતો હવે કોવિડ -૧૯ની સારવાર સારી રીતે કરી રહ્યા છે. તેમનું એવું માનવુ છે કે હવે મૃત્યુદર ઓછો થઈ રહ્યો છે છતાં કેનેડીયનો જો વધુ સતર્ક રહે તો વાઈરસના ફેલાવાને શિયાળાની સરખામણીમાં ઓછો કરી શકાશે. જો કે, ડોકટરો અને રાજકારણીઓ લોકોને સતત ચેતવણી આપી રહ્યા છે કે જો કેસોના વધારાને તરત નાથવામાં નહીં આવે તો પછી બાજી હાથમાંથી સરી જઈ શકે છે. મોન્ટ્રીયલની જયુઈશ જનરલ હોસ્પિટલના ઈન્ફેકશન ડીસીસ સ્પેશિયાલિસ્ટ ડો. મેથ્યુ ઓગટન કહે છે કે, કોવિડના બીજા દોરમાં મોટાભાગે યુવાનો વધુ સંક્રમિત થતા જોવા મળી રહ્યા છે. નેશનલ ડેટા મુજબ એપ્રિલ, મે અને જુનમાં કેનેડામાં નોંધાયેલા કુલ કેસના ૬૦ ટકા નોંધાયા હતા. પરંતુ મૃત્યુ પામનારાઓ પૈકી ૯૧ ટકા લોકો હતા. ત્યાર બાદના ત્રણ મહિનાઓમાં મૃત્યુનું પ્રમાણ ઘટીને ૩૪ ટકા થયું હતું. જે કુલ મૃત્યુદરના ૮ ટકા જેટલું જ હતું.' તેમ છતાં ડો.ઓગટન કહે છે કે જોખમ માત્ર ઓછું થયું છે નાબુદ નથી થયું.

યુવાનોમાં સંક્રમણનું પ્રમાણ વધી રહયું છે. વાઈરસનો કોમ્યુનીટી સ્પ્રેડ વધવાનું જોખમ પણ રહેલું છે. એટલે સિનીયર સિટીઝન્સ માટે ઘરની બહાર નિકળવું વધુ જોખમી રહેશે.

## ઓન્ટેરિયોમાં ટેકનિશિયનોની અછતને કારણે ટેસ્ટીંગમાં વિલંબ થાય છે : ફોર્ડ

- **શંકાસ્પદ ૬૮ હજારથી વધુ સેમ્પલના ટેસ્ટીંગ હજી બાકી, ખાનગી લેબ અને યુનિ.નો સંપર્ક સધાયો**

ટોરોન્ટોઃ પ્રિમીયર ડગ ફોર્ડે સોમવારે કહ્યું હતું કે, ઓન્ટેરિયોની લેબોરેટરીઓમાં ડાયગ્નોસ્ટીક ટેકનીશીયનોની તંગીને કારણે કોવિડ -૧૯ના ટેસ્ટીંગમાં વિલંબ થઈ રહ્યો છે. તેમણે કહ્યું હતું કે આમ તો વિશ્વભરમાં ટેકનીશીયનોની તંગી છે તેમજ દવાઓ પણ પુરતી ન હોવાથી કોવિડ -૧૯ની સારવારમાં મુશ્કેલીઓ આવી રહી છે.

સરકાર સતત યુનિવસીટીઓ અને ખાનગી લેબોરેટરીનો સંપર્ક સાધીને ટેસ્ટીંગ ક્ષમતા વધારવા આગ્રહ કરી રહી છે.

ઓન્ટેરિયોમાં જ સોમવાર સુધીમાં હજુ ૬૮૦૦૦ ટેસ્ટ બાકી છે. અમે એને પૂર્ણ કરવા સતત પ્રયાસો કરી રહ્યા છે. આ ચર્ચા ત્યારે સામે આવી હતી જયારે ઓન્ટેરિયોએ ટેસ્ટીંગ માટેની ગાઈડલાઈનમાં ગયા અઠવાડિયે ફેરફાર કર્યો હતો. અને જેમનામાં કોવિડ -૧૯ના લક્ષણો જણાય તેમણે જ ટેસ્ટીંગ કરાવવા જણાવ્યું હતું. નવી ગાઈડલાઈન મુજબ એસેસમેન્ટ સેન્ટરોમાં હવે સીધા આવનારા લોકોના ટેસ્ટ થશે નહીં. મંગળવારથી માત્ર એપોઈન્ટમેન્ટ હોય તેમના જ ટેસ્ટ થશે.

## ઓન્ટેરિયોના શંકાસ્પદ સેમ્પલોનું ૪૦૦૦ કિ.મી. દૂર થતું પરિક્ષણ

ટોરન્ટોઃ ઓન્ટેરિયોની સરકારે એ વાતની પુષ્ટી કરી હતી કે, તેમણે કોવિડ -૧૯ના ટેસ્ટીંગના સેમ્પલ્સ અમેરિકા મોકલવા પડશે. કેમ કે પ્રાંતની લેબોરેટરીઓમાં ટેસ્ટીંગનો ભરાવો થઈ ગયો હતો. આરોગ્ય વિભાગના પ્રવકતાએ આ જાહેરાત પ્રિમીયર ડગ ફોર્ડના એવા નિવેદનના બીજા દિવસે કરી હતી. જેમાં તેમણે કહ્યું હતુ કે, હવે બીજા તબક્કામાં પ્રાંતમાં કોવિડ -૧૯ના ટેસ્ટીંગની લીમીટ પુરી થઈ ગઈ છે. ઓન્ટેરિયોની કોવિડ-૧૯ સામેની લડાઈમાં ટેસ્ટીંગ મહત્વનું હતું.

પ્રવકતાએ કહ્યું હતું કે, ઓન્ટેરિયોવાસીઓ એવી અપેક્ષાા રાખે છે કે ઝડપથી બધા કેસોની તપાસ થઈ જાય અને ફેલાવાને કાબુમાં લઈ શકાય. જેને માટે કવેસ્ટ ડાયગ્નોસ્ટીકસ જેવા થર્ડ પાટી પ્રોવાઈડર્સની મદદ લઈ ટેસ્ટીંગના ટાર્ગેટને ઝડપથી પુરા કરવા પડશે. ન્યુ જસી સ્થિત કવેસ્ટ ડાયગ્નોસ્ટીકસ અમેરીકાની સૌથી મોટી ટેસ્ટીંગ ચેન છે અને પોતાની શાખાઓ મેકિસકો, આયરલેન્ડ અને ભારતમાં ધરાવે છે. કેનેડામાં એમની કોઈ શાખા નથી. મીડિયાને મોકલેલા ઈમેઈલમા્ કંપનીએ તેમની પાસે ઓન્ટેરિયોથી ટેસ્ટીંગ સેમ્પલ્સ આવ્યા હોવાની પુષ્ટી કરી હતી. જેમાં કેલિફોર્નિયાના સાન જુઆન કેપીસ્ટ્રાનોની લેબ.માં ૪૦૦૦ કી.મી. દૂરથી આવેલા સેમ્પલનો પણ સમાવેશ થાય છે.

# બિહારમાં ભાજપના બંને હાથમાં લાડુ : એલજેપીને ફાયદાની આશા

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કોરોનાનો કેર દેશમાં હજી યથાવત છે ત્યાં બીજી તરફ ચૂંટણી પંચે બિહાર વિધાનસભાની ચૂંટણી માટે જાહેરાત કરી દીધી છે. આ સાથે જ રાજકીય પક્ષો પણ ચૂંટણીમાં ઝંપલાવવા તૈયારીમાં જોતરાયા છે. મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણી થઈ ગઈ છે. મહાગઠબંધનમાં આરજેડી, કોંગ્રેસ, સીપીઆઈ (માલે), સીપીઆઈ, સીપીએમ અને વીઆઈપી જેવા પક્ષો સામેલ છે. આરજેડી ૧૪૪ બેઠક ઉપરથી તો કોંગ્રેસ ૭૦ બેઠક પરથી ચૂંટણી લડશે. ડાબેરીઓના ફાળે ૨૯ બેઠક ગઈ છે. વર્ષ ૨૦૧૫ની વિધાનસભાની ચૂંટણીમાં આરજેડી ૧૦૧, જેડીયૂ ૧૦૧ અને કોંગ્રેસ ૪૧ બેઠકો પર ચૂંટણી લડયાં હતાં. એ વખતે જેડીયૂ મહાગઠબંધનનો ભાગ હતી. પરંતુ હવે તે ફરી જૂના સહયોગી ભાજપ સાથે છે. બિહારમાં એનડીએ નીતીશ કુમારના નેતૃત્ત્વ હેઠળ ચૂંટણી લડી રહ્યો છે. મહાગઠબંધનમાં પણ બેઠકોની ફાળવણીને લઈને ભારે માથાકૂટ થઈ હતી. જો કે, હવે બેઠકો જાહેર થયા બાદ સ્પષ્ટ બન્યું છે કે, કોંગ્રેસની ઘણી ખરી માંગ સ્વીકારી લેવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં મહાગઠબંધનને મોટો વિજય મળ્યો હતો. ૨૪૩ બેઠકોવાળી બિહાર વિધાનસભામાં મહાગઠબંધનને ૧૭૮ બેઠકો મળી હતી. નીતીશ કુમાર બિહારના મુખ્યમંત્રી બન્યાં હતાં. પરંતુ ચૂંટણીના બે વર્ષ બાદ જ નીતીશ કુમારે મહાગઠબંધનથી અલગ થઈને ભાજપ સાથે હાથ મિલાવી લીધાં હતાં. ત્રણ વર્ષ પહેલા લાલુપ્રસાદ એન્ડ ફેમિલી ઉપરના ભ્રષ્ટાચારના આરોપોના પગલે નીતીશ કુમાર આરજેડી અને કોંગ્રેસ સાથેના મહાગઠબંધનથી છેડો ફાડીને ભાજપના સહયોગથી રાજ્યમાં ફરી વખત મુખ્યમંત્રીપદે બિરાજ્યાં ત્યારે ઘણાં લોકોએ તેમના આ પગલાને બિરદાવ્યું હતું. જોકે એ પછી તેમના ભાજપ સાથેના સંબંધો ખાટાંમીઠાં રહ્યાં છે. નીતીશ કુમાર સુપેરે જાણે છે કે અડવાણી-વાજપેયીના ભાજપ કરતા મોદી-શાહના ભાજપમાં જમીન આસમાનનું અંતર છે. રાજ્યમાં વધી રહેલા સાંપ્રદાયિક તણાવ વચ્ચે ભાજપ સાથેનું ગઠબંધન પણ વધારે સમય ટકાવવું તેમની રાજકીય કારકિર્દી માટે ઘાતક સાબિત થઈ શકે છે.આવા સંજોગોમાં બિહારમાં અંતે પાસવાનની લોકશક્તિ જન પાર્ટી (એલજેપી) અને નીતીશ કુમારની જનતા દળ યુનાઈટેડ (જેડીયુ)ની ફારગતિ થઈ ગઈ છે. રામવિલાસ પાસવાનનું ગુરુવારે નિધન થયું હતુ. તે પહેલા તબિયત ખરાબ હોવાથી હોસ્પિટલમાં દાખલ હતા. તેથી પાર્ટીની બાગદોર તેમના દીકરા ચિરાગ પાસવાનને સોંપી હતી. ચિરાગ પાસવાને લાંબા સમયથી નીતીશ કુમાર સામે મોરચો માંડ્યો છે. પાસવાને નોખો ચોકો ચાતર્યો તેમાં ભાજપના બેઉ હાથમાં લાડુ છે. બિહારમાં ભાજપ, જેડીયુ અને એલજેપી સાથે હોય ત્યાં સુધી ભાજપનો કોઈ નેતા મુખ્યમંત્રીપદે બેસે એ શક્ય જ નહોતું. ભાજપે બિહારમાં સત્તાથી દૂર ના રહેવું પડે એટલે અગાઉ નીતીશ કુમારની પાલખી ઊંચકવાનું નક્કી કર્યું હતુ. એ સાથે જ ભાજપે તાસકમાં ધરીને મુખ્યમંત્રીપદ નીતીશને આપી દીધુ હતુ. હવે બિહારમાં જ્યાં સુધી નીતીશ છે ત્યાં સુધી ભાજપ મુખ્યમંત્રીપદ માગી શકે તેમ નથી. તેથી પાસવાનની બગાવત ભાજપ માટે એક પગ દહીંમાં અને બીજો પગ દૂધમાં જેવી હાલત છે. એલજેપી ભાજપ-જેડીયુ સાથે નથી ત્યારે ભાજપ માટે પોતાનો મુખ્યમંત્રી બેસાડવાની ઉજળી તક છે. બલ્કે પાસાં સરખા પડે તો ભાજપ આ ચૂંટણી પછી જ પોતાનો મુખ્યમંત્રી બેસાડી શકે એવી સ્થિતિ સર્જાઈ શકે છે.

ચિરાગ પાસવાને તેની એલજેપીને આ ચૂંટણીમાં અલાયદી પાર્ટી તરીકે ઝંપલાવવા તેયારી કરી છે. તેથી હવે એનડીએમાં ભાજપ-જેડીયુ અને જીતનરામ માંઝીની હિંદુસ્તાન અવામ મોરચા (હમ) એ ત્રણ પાર્ટી બચી છે. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકો છે. માંઝી ૨૫ બેઠકોના ઘરાક છે એ જોતાં ભાજપ-જેડીયુ ૧૧૦ની આસપાસ બેઠકો પર ચૂંટણી લડે એવો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. અંતિમ ગોઠવણમાં બે-ચાર બેઠકો આઘીપાછી થાય પણ ઝાઝો ફરક નહીં પડે.

બિહારમાં નીતીશકુમાર, એલજેપી અને ઉપેન્દ્ર કુશવાહા સાથે મળીને જે સમીકરણ રચે છે એમાં બિનયાદવ ઓબીસી અને મહાદલિતો મળીને ૩૮ ટકા વોટબેંક બની જાય છે. નીતીશકુમારને બિહારમાં કુર્મી અને કોયરી જાતિઓના પ્રતિનિધિ તરીકે જોવામાં આવે છે. પરંતુ ઉપેન્દ્ર કુશવાહા કોયરી વોટબેંકમાં ભાગ પડાવી ચૂક્યા છે. જો કુશવાહા નીતીશકુમાર સાથે આવી જાય તો તેઓ વધારે મજબૂત બની શકે એમ છે. આમ તો આ ત્રણેય નેતાઓમાં વિવાદ પણ ઓછા નથી રહ્યાં. બિહારની ગત વિધાનસભા ચૂંટણી અગાઉ નીતીશકુમારે માસ્ટર સ્ટ્રોક રમતા દલિતોમાં પણ મહાદલિતની જાહેરાત કરી હતી ત્યારે રામવિલાસ પાસવાને તેનો વિરોધ કર્યો હતો. મહાદલિત આયોગની ભલામણો ઉપર ૨૨ દલિત જાતિઓમાંથી ધોબી, મુસહર, નટ, ડોમ સહિતની ૧૮ જાતિઓને મહાદલિતનો દરજ્જો આપવામાં આવ્યો હતો. દલિતોમાં આ જાતિઓની વસતી લગભગ ૧૩ ટકા જેટલી છે. વળી ચમાર અને પાસી જાતિઓને પણ તેમાં સમાવી લેવામાં આવી હતી. હવે માત્ર પાસવાન જાતિ જ મહાદલિતની બહાર છે જેને જે એલજેપીની વોટબેંક ગણવામાં આવે છે. ઉપેન્દ્ર કુશવાહા કોઈરી સમુદાયમાંથી આવે છે. બિહારમાં આ સમુદાયના લગભગ ત્રણ ટકા વોટ છે. જ્યારે આરજેડીની વોટબેંક યાદવ અને મુસ્લિમ છે. બિહારની કુલ વસતીમાં ૧૬ ટકા મુસ્લિમ અને ૧૪.૪ ટકા યાદવ વસતી છે. આ ઉપરાંત દલિત અને પછાત વર્ગોમાં પણ લાલુપ્રસાદ યાદવની પહોંચ સારી છે. એક સમયે નીતીશ કુમારના નિકટના વર્તુળમાં રહી ચૂકેલા કુશવાહાએ ૨૦૧૩માં રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીની રચના કરી હતી. જોકે નીતીશ કુમાર ફરી વખત એનડીએમાં જોડાયા ત્યારે કુશવાહાને ગમ્યું નહોતું. એનડીએમાં પોતાનું મહત્ત્વ જળવાઈ રહે એ માટે કુશવાહાએ અવારનવાર નિવેદનો આપીને ભાજપને ચેતવણી આપવાનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ નીતીશ કુમાર સામે ગજ ન વાગતા છેવટે કુશવાહા એનડીએ છોડીને મહાગઠબંધનમાં જોડાયા હતાં. જોકે લોકસભાની ચૂંટણી પૂરી થયે એક વર્ષ થયું છે ત્યાં જ તેમનો મહાગઠબંધનથી પણ મોહભંગ થઈ ચૂક્યો છે. બીજી તરફ પાસવાનની એલજેપીએ એનડીએથી અલગ થઈને તમામ બેઠક પર ઉમેદવાર ઉતારવા જાહેરાત કરી છે. જો કે, એલજેપી જેડીયુથી નારાજ છે. પણ ભાજપની સાથે તો છે જ. તેથી એ ભાજપ સામે પોતાના ઉમેદવારો ઊભા નહીં રાખે તેવા સમીકરણ હાલ છે. તેના કારણે ભાજપની સ્થિતિ મજબૂત થશે. કેમ કે ભાજપે માત્ર આરજેડી-કોંગ્રેસના મોરચા સામે જ લડવાનું છે. જ્યારે હમ-જેડીયુએ આરજેડી-કોંગ્રેસ ઉપરાંત એલજેપી સામે પણ લડવાનું છે. તેમના માટે ત્રિપાંખિયો જંગ છે. આવા સંજોગોમાં ગુરુવારે રામવિલાસ પાસવાનનું નિધન થતાં એલજેપીને આ ચૂંટણીમાં સહાનુભૂતિ મળવાની શક્યતા વધી છે. જેથી એલજેપીને ફાયદો થાય તેવા સંજોગો છે. ભાજપ માટે આ મોટો ફાયદો છે અને તેનો લાભ લઈને ભાજપ ૮૦ જેટલી બેઠકો જીતવાની આશા રાખે છે. આ આશા વધારે પડતી પણ નથી. ૨૦૧૫ની ચૂંટણીમાં નીતીશ-લાલુ એક થઈને ભાજપ સામે લડેલા ત્યારે પણ ભાજપે ૫૪ બેઠકો જીતી હતી. એ વખતે માંઝી, પાસવાન અને કુશવાહા તેની સાથે હતા. હવે નીતીશ તેની સાથે છે ત્યારે હવે એલજેપી ૪૫ બેઠકો જીતે તો ભાજપ-એલજેપી બંને સાથે મળીને સરકાર રચી શકે અને નીતીશે ઘૂઘરો વગાડતા બેસી રહેવું પડે. રાજકારણમાં જેની સાથે મળીને ચૂંટણી લડ્યા હો તેને લટકાવી દેવાની વાત નવી નથી અને ભાજપ તો આ બધા દાવપેચમાં પાવરધો છે.

manoj1968@yahoo.ca




Beautiful & Bright 1 Br Suite In Senses Condominium Situated In Vibrant & Revitalized Kerr St Village, Heart Of Oakville, It Has Modern Finishes Like Laminate Flooring, Contemporary Kitchen Cabinets, Granite Countertop, Glass Backsplash, Beutral Decor, One Parking & Storage Locker Included, Near To Transit, Shopping, Hwys & Oakville Go.
OAKVILLE



Location..Location..Location....Welcome To The Well Maintained 3 Bedroom Home In High Demand Great Lakes-Trinity Mall Area.Freshly Painted House With Newly Installed Laminate Floors Throughout.Roof(2017),Close To All Amenities Such As Gurudwara ,Public Transit,School ,Parks And Trinity Mall...
BRAMPTON



Welcome To The 60 X 120 Lot Size, Stunning Renovated Detached Raised Bungalow With 3+3 Large Bedrooms ,3 Full Washrooms. 3 Bedroom Finished Basement/Separate Entrance With Huge Leaving Room.Close To The Bramalea Shopping Center Mall,Schools,Bus Stop,Parks,Library And Minutes From Hwy 410 And Much More..A Must See Home.
BRAMPTON



Come & Check Out This Fully Detached Gorgeous & Delightful Home! Double Car Garage Corner Lot. Finished Basement. Professionally Decorated. Combined Living/Dining With Sep Family Room With Fireplace. Master With 5Pc Ensuite As Well As Walk Out To Balcony, Lots Of Pot Lighting Throughout-Inside. Good Size Backyard. Fully Fenced Yard.
BRAMPTON

RE/MAX
REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED



JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com
Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૫૨૦-૨૯૨૨

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Quarantine Special Package**

**$50 Per Day**



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# ટોરોન્ટો-વાનકુંવરમાં મકાનોના ભાડામાં થઈ રહેલો ઘટાડો

## કોરોનાને કારણે ઓનલાઈન શિક્ષણ ઉપરાંત વિદેશીઓની સંખ્યા ઘટતાં મકાનની જરૂરિયાત પણ ઘટી,

**● અન્ય પ્રાંતથી વિપરીત બ્રિટીશ કોલંબિયાના એબોસ્ટફોર્ડ અને વિકટોરીયામાં મકાન ભાડામાં ૧૫ ટકાનો વધારો**



ઓન્ટેરિયો : કોવિડ -૧૯ની મહામારીને કારણે લોકો જયાં કામ મળતું હોય ત્યાં રહેવા ગયા હોવાથી આવનારા વર્ષો કેનેડાના મોટા શહેરોના મકાન માલિકો માટે કપરાં બને એવી શકયતા છે. તેમ છતાં બીજાક્રમના લાંબા સમયથી મુશ્કેલીઓનો સામનો કરી રહેલા શહેરોમાં મકાન ભાડે આપનારાઓને સારી ડીલ મળવાની પણ શકયતાઓ જોવા મળી રહી છે.

કેનેડાના મોટા શહેરોમાં ભાડાનો દર ઘટી રહ્યો હતો. કેમ કે, હજારો કેનેડીયનો ઘરેથી કામ કરતા હતા અને વિદ્યાથીઓ પણ ઓનલાઈન શિક્ષણ મેળવતા હતા. જેને કારણે કેનેડામાં આવનારા વિદેશીઓનું પ્રમાણ પણ ઓછું થઈ રહયું હતું. જેથી ભાડાના મકાનોની જરૂરીયાત ઓછી થઈ ગઈ હતી. ટોરોન્ટો અને વાનકુંવરમાં મહામારી શરૂ થઈ એ મહિનાથી જ મકાનોના ભાડા ઓછા થઈ રહ્યા હતા. હવે એ દોર નોર્થ અમેરિકાના શહેરોમાં પણ જોવા મળી રહ્યો છે. અમેરિકાની એપાર્ટમેન્ટ રેન્ટલ સાઈટ ઝમ્પર અને એની કેનેડીયન બ્રાંડ પેડમેપરના અહેવાલ મુજબ ઉત્તર અમેરિકન ભાડાઓ મુજબ વાનકુંવરે બીજા ક્રમનો ઘટાડો દર્શાવ્યો છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૧૪.૧ ટકા જેટલો એટલે કે ૨૭૫૦ યુએસ ડોલર જેટલો છે. માત્ર સાન ફ્રાન્સિસ્કો જ ખંડનું સૌથી મોંઘુ શહેર ગણાય છે. ત્યાં પણ મકાન ભાડામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. જે અંદાજે ૨૦ ટકા એટલે કે ૩૮૦૦ યુએસ ડોલર જેટલો છે. ટોરોન્ટો ત્રીજા ક્રમે છે જયાં ૧૨ ટકા જેટલો ઘટાડો બે બેડરૂમના મકાનના ભાડામાં જોવા મળ્યો છે. જે ૨૬૩૦ યુએસ ડોલર જેટલો છે. જયારે મોન્ટ્રીયલમાં માત્ર ૨.૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. જે અંદાજે ૧૭૫૦ યુએસ ડોલર જેટલો છે. બીજી તરફ બ્રિટીશ કોલંબિયાના એબોસ્ટફોર્ડ અને વિકટોરીયા જેવા શહેરોમાં મકાન ભાડામાં ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ટોરોન્ટો, બેરી અને ઓટાવામાં પણ લગભગ ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.










# ગુજરાતમાં વણથંભ્યો કોરોનાઃ ૧૨૭૮ નવા કેસ, ૧૦ દર્દીઓએ દમ તોડ્યો

**• અત્યાર સુધીમાં ૧૨૭૯૨૩ લોકો ડિસ્ચાર્જ, ૩૫૪૧ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૪૮૭**



ગાંધીનગર : રાજ્યમાં ગુરુવારે સાંજ સુધીમાં ૨૪ કલાકમાં કોરોના ૫૨૪૬૫ ટેસ્ટ કરવામાં આવતા ૧૨૭૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧૪૭૯૫૧ થયો છે. રાજ્યમાં આજે ૧૦ ના મોત નોંધાયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૫૪૧ થયો છે. રાજ્યમાં આજે ૧૨૬૬ દર્દી સાજા થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૧૨૭૯૨૩ થયો છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસ ૧૬૪૮૭ થયો છે. જેમાં ૮૧ વેન્ટીલેટર પર અને ૧૬૪૦૬ સ્ટેબલ છે. રાજ્યમાં બહુ દિવસો બાદ કોરોનાના કેસ ૧૨૦૦ને પર ગયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૫,૯૯,૧૦૧ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૯૮,૬૯૪ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૪૦૭ વ્યક્તિ ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે. સાજા થવાનો દર ૮૬.૪૬ ટકા છે. જ્યારે કુલ ૪૮૫૮૫૦૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૦ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૧ અને જિલ્લામાં ૧, અમરેલીમાં ૧, બનાસકાંઠામાં ૧, ગીર સોમનાથમાં ૧, પાટણમાં ૧ અને તાપીમાં ૧ મૃત્યુ કોરોનાનાં કારણે નોંધાયું છે. અમદાવાદ શહેરમાં ૧૬૯ અને જિલ્લામાં ૨૬ સાથે ૧૯૫ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૮૩૮૧ થયો છે. આજે અમદાવાદમાં ૩ મોત નોંધાતા ૧૮૩૯ કુલ મોત નોંધાયા છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૯૪ સાથે ૨૭૦ કોરોનાના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૧૪૦૨ થયો છે. આજે સુરતમાં ૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક સુરતમાં ૭૯૮ થયો છે.વડોદરા શહેરમાં આજે ૮૨ અને જિલ્લામાં ૪૨ સાથે ૧૨૪ કેસ કોરોનાના આજે નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૩ હજારને પાર થઈ ૧૩૧૦૭ થયો છે.

# હવેથી ગુજરાતની ખાનગી લેબોરેટરી પણ રેપિડ એન્ટિબોડી ટેસ્ટ કરી શકશે



ગાંધીનગર : ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દવારા ખાનગી લેબોરેટરીઓને પણ રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવાની મંજૂરી અપાઈ છે. પ્રતિ દર્દી ૪૫૦થી ૫૦૦નો ચાર્જ લેવાની છૂટ અપાઈ છે. જે લેબોરેટરી આનાથી વધુ ચાર્જ વસુલશે તો તેમની માન્યતા પણ આપોઆપ જ રદ થઈ જશે.

આરોગ્ય કમિશનરની કચેરી દવારા આ સંદર્ભમાં કરાયેલી સત્તાવાર જાહેરાતમાં જણાવાયુ છે કે વિવિધ ખાનગી લેબોરેટરીઓએ સરકાર પાસે રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવા માટે મંજૂરી આપવાની માગણી કરાઈ હતી. જેથી કેટલીક શરતોને આધિન તેમજ ચોક્કસ યોગ્યતા ધરાવતી ખાનગી લેબોરેટરીઓને રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવાની મંજૂરી અપાઈ છે. જે મુજબ લેબમાં એમડી પેથોલોજીસ્ટ કે એમડી માઈક્રો બાયોલોજીસ્ટ ફરજીયાત ઉપલબ્ધ હોવી જોઈએ.

લેબોરેટરીએ જે તે જિલ્લા કે કોર્પોરેશનના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પાસેથી મંજૂરી મેળવવાની રહેશે. જેમને અગાઉ આરટીપીસીઆર ટેસ્ટની મંજૂરી મળી હોય તેને પણ રેપિડ એન્ટીબોડી ટેસ્ટની મંજૂરી મેળવવાની રહેશે. લેબોરેટરીઓએ રોજે રોજ કરેલા ટેસ્ટની સંપૂર્ણ વિગતો તંત્રને મોકલવાની રહેશે. આ માહિતી અન્ય કોઈ પણ સંસ્થાને આપવાની નથી. ટેસ્ટ માટે આઈસીએમઆર માન્યતા પ્રાપ્ત ELISA કે GJA રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કીટ વાપરવાની રહેશે. ELISA ફોર એન્ટીબોડી ટેસ્ટ જો દર્દી લેબમાં કરાવે તો રૂ.૪૫૦ અને GJA ફોર એન્ટીબોડી ટેસ્ટ કરાવે તો રૂ.૫૦૦નો ચાર્જ લેવાનો રહેશે. જો લેબના ટેકનિશિયનો દર્દીની ઘરે કે હોસ્પિટલમાં જઈને ટેસ્ટ કરાવે તો પ્રથમ ટેસ્ટ માટે રૂ ૫૫૦ અને બીજા ટેસ્ટ માટે ૬૦૦નો ચાર્જ લેવાનો રહેશે. આ દરમાં તમામ પ્રકારના ચાર્જનો સમાવેશ થાય છે. જેનાથી વધુ ચાર્જ લઈ શકાશે નહીં.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# આદેશ છતાં માસ્ક નહી પહેરનારા લોકો પાસેથી રૂપિયા ૬૦ કરોડ દંડ વસૂલાયો

**• અમદાવાદમાં પોલીસ રોજ માસ્ક વગર નીકળતાં ૨૦૦૦ લોકો પાસે ૨૦ લાખ રુપિયા દંડ વસૂલે છે**

અમદાવાદ : કોરોનાએ પ્રજાજનો પર દંડનો વધુ એક કોરડો વિંઝાયો છે. દસ રુપિયામાં વેચાતો માસ્ક નહીં પહેરીને ગુજરાતના નાગરિકોએ ૬૦ કરોડનો દંડ ત્રણ મહિના દરમિયાન સરકારમાં ભરપાઈ કર્યો છે. ૧ જુલાઈથી કોરોનાના નિયમોનો ભંગ કરનાર નાગરિકો સામે કડક દંડ વસુલાત કરવામાં આવી રહી છે. ૧ જુલાઈથી આજે દંડ વસૂલાતના ૧૦૦ દિવસ થઈ રહ્યાં છે.

આવા તબક્કે ગુજરાતમાં માસ્ક નહીં પહેરવા અને જાહેરમાં થૂંકવા માટે દંડપેટે ૬૦ કરોડ રુપિયા વસૂલી લેવામાં આવ્યાં છે. અમદાવાદ શહેરમાં પોલીસ દરરોજ માસ્ક વગર નીકળતાં કે જાહેરમાં થૂંકતાં ૨૦૦૦થી લોકો પાસેથી ૨૦ લાખ રુપિયાથી વધુ દંડ વસૂલે છે. આ રીતે ગણતાં શહેર પોલીસ દર મહિને માસ્ક નહીં પહેરતાં અને જાહેરમાં થૂંકનાર લોકો પાસેથી ત્રણ મહિનામાં ૧૮ કરોડ રુપિયા વસૂલી ચૂકી છે.

કોરોના સામેની લડાઈ લડી રહેલાં પ્રજાજનોએ દંડ વસૂલાતનો સામનો પણ કરવો પડી રહ્યો છે. જાહેરમાં નીકળતાં નાગરિકો માટે માસ્ક પહેરવું ફરજીયાત છે. એ જ રીતે લોકો જાહેરમાં થૂંકી શકતાં નથી. તા. ૧ જુલાઈથી માસ્ક નહીં પહેરનાર કે જાહેરમાં થૂંકનાર વ્યક્તિ પાસેથી દંડ વસૂલાત શરુ કરવામાં આવી છે. દંડ વસૂલાતને આવતીકાલ તા. ૮ના રોજ ૧૦૦ દિવસ થઈ રહ્યાં છે. ૧૦૦ દિવસમાં ગુજરાતમાં માસ્ક નહીં પહેરતાં કે જાહેરમાં થૂંકતા નાગરિકો પાસેથી ૬૦ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે.

# માસ્ક વગર ફરતા, રેલી કરનારા નેતા પાસે સરકાર દંડ વસૂલે: HC

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે સુઓમોટો કરીને જાહેરહિતની અરજીના આધારે આવા બેજવાબદાર રાજકીય નેતાઓ સામે કડક કાર્યવાહી અને આકરો દંડ વસૂલવા માટે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો છે.

કોરોના મહામારી અંગે ગુજરાત હાઈ કોર્ટે સુઓમોટો જાહેરહિતની અરજીની સુનાવણી દરમિયાન માસ્ક વિના ફરતા લોકો વિશેના અખબારી અહેવાલો અને રાજકીય રેલીઓમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ કરી મોટી સંખ્યામાં લોકો બહાર નીકળી રહ્યા હોવાને મામલે ચિંતા વ્યક્ત કરી હતી. આ સંદર્ભમાં ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ જે. બી. પારડીવાલાની ખંડપીઠે સરકારી વકીલને આ મામલે કડક કાર્યવાહી કરવા ટકોર કરી હતી. ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ જે. બી. પારડીવાલાની બેન્ચે કહ્યું, અનલોક બાદ લોકો બેફામ બની ગયા. રાજકીય નેતાઓ પણ રેલી-સરઘસ કાઢી રહ્યાં છે. રેલીઓ યોજનારા નેતાઓ સામે રાજ્ય સરકારે કેમ કોઈ પગલાં નથી લીધાં? હાઈ કોર્ટે સરકારને એવા સવાલો પણ કર્યા હતા કે, કેમ સરકારે કાર્યવાહી ન કરી. રાજકીય નેતાઓ પણ બિનધાસ્ત રેલી અને સરઘસ કાઢી રહ્યા છે.

## કોરોનાએ વડોદરાના 3 સહિત દેશભરમાં ૫૧૫ ડોક્ટરોનો ભોગ લીધો

વડોદરા : માનવજાતને બચાવવા માટે કોરોના સામેના યુદ્ધમાં આગલી હરોળના યોધ્ધાઓ એવા ડોક્ટરો પણ કોરોનાનો ભોગ બની રહ્યા છે. ભારતમાં માર્ચ મહિનામાં કોરોનાની એન્ટ્રી થઇ ત્યારથી આજ સુધીના સમયમાં દેશભરમાં ૫૧૫ ડોક્ટરો કોરોનાનો ભોગ બન્યા છે. આ ૫૧૫ શહીદોમાં વડોદરાના 3 ડોક્ટરો ડો.અમીત શાહ, ડો.વિશાલ ગુપ્તા, ડો.એલ.એન. ચૌહાણનો પણ સમાવેશ થાય છે. ૫૧૫માંથી ૨3 મહિલા ડોક્ટરો અને ૪૯૨ પુરૂષ ડોક્ટરો હતા. તો આ સમયગાળા દરમિયાન ૨,૪૫3 ડોક્ટરો કોરોના સંક્રમિત પણ બન્યા હતા. જ્યારે અમુક કોરોના સંક્રમિત બન્યા બાદ સ્વસ્થ થયા બાદ કોરોના સામેની લડાઇમાં ફરજ પર જોડાઇ ગયા છે.

## સૌરાષ્ટ્રમાં કોરોનાના ૪૦૫ નવા કેસ નોંધાયા, ૨૮ લોકોના મોત

રાજકોટ : બુધવારે રાજકોટમાં ૧૧, પોરબંદરના ૧ અને જામનગરમાં ૧૬ કોરોના દર્દીઓએ બુધવારે અંતિમ શ્વાસ લીધા હતા. એક જ દિવસમાં ૪૦૫ કેસનો ઉમેરો થયો હતો. સૌરાષ્ટ્રમાં કેસોની સંખ્યા 33૪૭૯ થઇ ગઇ છે. અલબત્ત, રાજકોટ શહેર–જિલ્લામાં ૧૦૧૭૪માંથી ૮૭૫૯, જામનગરમાં ૬૬33 માંથી ૬૧૯3, ભાવનગર ૪3૬૫ પૈકી 3૯૪૧, જૂનાગઢ ૨૯૮૦માંથી ૨૬૧૯, અમરેલી ૨૨૯૫માંથી ૧૮૦૯, સુરેન્દ્રનગરમાં ૧૯૦૧માંથી ૧૫૧૧, મોરબી ૧૭૭૭ પૈકી ૧૫૨૯, ગીર સોમનાથ ૧૪૮૮ માંથી ૧33૧, બોટાદ ૭૬૫માંથી ૬૫૫, પોરબંદરમાં ૪૯૬ પૈકી ૪૭૦ દર્દી સ્વસ્થ બન્યાનું સરકારી ચોપડે નોંધાયું છે.

## અરવલ્લીમાં કોરોનાના ચાર કેસ, જિલ્લા ભાજપના મંત્રીનું મોત

મોડાસા : અરવલ્લી જિલ્લા ભાજપાના મંત્રી અને અડાઆઠમ પ્રજાપતિ સમાજ શામળાજીના પ્રમુખ એવા પાલ્લા હાઈસ્કુલના પ્રિન્સીપાલનું કોરોના સંક્રમણને લઈ અમદાવાદ ખાતે સારવાર દરમ્યાન મોત નીપજતાં પરીવારજનો, ગ્રામજનો અને પક્ષના કાર્યકરોમાં શોક છવાયો હતો. જયારે પ્રદેશ ભાજપ પ્રમુખના જિલ્લા પ્રવાસ દરમ્યાન સતત સક્રિય રહેલા અને ત્યારબાદ કોવીડ–૧૯ બીમારીમાં સપડાયેલ આ અગ્રણીના મોતથી જિલ્લા ભાજપાના કાર્યકરોમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણને લઈ ધનસુરા તાલુકાના વધુ ૪ જણા કોરોનાગ્રસ્ત અને જિલ્લામાં કુલ પોઝીટીવ આંક ૫૧૯ એ પહોંચ્યો હતો.

## ઉત્તર ગુજરાતમાં વધુ ૪૫ દર્દી, મહેસાણામાં 3૨૯ એક્ટિવ કેસ

મહેસાણા : ઉત્તર ગુજરાતમાં કોરોનાનો ગ્રાફ દીન પ્રતિદિન ઉપરને ઉપર જઇ રહ્યો છે. બુધવારે વધુ ૪૫ દર્દીઓ કોરોના સંક્રમિત નોંધાયા હતા. જેમાં મહેસાણા 3૦, પાટણ ૬ અને બનાસકાંઠામાં ૯ દર્દીઓનો સમાવેશ થાય છે.સતત વધી રહેલા કોરોના દર્દીઓની સંખ્યાને લઇ આરોગ્ય વિભાગ સહિત જિલ્લા વહિવટી તંત્ર ચિંતીત બન્યુ છે. બનાસકાંઠા જિલ્લામાં લોકડાઉનમાં મળેલી કેટલીક છૂટછાટનો લોકો દુરુપયોગ કરી તેમજ માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સ જાળવવામાં લાપરવાહી દાખવવામાં આવતી હોય છે. જેથી રોજેરોજ કોરોના પોઝીટીવ કેસોમાં સતત વૃદ્ધિ થઈ રહી છે.

## સાબરકાંઠામાં કોરોનાના કેસ ૧ હજારને પાર, હજુ ૯૧ એક્ટિવ કેસ

અમદાવાદ : સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે કોરોના પોઝિટિવનો આંક ૧૦૦૦ પાર કરીને ૧૦૦૭ પર પહોચી ગયો છે ત્યારે હિંમતનગરમાં નવા ચાર કેસ સહિત જિલ્લામાં દશ કેસ નોધાયા છે. ગુરૂવારે નવા ૧૦ કેસ નોધાયા છે તેમાં હિંમતનગરના શહેરી વિસ્તારના ચાર કેસ છે. જે મુજબ જલારામ મંદિર પાસે ૫૫ વર્ષિય મહિલા, મોટી વ્હોરવાડમાં ૪૧ વર્ષિય પુરૂષ અને બગીચા વિસ્તારમાં ૫૦ વર્ષિય મહિલા તથા ૫3 વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. ઉપરાંત ઈડર તાલુકાના ગોરલ ગામમાં ૨૪ વર્ષિય પુરૂષ, દલજીતનગરમાં ૭૭ વર્ષિય પુરૂષ અને કાલીડુંગર ગામમાં ૫3 વર્ષિય પુરૂષ કોરોનાનો ભોગ બન્યા છે.

# સુરતમાં અડધાથી વધુ દર્દીઓ અઠવા, કતારગામ અને રાંદેર ઝોનમાં મળ્યા

**• અનલોક બાદ અઠવા, રાંદેર, કતારગામમાં સંક્રમણ વધુ**

સુરત : સુરતમાં કોરોના સંક્રમણની શરૂઆત અઠવા ઝોનથી થઈ હતી પરંતુ ત્યાર બાદ લોક ડાઉનનું સૌથી વધુ પાલનઅઠવા અને રાંદેર ઝોનમાં થતાં સંક્રમણ ઘણું જ ઓછું હતું. પણ હવે સૌથી ઓછા કેસ હતા તે અઠવા અને રાંદેર ઝોનમાં સંક્રમણ વધી રહ્યું છે. સિટીમાં કુલ ૨૨૩૮૧ કેસ પૈકી સૌથી વધુ ૪૧૦૭ કેસ અઠવા ઝોનમાં નોંધાઈ ગયા છે.

અઠવા, રાંદેર અને કતારગામ એમ ત્રણ ઝોન મળીને ૫૧ ટકા કેસ એટલે કે ૧૧૩૭૫ કેસ નોંધાયા છે. સુરતમાં કોરોનાનો પહેલો કેસ અઠવા ઝોનમાં તા.૧૯ માર્ચે જાહેર થયો હતો. લંડનથી પરત ફરેલી યુવતીનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. માર્ચના અંતમાં સમગ્ર દેશમાં લોકડાઉન થયું હતું. જેમાં અઠવા અને રાંદેર ઝોનમાં લોકડાઉન દરમિયાન પોઝિટિવ કેસોનીસંખ્યા અન્ય ઝોનની તુલનામાં ઓછી હતી. ગીચ વિસ્તાર સેન્ટ્રલ ઝોન અને લિંબાયત ઝોનમાં સૌથી ઓછું સંક્રમણ થયું હતું. જોકે, અનલોક બાદ અઠવા, રાંદેર, કતારગામમાં સંક્રમણમાં ઉછાળો આવ્યો છે. અઠવાઝોનમાં કુલ કેસનો આંક ૪૧૦૭, કતારગામમાં ૩૮૮૮, રાંદેરમાં ૩૩૮૦ થઈ ગયો છે. સિટીના ૫૧ ટકા કેસ આ ત્રણ ઝોનમાંથી છે. લોકડાઉનનું સૌથી વધુ પાલન કરાતુંય તે ઝોનમાં હાલ સાથી વધુ કેસ છે.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર 3.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકળા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.3૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
www.firstflightcanada.com



અઘોર સમ્શાનિક, નૂરહજુરી સિપલી ઈલમના ખાસ જાણકાર
(તાંત્રિક સમ્રાટ - ગોલ્ડ મેડાલિસ્ટ) - ૧૭ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ
શિવશ્રધ્ધા જયોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
ખતરનાક ઈચ્છાધારી વશીકરણ, શત્રુનાશ, ધારેલી વ્યકિતનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુકિત, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
અશકય કશું નથી, બધું શકય છે.
૧૫૧% કામની લાઈફટાઈમ ગેરંટી
બિઝનેસ પ્રોબ્લેમ, શત્રુથી હેરાનગતિ.
ચંદ્રમોહીની વશીકરણ સ્પેશ્યાલીસ્ટ
ઘરે બેઠા કામ
ખવડાવ્યા-પીવડાવ્યા વગર વશીકરણ થઈ શકે છે.
NRI ભાઈઓ બહેનો માટે ફોન પર માર્ગદર્શન
બધી જગ્યાએથી નિરાશ થયેલા ખાસ મળો (વાત ગુપ્ત)
84/A, શ્રીકુંજ રો હાઉસ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
M:+91 99246 34078







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## રીયાને ફિટ કરવા એનસીબીએ કરેલી દલીલોને હાઈકોર્ટે બકવાસ અને વાહિયાત ગણાવી દીધી

# સુશાંત અપમૃત્યુ કેસ ત્રણ મહિને પણ ઠેરનો ઠેર

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

સુશાંતસિંહ રાજપૂતના રહસ્યમય મૃત્યુના કેસમાં અંતે બોમ્બે હાઈકોર્ટમાંથી રિયા ચક્રવર્તીને બુધવારે જામીન મળ્યા. સુશાંતના કેસમાં બહુ ધમાધમી પછી ગયા મહિને સુશાંતની છેલ્લી ગર્લફ્રેન્ડ એવી એક્ટ્રેસ રિયા ચક્રવર્તીની ધરપકડ થઈ હતી. સુશાંતના કેસની તપાસ સીબીઆઈ કરે છે પણ સુશાંતના મોત સાથે ડ્ર્ગ્સનો મામલો પણ જોડાયેલો હોવાથી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી) પણ તપાસમાં જોડાઈ છે. એનસીબીએ પહેલાં રિયાના ભાઈ શોવિકને ઉંચક્યો હતો. જેના અઠવાડિયા પછી રિયાને જેલભેગી કરાઈ હતી. અત્યાર સુધી આ પ્રકરણમાં રિયા જ ખેલાડી હોવાનું ચિત્ર ઉભુ થયું હતુ. તેથી ધરપકડ બાદ તેનુ જામીન પર છુટવું મુશ્કેલ હતુ. આમ છતાં તેના જામીન મંજૂર થઈ ગયા છે.

હાઈ કોર્ટે જામીન આપતી વખતે કરેલું અવલોકન ચોક્કસ મહત્વનું છે. એનસીબીએ રિયાની ધરપકડ કરી ત્યારે એવો આરોપ મૂકેલો કે, રીયા ડ્ર્ગ્સ સીન્ડિકેટની સક્રિય સભ્ય છે અને તેના બોયફ્રેન્ડ સુશાંતસિંહ રાજપૂત માટે ડ્ર્ગ્સ ખરીદવાનાં નાણાં આપતી હતી. હાઈ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે, રિયા ડ્ર્ગ્સ સીન્ડિકેટની સક્રિય સભ્ય હતી એ વાત મોં-માથા વિનાની છે કેમ કે રિયાએ પોતાને મળેલું ડ્ર્ગ્સ રૂપિયા કમાવવા કે બીજા કોઈ ફાયદા માટે બીજા કોઈને વેચ્યું નથી. રિયાનો કોઈ ગુનાઈત રેકોર્ડ નથી. તેથી જામીન મળશે ત્યારે એ કોઈ બીજો ગુનો નહીં કરે એવું માનવાને પૂરતાં કારણ છે એવું પણ કોર્ટનું અવલોકન છે. આ તો હાઈ કોર્ટે કરેલા અવલોકનનો ટૂંકમાં સાર છે. હાઈ કોર્ટે એનસીબીએ રીયા સામે જે આરોપો મૂક્યા છે એ બધાનો છેડ ઉડાદી દીધો છે. એનસીબીનો દાવો હતો કે, રીયા પહેલાં એવી રેકર્ડ વગાડતી હતી કે પ ોતે કદી ડ્ર્ગ્સ લીધું નથી. પછી તેણે કબૂલી લીધું કે પોતે ક્યારેક ક્યારેક ડ્ર્ગ્સ લેતી હતી અને સુશાંત માટે ડ્ર્ગ્સની વ્યવસ્થા કરતી પણ હતી. એનસીબીનો દાવો છે કે, રીયા સુશાંતને ડ્ર્ગ્સ આપતી હતી એ હકીકત છે અને તેના જડબેસલાક પુરાવા અમારી પાસે છે. એનસીબી જેને જડબેસલાક પુરાવા ગણાવતી હતી એ રિયાના ફોનની વૉટ્સઍપ ચેટ હતી. આ ચેટમાં સુશાંત માટે ડ્ર્ગ્સ લેવા થયેલી નાણાકીય લેવડદેવડની વાતો હતી. એનસીબીએ તેના આધારે રિયાના ભાઈ શોવિક તથા રિયાના બીજા સાથીઓને ફિટ કરેલા. એનસીબીએ દાવો કરેલો કે, રીયાના ભાઈ શોવિક અને સુશાંતના હાઉસ મેનેજર સેમ્યુઅલ મિરાન્ડા મારીજુઆના ખરીદતા હતા એવા મજબૂત પુરાવા છે અને તેનાં નાણાં રીયા આપતી હતી એવા પણ પુરાવા છે.

લોકડાઉન દરમિયાન માર્ચથી જૂનના ચાર મહિના દરમિયાન સુશાંતના નોકર દિપેશ સાવંતે રિયા અને શોવિકના કહેવાથી ૧૬૫ ગ્રામ મારીજુઆના લઈને સુશાંતને પહોંચાડાયું હતુ. જ્યારે સુશાંત સાથે સંકળાયેલા મનાતા બે ડ્ર્ગ્સ સપ્લાયર પાસેથી એનસીબીએ ૫૯ ગ્રામ મારીજુઆના ઝડપ્યું હોવાનો દાવો પણ કરાયો હતો.

હાઈ કોર્ટે સૌથી પહેલાં તો એ જ સવાલ કર્યો છે કે, રીયા કે સુશાંતને ત્યાંથી ડ્ર્ગ્સ મળ્યું જ નથી ત્યારે રિયાને કઈ રીતે ડ્ર્ગ્સની સીન્ડિકેટ સાથે જોડી શકાય? કોઈ વ્યક્તિને અપાયેલા નાણાં ડ્ર્ગ્સ ખરીદવામાં વપરાયાં તેના કારણે નાણાં આપનારી વ્યક્તિ ડ્ર્ગ્સની આદતને પોષે છે કે ડ્ર્ગ્સ માટે નાણાં આપે છે એ વાત પણ હાઈ કોર્ટના ગળે ઊતરી નથી. એનસીબીએ એવી વાહિયાત દલીલ પણ કરેલી કે, સેલિબ્રિટીઝ કે રોલ મોડલ્સ અપરાધમાં પકડાય ત્યારે તેમના તરફ આકરા થવું જોઈએ કે જેથી યુવાપેઢી માટે દાખલો બેસે અને તેમને આ ગોરખધંધા કરવા માટે પ્રોત્સાહન ન મળે. હાઈ કોર્ટે આ દલીલને પણ હાસ્યાસ્પદ ગણાવીને કહ્યું છે કે કાયદા આગળ બધા સરખા છે. સુશાંતના કેસમાં એક અઠવાડિયાના ગાળામાં જ આ બીજો મોટો વળાંક આવ્યો છે. પાંચેક દાડા પહેલાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)એ રિપોર્ટ આપેલો કે, સુશાંતે આપઘાત જ કર્યો છે. તેની હત્યા થઈ હોય તેવી વાતોમાં કોઈ દમ નથી. સુશાંતના મૃત્યુના સમાચાર આવ્યા ત્યારે સૌથી પહેલાં એવું જ બહાર આવ્યું હતુ કે, સુશાંતે આપઘાત કરી લીધો છે. મુંબઈની કૂપર હૉસ્પિટલે કરેલા પોસ્ટમોર્ટમમાં સુશાંતે આપઘાત કર્યો હોવાનું તારણ નીકળ્યું હતુ. પણ કેટલાક લોકોએ સુશાંત આપઘાત કરે જ નહીં એ વાતનું પૂછડું પકડી લીધું. આ બધી વાતો પાછળ રાજકીય સ્વાર્થ પણ હતો. તેથી છેવટે સીબીઆઈને તપાસ સોંપાઈ હતી. જે બાદ સીબીઆઈએ એઈમ્સની મદદ લીધી હતી. મુંબઈ પોલીસ અને હૉસ્પિટલે ગોટાળા કર્યા છે એવા આક્ષેપો વચ્ચે એઈમ્સની ટીમે મુંબઈ જઈને જુદા જુદા રિપોર્ટ તપાસ્યા હતા. સુશાંતન મોતના આપઘાતના સીનને રિક્રિયેટ પણ કર્યો, ફોટા જોયા અને ફોરેન્સિક સેમ્પલ પણ લીધા. આ બધી મહેનત પછી એઈમ્સની ટીમ એ જ તારણ પર પહોંચી છે કે જે તારણ મુંબઈની હૉસ્પિટલે આપ્યું હતુ.

એઈમ્સની ટીમે જાહેર કર્યુ કે, સુશાંતે આપઘાત જ કર્યો છે અને તેની હત્યા નહોતી થઈ. એઈમ્સના મેડિકલ બોર્ડે આ તારણો માટે નક્કર કારણ આપ્યાં છે. સુશાંતના મોતનાં કારણ શોધવા માટે બનાવાયેલા એઈમ્સના મેડિકલ બોર્ડના ચેરમેન ડૉ. સુધીર ગુપ્તા હતા અનેક ચકચારી કેસોમાં કામ કરી ચૂક્યા છે. ડૉ. ગુપ્તાએ તમામ સવાલોના મુદ્દાસર જવાબ આપીને કહ્યું છે કે, સુશાંતની હત્યા નહોતી કરાઈ, પણ તેણે આપઘાત જ કર્યો છે. જો કે, મૂળ મુદ્દો સુશાંતના કેસમાં ચાલેલી ઝીંકાઝીંકનો છે. એઈમ્સના રિપોર્ટ અને હાઈ કોર્ટનાં તારણોને સાથે રાખીને જોઈએ તો સમજાય કે, સાડા ત્રણ મહિના લગી આ કેસમાં રીતસર ઘૂપ્પલ ચાલ્યું છે. આ દેશમાં ન્યાયતંત્ર સાબૂત છે અને એઈમ્સ જેવી સંસ્થાઓ છે કે જે હજુ સત્યને વળગી રહેવામાં માને છે તેથી સાવ નિરાશ થવા જેવું નથી. એઈમ્સના રિપોર્ટ અને હવે બોમ્બે હાઈ કોર્ટે રિયાને જામીન આપ્યા એ પછી સુશાંત કેસ ત્યાં જ આવીને ઊભો રહી ગયો છે કે જ્યાં સાડા ત્રણ મહિના પહેલાં હતો. મજાની વાત એ છે કે, એઈમ્સના આ તારણ સામે દેકારો શરૂ થયો છે અને આ દેકારો મચાવનારા લોકો એ જ છે કે જે સીબીઆઈને તપાસ સોંપાઈ ત્યારે સત્યનો જય થયો છે એવું કહેતા હતા. સીબીઆઈએ એઈમ્સની ટીમને મોતનું કારણ શોધવાનું કામ સોંપ્યું ત્યારે જે લોકો કહેતા હતા કે, હવે મુંબઈ પોલીસ અને તેના આકાઓની પોલ ખૂલી જશે.સુશાંતના મૃત્યુના કેસમાં સત્યનો ઝંડો કંગના રણાવતે ઉઠાવ્યો હતો. એઈમ્સના રિપોર્ટ પછી કંગનાએ ટ્વીટ કરી છે કે, યુવાન અને અસામાન્ય પ્રતિભા ધરાવતા લોકો કોઈ દિવસ સવારે ઊઠે અને આપઘાત કરી લે એ શક્ય નથી. સુશાંતે કહેલું કે તેને પરેશાન કરાતો હતો અને બહાર કરી દેવાયો હતો. સુશાંતને પોતાના જીવનને ખતરો હોવાનું લાગતું હતું, એ કહેતો કે મૂવી માફિયાએ તેના પર પ્રતિબંધ મૂકી દીધો છે અને કનડગત કરે છે. કોઈ કેસમાં ખોટી રીતે આરોપી બનાવી દેવાયો એ કારણે તેને માનસિક અસર થઈ હતી. કંગનાની જેમ બીજા લોકો પણ છે કે જેમણે સુશાંતે આપઘાત કર્યો હતો એવી વાત ગળે નથી ઉતરતી એવું કહીને એઈમ્સના રિપોર્ટ સામે સવાલ ઉઠાવ્યો છે. જે લોકોએ પોતાના અંગત સ્વાર્થ ખાતર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડ્ર્ગ્સની અને એ બધી વાતો ચલાવી એ બધાને પછડાટ ખાવી પડી છે. જો કે, આ કેસમાં હજી પણ સુશાંતના પિતાના વકીલ દાવો કરી રહ્યા છે કે સુશાંતની હત્યા થઈ છે. રિયાનો ભાઈ શોવિક ને તેના બીજા ગોઠિયા હજુ છૂટ્યા નથી, પણ એ લોકો ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો નથી. મીડિયાએ જેમનાં નામ સામે કાદવ ઉછાળ્યો એ બધાની પૂછપરછથી વાત આગળ વધી નથી. આ સંજોગોમાં સુશાંતના નામે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વરવા ચહેરાને ખુલ્લો પાડવાનો જે ફુગ્ગો ફૂલાવાયેલો તેની હવા નિકળવા માંડી છે.



સ્થળ નિરીક્ષણ અને ફોરેન્સિક તપાસ બાદ એઇમ્સે સ્પષ્ટ કહી દીધું કે સુશાંતે આપઘાત જ કર્યો છે, તેની હત્યાના પુરાવા જડતા નથી

## હોલીવૂડની સુપર સ્ટાર એક્ટ્રેસ લક્ષ્મી માતાની ભક્ત



લોસએન્જલસઃ હોલીવૂડની સૌથી ખૂબસુરત અને જાણીતી અભિનેત્રીઓમાં સ્થાન પામતી સલમા હાયક ગુરૂવારે સોશિયલ મિડિયા પર છવાઈ ગઈ છે. સલમા હાયકે ખુલાસો કર્યો છે કે, હું લક્ષ્મી માતાની ભક્ત છું.સલમાએ પોતાની પોસ્ટમાં તેનુ કારણ પણ આપ્યુ છે. સલમાનુ કહેવુ છે કે, જ્યારે પણ હું મારી જાતને મારી આંતરિક સુંદરતા સાથે કનેક્ટ કરવા માંગુ છું ત્યારે લક્ષ્મી માતાની તસવીર સામે ફોકસ કરીને મેડિટેશન શરૂ કરુ છું.હિન્દુ ધર્મમાં લક્ષ્મી માતા ધન, સૌભાગ્યા, પ્રેમ, સુંદરતા, માયા અને સમૃધ્ધિનુ પ્રતિક છે.

# સ્વદેશ



# એક માસના કારાવાસ બાદ રિયા ચક્રવર્તીની જામીન પર મુક્તિ, શોવિક હજી જેલમાં જ



બોમ્બે હાઇકોર્ટે બોલિવૂડ અભિનેત્રી રિયા ચક્રવર્તીની જામીન અરજી મંજૂર કરી છે. સુશાંત કેસ પછી ડ્રગ્સ મામલે રિયા ચક્રવર્તીની ધરપકડ થઇ હતી. એક મહિનો જેલમાં વીતાવ્યા પછી રિયા હવે જેલની બહાર આવશે. ઉલ્લેખનીય છે કે લોઅર કોર્ટે ૨ વાર રિયાની જામીન અરજી ફગાવી હતી. તે પછી હાઇકોર્ટમાં આ મામલે અરજી કરવામાં આવતી હતી. મંગળવારે રિયાની જ્યૂડિશિયલ કસ્ટડી ૧૪ દિવસ એટલે કે ૨૦ ઓક્ટોબર સુધી વધારાઇ હતી. જો કે હવે જામીન મળ્યા પછી લગભગ ૧ મહિના પછી રિયા જેલની બહાર પગ મૂકશે. ત્યાં જ રિયાના ભાઇ શોવિક ચક્રવર્તીને જામીન નથી મળ્યા તેને હજી પણ જેલમાં જ રહેવું પડશે. આ પહેલા NCB એ કોર્ટમાં રિયા અને શોવિકની જામીનનો વિરોધ કર્યો હતો. તપાસ એજન્સીએ કોર્ટમાં આપેલી એફિડેવિટમાં કહેવામાં આવ્યું હતું કે શોવિક ડ્રગ્સ સિંડિકેટના એક્ટિવ મેમ્બર્સમાંથી એક છે.

### દિશા અને સુશાંતનાં મોત વચ્ચે કોઇ કનેક્શન નથી

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ઓગસ્ટમાં આ કેસ હાથ પર લીધા પછી સીબીઆઇએ એની ફોરેન્સિક ટીમને સુશાંતના ઘરે મોકલી હતી. ટીમે કયા સંજોગોમાં મૃતદેહ મળી આવ્યો હતો એ જાણ્યા હતા અને એ સીનને રિક્રિયેટ કર્યો હતો. સીબીઆઇના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'ક્રાઇમ સીનને રિક્રિયેટ કરવાથી આત્મહત્યાની થિયરીને જ સમર્થન મળે છે.

### સુશાંતનાં ખાતાંમાં પાંચ વર્ષમાં ૭૦ કરોડનું ટ્રાન્ઝેક્શન થયું : ઈડી

સુશાંતસિંહ રાજપૂતના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મુખ્ય શકમંદ રિયા ચક્રવર્તીની વિરુદ્ધ તપાસનો ફાઇનલ રિપોર્ટ હજી જાહેર કર્યો નથી. આ જ કેસમાં સુશાંતના બેંક ખાતાંનું ફોરેન્સિક ઓડિટ કરવામાં આવ્યું હતું. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં સુશાંતનાં ખાતાંમાંથી ૭૦ કરોડ રૂપિયાથી વધુનાં ટ્રાન્ઝેક્શન્સ થયાં હતાં. જેમાંથી રિયા અને તેના પરિવાર માટે માત્ર ૫૫ લાખ રૂપિયાનો જ ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાંથી મોટાભાગે પ્રવાસ, સ્પા અને ભેટ માટે ખર્ચ થયો હતો.

## સુશાંતે આત્મહત્યા કરી હોવાના એમ્સના તારણને CBIની મહોર



એઈમ્સના રિપોર્ટ બાદ હવે સીબીઆઈની તપાસમાં પણ એમ જ તારણ આવ્યું છે કે, સુશાંતસિંહ રાજપૂતની હત્યા નહોતી થઈ, પરંતુ તેણે આત્મહત્યા કરી હતી. સીબીઆઈના સૂત્રોએ બુધવારે જણાવ્યું છે કે, ક્રાઇમ સીનને અનેક વખત રિક્રિયેટ કરવામાં આવ્યા બાદ સીબીઆઈ આ તારણ પર પહોંચી છે. કેમ કે, ક્રાઇમ સીન પર જબરદસ્તીથી ઘૂસવાની કોશિશ, શરીર પર ઝપાઝપીના નિશાન મળ્યા નથી. સીબીઆઈના સૂત્રો અનુસાર હવે સીબીઆઈ એના પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે કે, કયા કારણોસર સુશાંતે આત્મહત્યા કરી હોઈ શકે છે . ખાસ કરીને આત્મહત્યા માટે ઉશ્કેરવામાં રિયાનો કોઈ હાથ છે કે નહીં એની ખાસ તપાસ કરવામાં આવશે. જોકે, એ સચ્ચાઈ છે કે, સીબીઆઈને હજી સુધી આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવાનો કોઈ હેતુ મળ્યો નથી.

## AIIMSના રિપોર્ટથી સુશાંત સિંહ રાજપૂતનો પરિવાર નારાજ

સુશાંત સિંહ રાજપૂત કેસમાં તપાસ કરી રહેલી એમ્સની ફોરેન્સિક એક્સપર્ટ્સની ટીમે પોતાનો રિપોર્ટ સીબીઆઇને સોંપી દીધો છે. ટીમે ફાઇનલ રિપોર્ટમાં જણાવ્યું છે કે સુશાંતનું મોત આત્મહત્યાને કારણે થયું છે. જોકે સુશાંતનો પરિવાર આ વાતને માનવાનો ઇનકાર કરી રહ્યો છે. સુશાંતની ફેમિલીના વકીલ વિકાસ સિંહે બુધવારના પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, "મે સીબીઆઇ ડાયરેક્ટરને લેટર લખ્યો છે અને કેસની તપાસ નવી ફોરેન્સિક ટીમથી કરાવવાની માંગ કરી છે." સિંહે આગળ કહ્યું કે, "નવી ટીમ કૂપર હૉસ્પિટલના બનાવવામાં આવેલા રિપોર્ટ્સને જુએ અને જણાવે કે કૂપર હૉસ્પિટલનું મંતવ્ય સાચું છે કે ખોટું. નવી ટીમ જુએ કે સુશાંતનું મોત આત્મહત્યા છે અથવા મર્ડર કે તેનું ગળું દબાવી દેવામાં આવ્યું." ઉલ્લેખનીય છે કે આ પહેલા એમ્સના એક્સપર્ટ પેનલના હેડ ડૉક્ટર સુધીર ગુપ્તાએ સુશાંતનું ગળું દબાવીને મારી નાંખવાની કોઈ પણ સંભાવનાથી ઇનકાર કર્યો હતો. ગુપ્તાએ જણાવ્યું હતુ કે, "અમે અમારો ફાઇનલ રિપોર્ટ તૈયાર કરી લીધો છે. આ સંપૂર્ણ રીતે ફાંસી લગાવી લેવાનો અને આત્મહત્યાનો કેસ છે. સુશાંતની બૉડી પર ફાંસી સિવાય કોઈ અન્ય ઇજાના નિશાન નથી.

## દીપિકા પદુકોણ ગોવામાં ફરી શૂટિંગ શરૂ કરશે



દીપિકા પુદુકોણે કોરોના વાયરસના કારણે લાંબા સમયથી શૂટિંગ કરી શકી નહોતી. આ પછી તે ગોવા શૂટિંગ માટે ગઇ હતી, ત્યાં તો, સુશાંત સિંહ રાજપૂત સુસાઇડ કેસ સાથે જોડાયેલા એક ડ્રગ્સ કેસને કારણે દીપિકાને એનીસીબીએ મુંબઇ બોલાવી હતી. હવે તેની પુછતાછ થઇ ગઇ છે, અને અભિનેત્રી ફરી કામે ચડી રહી છે. રિપોર્ટ્સના અનુસાર, દીપિરા પદુકોણ જલદી જ પોતાની આવનારી ફિલ્મનું શૂટિંગ શરૂ કરે તેવી શક્યતા છે. શકુન બાત્રાની ફિલ્મનું શૂટિંગ હાલ ગોવામાં ચાલી રહ્યું છે. કહેવાય છે કે, દીપિકા ગોવા પહોંચી ગઇ છે.

## કોરોના વાયરસના કારણે બોલીવૂડને રૂપિયા ૨૦૦૦ કરોડનું નુકસાન

મુંબઈઃ કોરોના વાયરસના કારણે દરેક ઉદ્યોગોમાં આર્થિક ખોટ આવી છે. જ્યારે બોલીવૂડને રૂપિયા ૨૦૦૦ હજાર કરોડનું નુકસાન થયું છે. હજી પણ ૧૫ ઓક્ટોબરથી દરેક રાજ્યમાં થિયેટરો ખુલ્લા મુકાય તેવી શક્યતા નહીંવત છે. છેલ્લા છ મિહનાથી થિયેટરો બંધ હોવાથી ઓછામાં ઓછું ૨૦૦૦ હજાર કરોડનું નુકસાન થયું છે. દિલ્હીના થિયેટરના એક જનરલ મેનેજરના અનુસાર ૩-૪ હજાર કરોડના નુકસાનનો અંદાજ છે. આ દરમિયાન ફેસ્ટિવ સીઝન પણ નીકળી ગઇ. જો સિનેમા થિયેટરો ખુલે પછી સરકારે અમને એક વરસની સબસિડી આપવી જોઇએ તેમજ ટેર્સ ન લેવો જોઇએ, આમ નહીં થાય તો થિયેટરોને વધુ નુકસાન થવાની શક્યતા છે. ટોચના અભિનેતાઓની કેટલીય ફિલ્મો રિલીઝ થવાની બાકી છે. જ્યારે અમુક ફિલ્મોને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવી પડી છે. ઘણી ફિલ્મોના શૂટિંગ અધુરા રહી ગયા છે.

## ૩૦મીએ કાજલ અગ્રવાલ પ્રભુતામાં પગલા પાડશે



મુંબઈઃ હિંદી, તમિલ અન`તેલુગુ ફિલ્મોની જાણીતી અભિનેત્રી કાજલ અગ્રવાલ ૩૦ ઓક્ટોબરના રોજ લગ્ન કરવાની છે. આ વાતની જાણકારી તેણે સોશિયલ મિડિયા પર પોસ્ટ કરી છે. કાજલે જણાવ્યું હતું કે, તે બિઝનેસમેન ગોતમ કિચલુ સાથે મુંબઇમાં એક અંગત સમારોહમાં લગ્ન કરવાની છે. તેણે લખ્યું હતું કે, મને જણાવતા બેહદ આનંદ થાય છે કે, ૩૦ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ હું મુંબઇમાં ગોતમ કિચલૂ સાથે લગ્ન કરવાની છું. આ એક અંગત પ્રસંગ હશે જેમાં ફક્ત બન્ને પરિવારના લોકો જ સામેલ થશે. તેણે વધુમાં કહ્યું હતુ `કે, આ મહામારીએ આપણી ખુશીઓને ઓછી કરી દીધી છે. પરંતુ અમે સાથે જીવન પસાર કરવા રોમાંચિત છીએ મને પણ આશા છે કે તમે બધા જ અમારા માટે ઉત્સાહિત હશો. તમારા લોકોના આશીર્વાદ અમે ઇચ્છીએ છીએ.





Available at store near you.
REAL NAMKEEN Bites! Khao Real, Khilao Real
Celebrate your roots in every bite!
Bites! Masala Punch
Bites! Farali Wafers
Bakers Masala KHARI
Bakers KHARI
Bakers Methi KHARI
Bites! Tasty Salty
Bites! Farali Chiwda Mitha
Bites! Bikaneri Sev
Bites! Nadiyadi Mix
Bites! Indori Mix
Bites! Bhavnagari Ganthiya
follow us on
www.realnamkeen.com
MEGH FRESH & HEALTHY
Imported and Distributed by Megh Foods Canada Brampton ON L6V 4R3
Contact: 289 946 1976 / 289 946 1936 | meghfoodscanada@gmail.com

# ગુજરાતમાં ભ્રષ્ટાચારના ૨૫૦થી વધુ કેસ, દેશમાં ૭મો ક્રમ

- ગુજરાતમાં બે વર્ષમાં ભ્રષ્ટાચારની કુલ ૫૮૮ ફરિયાદો નોંધાઈ
- ગુજરાતમાં ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠરવાનું પ્રમાણ ૩૩.૯૦% : હજુ ૬૪૫ કેસમાં તપાસ બાકી

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં જ લોકાયુક્ત-તકેદારી પંચ-એન્ટિ કરપ્શન બ્યુરો સમક્ષ ૫૮૮ ફરિયાદો નોંધાઈ છે. વર્ષ ૨૦૧૯માં સમગ્ર દેશમાંથી ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદો નોંધાઈ હોય તેવા રાજ્યોમાં ગુજરાત સાતમાં સ્થાને છે.

લોકાયુક્ત-તકેદારી પંચ-એન્ટિ કરપ્શન બ્યુરો સમક્ષ વર્ષ ૨૦૧૯ દરમિયાન છટકું ગોઠવીને પકડાવવાની ૧૯૬, અપ્રમાણસર સંપત્તિની ૧૮, ગુનાઈત કામગીરીની ૬ જ્યારે અન્ય ૩૫ સહિત કુલ ૨૫૫ ફરિયાદ નોંધાઈ હતી. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ કરતાં વર્ષ ૨૦૧૮માં ભ્રષ્ટાચારના કેસમાં ઘટાડો નોંધાયો છે. કેમકે, વર્ષ ૨૦૧૮માં આ પ્રકારની કુલ ૩૩૩ ફરિયાદો નોંધાઈ હતી. જોકે, અપ્રમાસર સંપત્તિના કેસમાં વર્ષ ૨૦૧૮ કરતાં વર્ષ ૨૦૧૯માં વધારો થયો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ના પ્રારંભે ભ્રષ્ટાચારના ૬૨૭ કેસ તપાસ માટે બાકી હતા. ૮ કેસમાં આખરી રીપોર્ટ આપવામાં આવ્યો હતો જ્યારે ૨૨૮ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આમ, વર્ષ ૨૦૧૯ના અંતે ૬૪૫ કેસ તપાસ માટે બાકી છે. બીજી તરફ વર્ષ ૨૦૧૮ના અંતે તપાસ માટે પેન્ડિંગ કેસનો આંક ૬૨૭ હતો. આ સ્થિતિએ ગુજરાતમાં તપાસ માટે પેન્ડિંગ કેસ સતત વધી રહ્યા છે. વર્ષ ૨૦૧૯ના અંતે સમગ્ર દેશમાંથી કુલ ૧૦૮૩૯ કેસ તપાસ માટે પેન્ડિંગ હતા.

**ગુજરાતમાં લોકાયુક્ત-તકેદારી પંચ-એન્ટિ કરપ્શન બ્યુરો સમક્ષ નોંધાયેલી ફરિયાદો**

| ફરિયાદ | ૨૦૧૮ | ૨૦૧૯ |
|---|---|---|
| છટકુંમાં પકડાયા | ૨૪૫ | ૧૯૬ |
| અપ્રમાણસર સંપતિ | ૧૨ | ૧૮ |
| ગુનાઈત કામગીરી | ૧૨ | ૦૬ |
| અન્ય | ૬૪ | ૩૫ |
| કુલ | ૩૩૩ | ૨૫૫ |

**મિઝોરમ-નાગાલેન્ડમાં ભ્રષ્ટાચારની એક પણ ફરિયાદ નહીં!**

વર્ષ ૨૦૧૯ દરમિયાન એસીબી, લોકાયુક્ત કે તકેદારી પંચને નાગાલેન્ડ, મિઝોરમ સિક્કીમમાંથી ભ્રષ્ટાચારની એકપણ ફરિયાદ મળી નથી. બીજી તરફ મણીપુર–મેઘાલય–ત્રિપુરામાં આ પ્રમાણ ૦.૧૦% , ગોવામાં આ પ્રમાણ ૦.૨૦% જ્યારે અરૂણાચલ પ્રદેશમાં ૦.30% છે.

# ગુજરાતની પેટાચૂંટણીઓમાં કોરોનાગ્રસ્ત અને દિવ્યાંગો માટે કરાશે વિશેષ વ્યવસ્થા

ગાંધીનગરઃ કોરોના પોઝિટિવ દર્દીઓ તથા દિવ્યાંગો જેઓ મતદાર યાદીમાં નોંધાયેલા છે. તેઓને રાજ્યની વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણીમાં પોસ્ટલ બેલેટથી મતદાન કરવાનો વિકલ્પ ચૂંટણી પંચે આપ્યો છે. મુખ્ય ચૂંટણી અધિકારી ડો. મુરલી ક્રિષ્નાએ ભાજપના ચૂંટણી સેલની પૃચ્છાના સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરી છે કે, મતદાનના ૧૦ દિવસ પહેલાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં તથા ઘરે કે અન્ય સ્થળે ક્વોરન્ટાઈન હોય તેવા કોરોના પોઝિટિવ મતદારોનું લિસ્ટ પંચ દ્વારા તૈયાર થશે, આવા મતદારોને ત્યાં બીએલઓ પોસ્ટલ બેલેટ માટે ફોર્મ લઈને જશે, આ ફોર્મની આરઓ સ્ક્રૂટિની કરશે અને મતદાનના દિવસે એ દર્દીને ત્યાં પંચની ત્રણ માણસોની ટીમ જઈ પોસ્ટલ મતદાન સીલબંધ કવરમાં મેળવશે. આવી જ રીતે કોરોના કાળમાં દિવ્યાંગોને તથા ૮૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટિઝનોને પણ પોસ્ટલ મતદાનનો વિકલ્પ અપાયો છે, જેમાં અત્યારની સ્થિતિએ ૮ બેઠકો ઉપર આશરે ૧૩ હજાર દિવ્યાંગો મતદાતા છે.

## પક્ષપલટુ સોમા પટેલે NCP પાસે ટિકિટ માંગી

અમદાવાદઃ રાજ્યસભાની ચૂંટણી વખતે ભાજપના ઇશારે કોંગ્રેસમાંથી રાજીનામુ આપનારાં ધારાસભ્ય સોમા પટેલની હાલત હવે કફોડી થઇ છે. પેટાચૂંટણીમાં ભાજપે ટિકીટ આપવા સ્પષ્ટ નન્નો ભણ્યો છે ત્યારે સોમા પટેલે હવે હારીથાકીને એનસીપીની ટિકીટ માંગી છે. સોમા પટેલની રાજકીય કારકિર્દી હવે જોખમમાં મૂકાઇ છે કેમકે, પેટાચૂંટણીમાં લિબડી બેઠક પર ભાજપ પક્ષપલટુને ટિકીટ આપવાના મતમાં નથી. આ બેઠક પર કિરીટસિંહ રાણા ભાજપના પ્રબળ દાવેદાર મનાય છે. અત્યાર સુધી એવુ હતુ કે, કોળી સમાજના પ્રભુત્વને ધ્યાનમાં રાખીને ભાજપે સોમા પટેલને કોગ્રેસમાંથી રાજીનામુ અપાવ્યુ છે.

## આત્મારામને મંત્રી બનાવવા સૌરભનું પત્તુ કપાશે

ગઢડા બેઠક પર પૂર્વ મંત્રી આત્મારામ પરમારને ટિકીટ આપવાનું લગભગ નક્કી છે. એટલું જ નહીં આત્મારામ પરમારને ચૂંટણી જીતાડી ફરી એક વાર મંત્રીપદ આપવા ગોઠવણ પાડવામાં આવી છે. ચર્ચા એવી છેકે, બબ્બેવાર વિધાનસભાની ચૂંટણી હારનારાં આત્મારામને ટિકીટ આપવા પાછળ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પાટીદાર મંત્રી સૌરભ પટેલનુ પત્તુ કાપવા રાજકીય કારસો ઘડાયો હોવાનો કમલમમાં ગણગણાટ છે. પૂર્વ મંત્રી આત્મારામ પરમાર અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ વચ્ચે ગાઢ મિત્રતા છે અને બંને સુરતવાસીઓ છે.

## અબડાસા, ધારી, ગઢડા, મોરબીમાં કોંગ્રેસમાં ખેંચતાણ

કોંગ્રેસમાં અબડાસા, મોરબી, ધારી અને ગઢડામાં ટિકીટ માટે આંતરિક ખેંચતાણ જામી છે જેના લીધે કોંગ્રેસના જ પ્રદેશ નેતાઓ આમને સામને આવ્યાં છે. અબડાસા બેઠક પર વિસનજ પાંચાણી, નવલસિંહ જાડેજા, પી.સી.ગઢવી, રમેશ પટેલનુ નામ ચર્ચામાં છે. હવે ભાજપના નેતા છબીલ પટેલના સંબંધીએ ટિકીટ માટે લોબિંગ કર્યુ છે. ધારી બેઠક પર ધારાસભ્ય વિરજી ઠુમરની પુત્રી જેની ઠુમરને ટિકીટ ન મળે તે માટે પ્રદેશના નેતાઓ જ મેદાને પડયાં છે. સ્થાનિકો સુરેશ કોટડિયા માટે લોબિંગ કરી રહ્યાં છે. ગઢડામાં ય ૨૦ દાવેદારો ટિકીટ માટે પ્રદેશના નેતાઓ ઉપરાંત દિલ્હી આંટાફેરા મારી રહ્યાં છે.

## ઉમેદવાર જાહેર થાય તે પહેલા જ પક્ષપલટુઓએ પ્રચાર શરૂ કરી દીધો

ગુજરાત વિધાનસભાની આઠ બેઠકો પર યોજાનારી પેટાચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે કમલમમાં બેઠકોનો દોર જામ્યો છે પણ આ બધુય માત્ર દેખાડો જ બની રહ્યો છે કેમકે, ભાજપે પક્ષપલટુઓની ટિકીટ લગભગ નક્કી કરી દીધી છે. હજુ ભાજપે ઉમેદવારોના નામો જાહેર કર્યા નથી તે પહેલાં પાટીલના ઇશારે જ કરજણમાં મૂળ કોંગ્રેસી અક્ષય પટેલે ચૂંટણી પ્રચાર પણ શરૂ કરી દીધો છે. આ પરથી સ્પષ્ટ સાબિત થયુ છેકે, ભાજપે પક્ષપલટુઓને પ્રોત્સાહન આપી રહ્યાં છે પરિણામે સંનિષ્ઠ કાર્યકરો રોષે ભરાયાં છે.

# જામનગરમાં ઊંઘની દવા પીવડાવી ૧૭ વર્ષની સગીરાને ચાર યુવકોએ પીંખી

જામનગરઃ ગેંગરેપ બાદ દલિત યુવતીના મોતની સ્યાહી સૂકાઈ પણ નથી ત્યાં જામનગરમાંથી શર્મસાર કરતો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ચાર નરાધમોએ ૧૭ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યુ હતું. આ મામલે પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

હાથરસની ઘટના બાદ ગુજરાતમાં પણ સતત સામુહિક દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. સંતરામપુરની મહિલા સાથે દુષ્કર્મની ઘટના બાદ જામનગરમાંથી ગેંગરેપની ઘટનાને કારણે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જામનગરમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને આરોપીઓએ ઊંઘની દવા પીવડાવી દીધી હતી. અને તે બાદ ચારેય આરોપીઓએ સગીરા પર સામુહિક દુષ્કર્મ આચર્યુ હતું.

હાલ ૧૭ વર્ષીય સગીરાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. અને તેની સારવાર ચાલી રહી છે. તો આ મામલે ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે તાબડતોડ ૩ નરાધમોની ધરપકડ કરી લીધી છે. જ્યારે હજુ એક હવસખોર પોલીસ પકડથી દૂર છે. તેવામાં હવે દીકરીઓને સુરક્ષિત રાખવા માટે સરકારે કડક કાયદાની જરૂર છે. ગેંગરેપ જેવી આવી ઘટનાઓને કારણે ગાંધીનું ગુજરાત બદનામ થઈ રહ્યું છે.

# જામજોધપુરમાં દીકરી પર દુષ્કર્મથી વ્યથિત પિતાનો ઝેર પીને આપઘાત

જામનગરઃ જામજોધપૂરમાં આજે પૂત્રી ઉપર દૂષ્કર્મની ઘટનાથી હાડોહાડ લાગી આવતા પિતાએ ઝેર પી આપઘાત કરી લીધાની હૃદયદ્રાવક ઘટનાથી પૂરા સમાજને આક્રોશ અને આઘાતની લાગણી ફેલાઈ છે. જામનગરમાં સગીરા પર ૪ શખ્સોએ કરેલા ગેંગરેપના બનાવથી લોકોમાં રોષ ભભૂકી ઉઠયો છે ત્યારે જામજોધપુરમાં યુવતીના સગીરા અવસ્થામાં દુષ્કર્મના બનાવની જાણ થતાં પિતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. જામજોધપુરમાં રહેતી ૧૮ વર્ષ અને બે દિવસની પુત્રી પર જામજોધપુરના વિલાસપુર ગામના અશ્વીન ભીમશીભાઈ નામના શખસે ગત તા. ૨૨/૯/થી અગાઉ ૮ માસ દરમિયાન અવાર-નવાર દુષ્કર્મ આચર્યુ હતું. આ બનાવની યુવતીના પિતાને જાણ થતાં ઝેરી દવા પી લેતાં ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું સારવાર દરમિયાન આજે મૃત્યું નિપજતા પરિવાર પર શોક વ્યાપી ગયો હતો. જે બાદ મોડી સાંજે યુવતીએ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં ફ્રિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર, પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. પીઆઈ આર. બી. પ્રજાપતિએ તપાસ આરંભી છે. સગીરાને તબીબી પરીક્ષણ માટે જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પોલીસે આરોપીને પકડવા માટે શોધખોળ આરંભી છે.

## ATSનું મોટું ઓપરેશન, પાટનગરમાંથી ઝડપી પાકિસ્તાની ચલણી નોટો

ગાંધીનગરઃ ગુજરાત ATS છેલ્લા પાંચ વર્ષથી વિવિધ ઓર્ગેનાઈઝડ ગેંગ મુદ્દે સક્રિય બની છે. ત્યારે આવું જ એક મોટું ઓપરેશન્સ મંગળવારે ગાંધીનગરના ચિલોડા પાસે હાથ ધર્યુ હતું. જેમાં ચાર વ્યક્તિઓને બનાવટી ભારતીય ચલણી નોટોની સાથે પાકિસ્તાની ચલણી નોટો સાથે ઝડપી પાડ્યા છે. પરંતુ એટીએસએ ચિલોડા સર્કલ પાસેથી ચાર વ્યક્તિઓની ટુકડીને બનાવટી ચલણી નોટો સાથે કરેલી અટકાયતે કેન્દ્ર સરકારના દાવાઓને છેડ ઉડાડી દીધો છે. એટીએસએ પકડેલી ચલણી નોટો અસલને પણ ટક્કર મારે તેવી દેખાય છે. માત્ર બનાવટની જ નહીં પણ તેમની પાસે પાકિસ્તાનની નકલી ચલણી નોટો પણ તેમની પાસેથી મળી આવી છે.

## ગેડિયા ગેંગના ૪ શખ્સોએ બે શખ્સો પર ફાયરિંગ કરતા ચકચાર

ધ્રાંગધ્રાઃ ધ્રાંગધ્રા-અમદાવાદ હાઈવે પર આવેલ ધ્રુમઠ ગામ પાસે ચોકડી નજીક માલધારીઓ પોતાના પશુઓને ચરાવી રહ્યાં હતાં તે દરમ્યાન ગેડીયા ગેંગના ચાર જેટલાં શખ્સોએ આવી બોલાચાલી કરી હતી. જેમાં પહેલા હવામાં ફાયરીંગ કર્યુ હતું અને ત્યારબાદ અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખી ઉશ્કેરાઈ જઈ બે શખ્સો દેવાભાઈ અણદાભાઈ અને મફાભાઈ કાનાભાઈને ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ ધ્રાંગધ્રા સરકારી હોસ્પીટલ ખાતે અને વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યાં હતા. જ્યારે ઈજાગ્રસ્તો અને તેમના પરિવારજનોના જણાવ્યા મુજબ ગેડીયા ગેંગના કાળો મુન્નો અને તેના સાગરીતો હોવાનો આક્ષેપ કર્યો હતો.

## ૨૫ સ્થળે ITનો સપાટો, પોપ્યુલર બિલ્ડરની ઓફિસ અને ઘરે દરોડા પાડ્યા

અમદાવાદ : આઈટી વિભાગે ગુરૂવારે એક સાથે ૨૫ જગ્યાએ દરોડા પાડ્યા હતા. શહેરના વિવાદાસ્પદ પોપ્યુલર બિલ્ડરને ત્યાં દરોડા પડતા અન્ય બિલ્ડરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોપ્યુલર બિલ્ડર રમણ પટેલની ઓફિસ અને ઘરે આઈટીએ દરોડા પાડ્યા છે. પોપ્યૂલર બિલ્ડર ગ્રૂપમાં આઈટીની રેડ પડતા અફડાતફડીનો માહોલ સર્જાયો છે. આજે વહેલી સવારમાં જ આઈટી વિભાગે અમદાવાદમાં ૨૫ જગ્યાએ રેડ પાડી છે. શહેરના વિવાદાસ્પદ બિલ્ડર પોપ્યૂલર ગ્રૂપની ઓફિસ અને નિવાસ સ્થાને સર્ચ ઓપરેશન ચાલું છે. આ સિવાય દશરથ અને વિરેન્દ્ર પટેલના ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. પોપ્યુલર બિલ્ડર રમણ પટેલના નિવાસ સ્થાને પણ આઈટીએ આજે રેડ પાડીને સપાટો બોલાવ્યો હતો.

## ભાવનગરના તળાવમાં ૬ યુવકો ડૂબ્યા, ૧ની લાશ મળી, ૨નો બચાવ

ભાવનગરના ઉમરાળામાં ૬ યુવકો ડૂબ્યા હોવાની ઘટના બની છે. આ મામલે એક યુવકની લાશ મળી આવી છે જ્યારે બે યુવકોને બચાવી લેવામાં આવ્યા છે ભાવનગર નવઉમરાળા તાલુકાના ચોગઠ ગામે આ ઘટના બની છે. ચોગઠ નજીક પસાર થતી કાલુભાર નદીના પટમા ન્હાવા પડેલા ૬ યુવકી ડૂબ્યા હતા. આ તમામ યુવકો ૧૫ થી ૨૦ વર્ષના હોવાનું સામે આવી રહ્યું છે. આ મામલે ૧ યુવકની લાશ મળી આવી છે. જ્યારે હજુ અન્ય ૩ લોકો લાપતા છે. ઘટનાની જાણ થતા જ મામલતદાર સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ભાવનગરથી ફાયરનો કાફલો બચાવ સામગ્રી સાથે રવાના થઈ ગયો છે.


MEGH
FRESH & HEALTHY
MEGH GIVES YOU A VERY CAREFULLY CRAFTED DELICACY THAT PROVIDES YOU AN INTRICATELY TASTE OF INDIA
SABUDANA
THIN POHA
CORN MAMRA
GJ 17 RICE
MIX FRYUMS
RAW PANIPURI
BAJRI FLOUR
ROASTED CHANA
DISCO PAPAD
DESI JAGGERY
JAGGERY
AAM PAPAD
Kesar Mango Pulp
MAMRA, POHA, CHANA, DALIYA, TRADITIONAL RICE, RICE PAPAD, URAD PAPAD
MANGO PULP, JAGGERY, ALL FLOUR, FRYUMS, FARALI AND MANY MORE...
DISTRIBUTED BY: MEGH FOODS CANADA BRAMPTON ON L6V 4R3,
289 946 1976 / 289 946 1936 | EMAIL MEGHFOODSCANADA@GMAIL.COM

# નટરાજ યુથ એન્ડ કલ્ચરલ ઓર્ગે. દ્વારા ગાંધી જયંતી ઉજવાઈ

## પ્રતિમાને પુષ્પમાળા પહેરાવાયા બાદ ભજનનું ગાનઃ આર્ટ કોમ્પિટિશન, નિબંધ લેખન જેવા કાર્યક્રમ યોજવા જાહેરાત







ટોરન્ટો : ટોરન્ટો સ્થિત વિષ્ણુ મંદિર ખાતે નટરાજ યુથ એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયાની ઉપસ્થિતિમાં મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી ૨જી ઓકટોબરે સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન કરી હતી. આ વર્ચ્યૂઅલ ઈવેન્ટમાં બે વીડિયો કોમપોનન્ટ હતા. જેમાં લાઈવ અને પ્રિએડીટેડ વીડિયોનું મિશ્રણ હતું. જે ગાંધી વિચારને અનુસરનારા આંતર રાષ્ટ્રીય સંગઠનો તરફથી પુરા પાડવામાં આવ્યા હતા. વિષ્ણુ મંદિર ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમા - ભારતના ઐતિહાસિક શાંતિદૂતની યાદમાં બનેલા પીસ પાર્કની મધ્યમાં આ પ્રતિમા રાખવામાં આવી છે.સલાહકાર બોર્ડના સભ્ય અને કાર્યક્રમના આયોજક તુષાર ઉનડકટે અતિથિવિશેષ અને કેનેડા ખાતેના ભારતના કોન્સલ જનરલ અપૂર્વા શ્રીવાસ્તવનું સ્વાગત કરાયા બાદ દિપ પ્રાગટય થયું હતું. સંસ્થાના પ્રમુખ ચિંતના ભાવસાર અને અન્ય મહાનુભાવોની હાજરીમાં પ્રાર્થના યોજાઈ હતી. જેમાં ડો. દુબેજીએ ગાંધી પ્રતિમાને પુષ્પમાળા પહેરાવી હતી.

ભારત અને કેનેડાના રાષ્ટ્રગીત અને ગાંધીજીના પ્રિય ભજન વૈષ્ણવજન તો તેને રે કહીએનું ગાન થયું હતું. એનવાયસીઓએ ત્રણ મિનીટની વીડિયો ક્લિપ દર્શાવી હતી. જેમાં ગાંધી ચળવળ અને અન્ય ઘટનાઓની ઝાંકીનો સમાવેશ થયો હતો. આ સાથે જ વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોના આયોજન સાથે કરવાની જાહેરાત પણ સંસ્થાએ કરી હતી. જેમાં આર્ટ કોમ્પિટિશન, નિબંધ લેખન અને ગાંધીજી વિશેના પુસ્તકોના વિતરણનો સમાવેશ થાય છે. સંસ્થાના અધ્યક્ષ ચિંતના ભાવસારે આ જાહેરાત કરી હતી. ટોરન્ટો ખાતેના કોન્સલ જનરલ ઓફ ઈન્ડિયા અપૂર્વા શ્રીવાસ્તવે મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી વર્ષ દરમિયાન કરવાની જાહેરાત કરી હતી, આયોજનને સફળ બનાવવા બદલ આયોજકોએ ટોરન્ટોના મેયર જોન ટોરી, ટોરન્ટોના સ્કારબોરોના એમપીપી ડો.રેમન્ડ ચો, બ્રામ્પટન, ટોરન્ટોના એમપીપી પેટ્રીક બ્રાઉન, સ્કારબોરો ગિલ્ડવુડ, ટોરન્ટોના એમપી જોન મેક કે, અમેરીકાની ઓરોનો સ્થિત ધી યુનિવસીટી ઓફ મૈનેના ફિલોસોફીના પ્રોફેસર ડગ્લાસ એલેન, અમેરીકાના ટેકસાસ હયુસ્ટન ખાતેના એટર્નલ ગાંધી મ્યુઝિયમ, બર્લિન ખાતેના ગાંધી ઈન્ફોર્મેશન સેન્ટર, વોશિંગ્ટન ડીસી ગાંધી મેમોરિયલ સેન્ટર, અમદાવાદ સ્થિત કોચરબ આશ્રમ, ભારતના ફિલ્મકાર, દિપક અંતાણી, નવી દિલ્હી સ્થિત નેશનલ ગાંધી મ્યુઝિયમ, ઓન્ટેરીયો ખાતેના રામનારાયણ શાહદેવ, દક્ષિણ આફ્રિકાના ડર્બનમાં રહેતા ગાંધીજીના પૌત્રી ઈલાબેન ગાંધી, ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધી, અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમ અને ન્યુજસી ખાતેના શેર એન્ડ કેર ફાઉન્ડેશનનો આભાર વ્યકત કરાયો હતો.

કેતન ગાંધી, પ્રફુલ ભાવસાર, એન.વી.સોન્દેરવા, અજિત પટેલ તથા સલાહકાર કમિટીના સભ્યો તૃષાર ઉનડકટ, આશા આદિતી રૂપારેલિયા, ડો.મફતભાઈ પટેલ અને એકઝીકયુટીવ કમિટીના નિસર્ગ લખમાની, મહર્ષિ ભાવસાર અને ધ્રુવ ભાવસાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

# ઓન્ટેરિયોમાં હવે ડે લાઈટ સેવિંગ ટાઈમના કાયમી અમલની હિલચાલ

ટોરન્ટોઃ ઓન્ટેરિયોમાં અર્ધ વાર્ષિક ધોરણે ઘડીયાળનો સમય બદલવાની પ્રથાનો અંત આવશે અને ડેલાઈટ સેવિંગ ટાઈમને અપનાવવામાં આવે એવી શકયતાઓ છે. આ સંદર્ભે સંસદમાં રજુ થયેલા નવા પ્રાઈવેટ મેમ્બર બીલને સરકારનું સમર્થન મળે અને પસાર થાય તો આ શકય બનશે. બુધવારે ઓટાવા પશ્ચિમના નેપીઅનના એમપીપી જમી રોબર્ટસે આ સમય સુધારણા માટેનો પ્રસ્તાવ સંસદમાં રજુ કર્યો હતો. જેનાથી ઓન્ટેરિયોમાં વર્ષમાં બે વાર સમય બદલવાની પ્રથાનો અંત આવશે અને કાયમી ધોરણે ડેલાઈટ સેવિંગ ટાઈમનો અમલ શરૂ થશે.

**જો ખરડો પસાર થઈ જશે તો ન્યૂર્યોક અને કયૂબેક પ્રાંતમાં રાહત થશે, ધંધાદારીઓને પણ લાભની આશા**

આ ખરડાને કવીન્સપાર્કની વિધાનસભામાં બીજીવારના વાંચન બાદ પસાર કરી દેવાયો હતો. જો આ ખરડો પસાર થશે તો આખા વર્ષ દરમિયાન એક સરખો સમય રહેશે. બીજી તરફ સૂર્યનો ઉદય ગ્રેટર ટોરન્ટોમાં સામાન્ય રીતે ક્રિસમસમાં સવારે ૯ વાગ્યે થાય છે. એટલે શાળાએ જનારા અને કામે જનારા લોકોએ અંધારામાં નીકળવું પડે છે. જો આ ખરડો પસાર થશે તો ન્યુયોર્ક અને કયુબેક પ્રાંતને પણ એનો ફાયદો થશે. સાંજના સમયે વધતા પ્રકાશને કારણે લોકો ખરીદી માટે મોટી સંખ્યામાં નીકળી પડે છે. જેનો ફાયદો નાના બિઝનેસમેનને થશે. તેમણે એમ પણ કહ્યું કે ઓન્ટેરિયોના લોકો પણ કામના સ્થળે સૂર્યાસ્ત જોઈને થાકયા છે. પરમેનન્ટ ડે લાઈટ સેવિંગનો અમલ થશે અને દિવસની સ્ટાન્ડર્ડ શિફટ શરૂ થશે.

આ અગાઉની સમય બદલવાની પ્રથાના અંત માટેની દરખાસ્તો લોજિસ્ટીકલ તફાવતને કારણે અટકી ગઈ હતી. તેમણે એમપણ કહ્યું હતું કે ડેલાઈટ સેવિંગ ટાઈમની શરૂઆત માર્ચની ૮મીથી થશે. જે ઓન્ટેરિયોમાં પહેલી નવેમ્બરે સવારે બે વાગ્યે પુરો થશે. ડેલાઈટ સેવિંગ ટાઈમના અમલથી ઘણાં ફાયદા થશે.

# કેનેડાએ ટેમ્પરરી વિઝા અને ઈટીએની ઓનલાઈન પ્રોસેસને એક વર્ષ લંબાવી

## ટીઆરવી અરજદારો માટેની કેટેગરીઓમાં પણ વધારો કરાયો, નવી યોજના જુલાઈથી અમલમાં હતી

ટોરન્ટો : ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી)એ કરેલી જાહેરાત મુજબ કેનેડાએ ટેમ્પરરી રેસીડેન્ટ વિઝા (ટીઆરવી) માટેની ઓનલાઈન અરજીઓ તથા ઈલેકટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ઈટીએ) માટેની અરજીઓ ઓનલાઈન પ્રોસેસીંગને આવતા વર્ષ સુધી લંબાવ્યું છે. ટીઆરવી અરજદારો માટેની કેટેગરીઓમાં પણ વધારો કરાયો છે. જે અગાઉની યાદીમાં નહોતી. વર્તમાન નિયમો મુજબ ટેમ્પરરી રેસીડેન્ટ વિઝા, વિદેશી નાગરિકો જે કેનેડાથી બહાર હોય, તેમની વર્ક પરમિટ કે સ્ટડી પરમિટની અરજી ઈલેકટ્રોનિક માધ્યમથી રજુ કરવાની રહે છે. જેઓ ઓનલાઈન અરજી નથી કરી શકતા એવા દિવ્યાંગોને એમાંથી છૂટ આપવામાં આવી હતી. તેમની છૂટને ચાલુ રખાશે. કેનેડાની સરકારે કહ્યું હતું કે જેઓ વર્તમાન પ્રવાસ પ્રતિબંધો વચ્ચે પ્રવાસ કરી શકે એવાઓને જ પ્રાથમિકતા આપવામાં આવશે અને હાલના અને નવા અરજદારોને તક મળશે.

જો મંજુરી મળે તો પણ તેમને પ્રવાસ પ્રતિબંધથી મુકિત મળ્યા બાદ પણ તેમણે ઈમિગ્રેશન એન્ડ રેફયુજી પ્રોટેકશન એકટ (આઈઆરપીએ) મુજબની પાત્રતા મેળવવી પડશે. કેનેડાએ પહેલી જુલાઈથી ટીઆરવી અને ઈટીએ અરજીઓનું ઓનલાઈન પ્રોસેસીંગ શરૂ કર્યું છે.

### છુટ અપાઈ હોય તેવા બે ગ્રુપોમાં કયા કયા અરજદારોને લાભ મળશે તે નીચે મુજબ છે

- એવા વિદેશી નાગરિકો જેમની પાસે ઓળખપત્ર કે પ્રવાસ માટેના દસ્તાવેજો જે એવા દેશ તરફથી મળ્યા હોય જયાંના તેઓ નાગરિક નથી, શરણાર્થી કે સ્ટેટલેસ છે. જેઓ જયાં રહે છે ત્યાંથી પાસપોર્ટ કે અન્ય પ્રવાસના દસ્તાવેજો મેળવી નથી શકતા.
- સિઝનલ એગ્રીકલ્ચર વર્કર્સ પ્રોગ્રામ હેઠળના અરજદારો.
- આઈઆરસીસીએ એમ પણ કહ્યું હતું કે, જેમને પ્રવાસ પ્રતિબંધથી મુકિત મળી હોય એવા અરજદારોની અરજીઓના પ્રોસેસીંગને પ્રાથમિકતા અપાશે. તેમ છતાં નોન પ્રયોરીટી ટીઆરવી અરજીઓનું પ્રોસેસીંગ પણ શરૂ કરાશે.
- આઈઆરસીસી એવા માન્ય ટીઆરવી અરજદારોને જાણ કરશે કે, મંજુરી હોવા છતાં કેનેડાનો પ્રવાસ ટાળવો.
- અત્યારના નિયમો મુજબ અરજદારોએ ઈટીએ અરજી ઓનલાઈન કરવાની રહેશે અને એવા અરજદારોની અરજીઓ પર એજન્ટના અભિપ્રાય બાદ નિર્ણય લેવાશે.

# ફેમિલી કલાસ ઈમિગ્રેશન માટે નિયમોમાં છૂટ આપવા નિર્ણય

## • આર્થિક પડકારોનો સામનો કરવા છુટછાટ અપાઈ હોવાનો પરિપત્રમાં ઉલ્લેખ

ટોરન્ટો : ફેમિલી કલાસ શ્રેણીમાં આવનારા ઈમિગ્રન્ટસ માટે કેનેડા હવે આવકના નિયમોમાં છૂટછાટ આપશે. જેથી સ્પોન્સર્સ તેમના સંબંધીઓને કોરોના વાઈરસને કારણે આવક ગુમાવી હોય તો પણ બોલાવી શકશે.

નવી ટેમ્પરરી પબ્લિક પોલીસી એટલે એવા કેનેડીયનો જે તેમના વિદેશમાં વસનારા પરિવારના સભ્યોને સ્પોન્સર કરતા હોય તેમની લઘુતમ આવકની મર્યાદા કરતા ૩૦ ટકા કે એથી વધારેનો ઘટાડો વર્ષ ૨૦૨૦માં થયો હોય તો પણ સ્પોન્સર કરી શકશે અને રેગ્યુલર એમ્પ્લોયમેન્ટ ઈન્સ્યુરન્સના લાભને પણ આ વર્ષ માટે ગણતરીમાં લઈ શકશે, જે સામાન્ય રીતે ઈઆઈના લાભો માટે માન્ય નથી.

આ ફેરફારો કયુબેકના સ્પોન્સર્સને લાગુ નહીં પડે કેમ કે, એ પ્રાંતનો પોતાનો ફેમિલી સ્પોન્સરશીપ પ્રોગ્રામ છે. જો કે સ્પોન્સરે લઘુતમ આવકની જરૂરીયાતને પુરી કરવી પડશે અને જે તે વર્ષના ટેક્ષેસન વર્ષ માટેની અન્ય અરજદારોની જરૂરીયાતો પુરી કરવી પડશે.

### નીચે મુજબના પરિવારના સભ્યો માટે અરજી કરી શકાશે

- સ્પાઉસ એન્ડ કોમન લો પાર્ટનર્સ
- આધારીત સંતાનો
- નાના ભાઈ બહેન, ભત્રીજા અને ભત્રીજીઓ તથા જેમના વાલી ન હોય એવા પૌત્રો અને
- સ્પોન્સરના કોઈ પણ વય જુથના સગાઓ, જો સ્પોન્સરના કેનેડામાં કોઈ નજીકના પરિવારના સભ્યો નહીં હોય.

એનો અર્થ એવો થાય છે કે બાકીના સંબંધિત વર્ષ માટે તેમણે આવકના ૩૦ ટકા પુરા કરવા પડશે અને તેમને કુલ રકમના આધારે જ સ્પેશીયલ એમ્પ્લોયમેન્ટ ઈન્સ્યુરન્સના લાભો મળી શકશે.

નવા ધોરણો એવા કેનેડીયનોને લાગુ પડશે જે પેરન્ટસ એન્ડ ગ્રાંડ પેરન્ટસ પ્રોગ્રામ (પીજીપી) અંતર્ગત અરજી કરવાના હોય તેમના માટે ઈરાદો જાહેર કરવાની તારીખ ૧૩મી ઓકટોબર છે. આ નવી પોલીસી ૨જી ઓકટોબરથી અમલમાં આવી છે અને જયારે લાયક અરજદારોની અરજીઓનું પ્રોસેસીંગ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

મિનીસ્ટર ઓફ ઈમિગ્રેશન માર્કો મેન્ડીસીનોના હસ્તાક્ષર સાથે જારી થયેલી સુચનાઓમાં જણાવવામાં આવ્યું હતું કે કોરોનાની મહામારીને કારણે કેનેડીયનોએ જે આર્થિક પડકારોનો સામનો કરવો પડયો છે એને જોતા આ છૂટછાટો જાહેર કરવામાં આવી છે.

# યુએસના ફલોરિડામાં વિસનગરના ગુજરાતી યુવકની ગોળીમારી હત્યા

મહેસાણા- વિસનગરના સેવાલીયા ગામના પટેલ દિલીપભાઈ ભાઈચંદભાઈ ઉ.વ.૪૩ છેલ્લા ઘણા સમયથી અમેરિકાના ફ્લોરીડામાં સેટલ થયેલા હતા. ફ્લોરીડા શહેરમાં તેઓ સ્ટોર ધરાવતા હતા. ગઈકાલે રાત્રે તેમના સ્ટોરમાં અશ્વેત લૂંટારૂઓ ધસી આવ્યા હતા. જેમના હાથમાં બંદૂક લઈ અશ્વેત લૂંટારૂઓ લૂંટના ઈરાદે ઘૂસ્યા હતા. પરંતુ પટેલ દિલીપભાઈએ તેમને મચક ન આપતા અશ્વેત લુંટારૂઓએ ફાયરીંગ કર્યું હતું. જેમાં ગંભીર રીતે ઘવાયેલા દિલીપભાઈ પટેલનું સારવાર દરમિયાન ફ્લોરીડાની ખાનગી હોસ્પિટલમાં મોત થયું હતું. સેવાલીયા ગામના દિલીપભાઈ તેમના પિતા ભાઈચંદભાઈ પટેલ, માતા, પત્ની અને બે પુત્રો સાથે ફ્લોરીડામાં સેટલ થયા હતા. તેમની હત્યાની ઘટનાની જાણ થતા વિસનગરના સેવાલીયા ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા ઘણા સમયથી મહેસાણા જિલ્લાના અમેરિકા સેટ થયેલા યુવાનો ઉપર ગોળીબારની ઘટના વધી ગઈ છે. મહેસાણા જિલ્લાના અનેક યુવાનો સારી જીંદગી જીવવાની આશાએ અમેરિકા સેટલ થયા છે. જેમાં અમેરિકાની પરિસ્થિતિ હવે બદલાઈ ચુકી હોવાથી અવાર-નવાર ગોળીબારની ઘટના બનતી રહે છે. જેમાં અશ્વેત યુવાનોએ ગોળી મારી મહેસાણા જિલ્લાના ચાર યુવાનોની એક જ વર્ષમાં હત્યા કરી છે. આ યુવાનોમાં બે કડી તાલુકાના, એક માણસા તાલુકાનો અને એક વિસનગર તાલુકાના યુવાનનો સમાવેશ થાય છે.

## આણંદમાં કથિત કૌભાંડો મુદ્દે શહેર કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

આણંદ : આણંદ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ગેરવહીવટ કરવામાં આવતો હોવાના આક્ષેપો સાથે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. બુધવારે આણંદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા નગરપાલિકામાં આચરવામાં આવેલ કથિત કૌભાંડો તથા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓના અભાવે પડી રહેલ હાલાકીને લઈ વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. જો કે વિરોધકર્તાઓ નગર પાલિકા સંકુલમાં પ્રવેશ કરે તે પૂર્વે સ્થળ પર હાજર શહેર પોલીસની ટીમે વિરોધ કરી રહેલા તમામ લોકોની અટકાયત કરી હતી.

## સરદાર જયંતીએ દેશની પ્રથમ સી પ્લેન સેવાનો પ્રારંભ કરાશે

કેવડિયા : આગામી તા. ૩૧મી ઓકટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કેવડિયા કોલોનીના પ્રવાસે આવી રહયાં છે. અહિં તેઓ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરશે.

આ દિવસે સુરક્ષા એજન્સીઓ દ્વારા પરેડનું આયોજન કરવામાં આવ્યુ છે. કાર્યક્રમમાં ગત વર્ષની સરખામણીમાં ઘણાં ઓછા મહેમાનોને આમંત્રીત કરવામાં આવશે. તા.૩૧મી ઓકટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ છે. આ દિવસે દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખાસ ગુજરાતના પ્રવાસે આવી રહયાં છે અને એસ.ઓ.યુ.ની મુલાકાત લેશે જયાં ભારતની સૌ પ્રથમ સી પ્લેન સેવાનો પ્રારંભ કરશે. મોદી અમદાવાદથી કેવડિયા ખાતે સી પ્લેન દ્વારા આવશે નર્મદા ડેમ વિસ્તારના તળાવ નંબર ૩માં સી પ્લેન લેન્ડ થશે આ ઉપરાંત ફેરી બોટ નીચે સુવિધા પણ છે. જે કેવડિયાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીનો પ્રારંભ કરાશે.

# ઊંઝા APMCમાં કરોડોનું સેસ કૌભાંડ સત્તાધીશોએ સોફ્ટવેર દ્વારા કર્યો ખેલ

ઊંઝા : એશિયાની સૌથી મોટી ઊંઝા એપીએમસીમાં સત્તાધીશો ચેરમેન દિનેશ પટેલ અને સેક્રેટરી વિષ્ણુ પટેલ દ્વારા આચરવામાં આવેલ કથિત ૧૫ કરોડના સેસ કેશ કૌભાંડમાં દરરોજ નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. સોમવારે સૌમિલ પટેલે રજિસ્ટ્રારને અગાઉ સોંપેલા પુરાવાઓ બાબતે લેખિતમાં વિસ્તૃત સમજૂતી પણ રજૂ કરી છે જેમાં એપીએમસીના સેસ વિભાગમાં જે કોમ્પ્યુટરમાં સેસ કલેક્શનની પાવતીઓ બનતી હતી તે બનાવવા માટે વિશેષ 'મુનીમજી'નામનું સોફ્ટવેર સત્તાધીશો દ્વારા ઈન્સટોલ કરવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ કર્યો છે.

સોફ્ટવેરમાં રીસીપ્ટ બનાવવા માટે તેમાં રીસીપ્ટ એડીટ તથા ડીલીટનો ઓપ્શન ઉમેરાવી આસાનીથી એક જ પાવતી નંબર ઉપર અનેક વખત રકમ ઉઘરાવાતી હતી જેના બદલમાં અનેક પાવતીઓની પ્રિન્ટ કાઢી શકાય તેવી સુવિધા ઉભી કરવામાં આવી હતી. એપીએમસીના રેકોર્ડ મુજબ સૌમિલ પટેલ જણાવે છે કે જે મોડસ ઓપરેન્ડીથી રૂપિયા જમા લેવાતા હતા તે મુજબ માત્ર ૨૧ જુલાઈના દિવસે એકલા ઉસ્માનભાઈ અબ્દુલભાઈ નામના વ્યક્તિના નામે જ રૂ.૩૦૭૨૦, રૂ. ૧૯૬૫૦, રૂ. ૩૦૦, રૂ. ૪૪૪૦, રૂ. ૨૫૬૪૦, રૂ. ૯૫૦૦, રૂ. ૧૨૯૨૦, રૂ. ૬૪૦૦, રૂ.૧૦૬૦, રૂ. ૫૬૪૦, રૂ.૮૭૬૦, રૂ.૧૪૦૦, રૂ.૩૨૮૦, રૂ. ૨૦ એમ મળી કુલ રૂપિયા ૧ લાખ ૨૯ હજાર ૭૩૦ રૂપિયા પાવતી નંબર ૫૬૨ હેઠળ જ અલગ અલગ પાવતીઓ બનાવીને ઉઘરાવી લીધા હતા પરંતુ માર્કેટયાર્ડના ચોપડે માત્ર ૨૦ રૂપિયા જ જમા દખાડયા હતા.

## કરમસદમાં ભાજપના કાઉન્સિલરનો પુત્ર દારૂ સાથે ઝડપાયો

કરમસદ નગરપાલિકાના વોર્ડ નં. પાંચના ભાજપના કાઉન્સીલર અલ્પાબેન પટેલનો પુત્ર બ્રિજેશને પોતાના સાગરિત સાથે ગતરાત્રિના સુમારે ગાડીમાં રોયલ સિલેક્ટ ડીલક્ષ વ્હીસ્કી માર્કાના ૨૫૦થી વધુ નંગ વિદેશી દારૂની બોટલો સાથે પોલીસે ઝડપી લઈ બન્ને વિરૂદ્ધ પ્રોહીબીશનની જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોધી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરાતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

જે યુવક કરમસદ પાલિકાના ભાજપના મહિલા કાઉન્સીલર અલ્પાબેન પટેલનો પુત્ર હોવાનું ઉજાગર થતાં જ ખળભળાટ મચી જવા પામ્યો છે.

## મહેસાણામાં માતા-પ્રેમીને કઢંગી હાલતમાં જોઈ જનાર માસૂમ બાળકની હત્યા

મહેસાણા : જોટાણા તાલુકાના મેમદપુર ગામના લલીત શકરાજી ઠાકોર વેલ્ડીંગ કામની મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારના રોજ બપોરના સુમારે ઘર આગળ રમી રહેલા તેમનો ૬ વર્ષીય પુત્ર જગદીશ એકાએક ગૂમ થઈ ગયો હતો. શોધખોળ બાદ માસુમ બાળકની લાશ અર્ધનગ્ન હાલતમાં બાલસાસણ તરફ જવાના માર્ગેથી મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. જેમાં ઈકો ગાડીમાં અજાણ્યા શખસો બાળકનું અપહરણ કરી ગયા હોવાનો ગામના જ સંજય ગોપાળજી ઠાકોરે પોલીસને જણાવ્યું હતું. સંજય ઠાકોરની અટકાયત કરીને પોલીસે પુછપરછ કરતાં સમગ્ર ઘટના પાછળ અનૈતિક સંબંધો હોવાનું ખૂલ્યું હતું. મૃતક બાળક પોતાની માતા અને તેના પ્રેમી સંજયને ગામની સીમમાં કઢંગી હાલતમાં જોઈ ગયો હતો. આ વાત ઘરમાં કહી દેશે તેવા ડરથી સંજયે તેની હત્યા કરી નાખી હતી.

## આસો માસની નવરાત્રિના શુભ મુર્હુતો નવ દુર્ગાના અલૌકિક સ્વરૂપો - મંત્રો - કાર્ય અને ફળ પ્રાપ્તિની માહિતી




આસો (નીજ) સુદ એકમ (પડવો)ને શનિવાર તા. ૧૭-૧૦-૨૦૨૦થી નવરાત્રિ ની શરૂઆત થાય છે. ઘટસ્થાપન, જ્વારા, અખંડદીપ, ગરબા સ્થાપન મુર્હૂત સમય : સવારે ૭.૩૦ થી ૯.૦૦, શુભ ચોઘડીયું. બપોરે ૧૨.૩૬ થી ૪.૩૧, ચલ-લાભ-અમૃત

(૧) તા. ૧૭-૧૦-૨૦૨૦ પ્રતિપદામાં શૈલપુત્રી - શનિવાર (૨) તા. ૧૮-૧૦-૨૦૨૦ દ્વિતીયમાં બ્રહ્મચારિણી - રવિવાર (૩) તા. ૧૯-૧૦-૨૦૨૦ તૃતીયમાં ચંદ્રઘંટા - સોમવાર (૪) તા. ૨૦-૧૦-૨૦૨૦ ચતુર્થીમાં કૃષ્માંડા - મંગળવાર (૫) તા. ૨૦-૧૦-૨૦૨૦ પંચમીમાં સ્કંધમાતા - બુધવાર લલીતા પંચમી શ્રી યંત્ર પૂજા અભિષેક કરવા માટે મુર્હૂત સમય - સવારે ૬ થી ૭.૩૦ લાભ ચોઘડીયું, સવારે ૭.૩૦ થી ૯.૦૦ અમૃત ચોઘડીયું, સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ શુભ ચોઘડીયું. (૬) તા. ૨૨-૧૦-૨૦૨૦. ષષ્ટી માં કાત્યાયની ગુરૂવાર (૭) તા. ૨૩-૧૦-૨૦૨૦ સપ્તમી માં કાલરાત્રી શુક્રવાર અસો સુદ - ૭ને શુક્રવારના રોજ ૬.૫૧ થી અષ્ટમી (આઠમ) બેસે છે. ત્યારબાદ માતાજીનો હવન કરી શકાય. પૂજા અર્ચના માટે છે. અમુક માન્યતાને કારણે દિનને ગણતા હોવાથી તેમના માટે સાતમ છે. (૮) તા. ૨૪-૧૦-૨૦૨૦ અષ્ટમી માં મહાગૌરી - શનિવાર તા. ૨૪-૧૦-૨૦૨૦ને શનિવાર સવારે ૭.૦૦ સુધી જ અષ્ટમી છે. ત્યારબાદ નોમ બેસતી હોવાથી માતાજીને નૈવેધ - પૂજા તા. ૨૪-૧૦-૨૦૨૦ને શનિવારે કરવું (ધરાવવું) (૯) તા. ૨૫-૧૦-૨૦૨૦ નવમી માં સિધ્ધિ દાત્રી - રવિવાર સવારે ૭.૪૧ પછી વિજયા દશમી મનાવવી. ગરબો વળાવવો. જ્વારા માતાજી વિસર્જન માટે શુભ મુર્હૂત : બપોરે ૨.૨૪ થી ૩.૦૦ વિજય મુર્હૂત છે. સવારે ૮.૧૧ થી ૧૨.૨૧, બપોરે ૧.૫૨ થી ૩.૧૧, સાંજે ૩.૨૧ થી ૬.૦૦, રાત્રે - ૬.૦૦ થી ૧૦.૩૮.

માતાજીનું મુળ નિવાસસ્થાન મણિદ્વીપ છે.

દેવી ભાગવત તથા ચંડીપાઠ- દુર્ગા સપ્ત શતીનો પાઠ કરવો. અષ્ટમીના દીવસે હવન (યજ્ઞ) કરવો

દેવોએ માતાજીની આરાધના કરીને મહિષાસુર રાક્ષસના ત્રાસથી બચાવવા વિનંતી કરેલ માતાજીએ મહીષાસુર રાક્ષસના ત્રાસથી બચાવવા વિનંતી કરેલ માતાજીએ મહીષાસુરનો વધ કરેલ ત્યારથી માતાજીનું નામ મહીષાસુર મર્દાની પડેલ આ નવ દીવસ માતાજીએ નવ સ્રૂપ ધારણ કરેલ (૧) શૈલપુત્રી (૨) બ્રહ્મચારિણી (૩) ચંદ્રઘંટા (૪) કુષ્માંડા (૫) સ્કંધમાતા (૬) કાત્યાયની (૭) કાલરાત્રી (૮) મહાગૌરી (૯) સિધ્ધિ દાત્રી ત્યારબાદ દશમે દીવસે મહીષ એટલે પાડો અસુર એટલે રાક્ષસનો માતાજીએ વધ કરેલ જેથી દેવો અને ઋષિ મુનીઓ આનંદીત થીને માતાજીને પુછેલું કે માતા તમને ખુશ રાખવા કાયમ પ્રસન્ન રાખવા અમે શું કરીએ ત્યારે માતાજીએ કહેલ કે ધુપ- દીપ- નૈવધ મને અર્પણ કરશે મારી ભક્તિ કરશે તેની ઉપર સદાયને માટે પ્રસન્ન ર૯હી આશીર્વાદ આપીશ જેનો ઉલ્લેખ દેવી ભાગવત અને દુર્ગા સપ્તસદીમાં આપે છે. નવરાત્રિમાં ઉપવાસ કરવો. બ્રહ્મચર્યનું પાલન કરવું નવદુ૪ગાના મંત્રો, માળા સ્તુતી, આરાધના કરવી. ધ્યાન કરવું.

(૧) શૈલપુત્રી : માતાજીનું પહેલું ઈશ્વરીય સ્વરૂપને યોગ માર્ગમાં ચેતના સર્વોચ્ચસ્થાનની શરૂઆત થતી હોવાથી જાતકની ઊર્જા તેના ચરમ સ્તર પર પહોંચે છે ત્યારે મુલાધાર ચક્ર જાગૃત થાય છે. ત્યારે જ તેનો અનુભવ થાય છે. મંત્ર :- ૐ શૈલ પુત્ર્યૈ નમઃા ની રોજ માળા કરવી જોઈએ. ૧૧૧- માળા આપેલા નવ મંત્રોની જે તે દીવસે કરવાથી ફળની પ્રાપ્તિ થાય છે. (૨) બ્રહ્મચારિણી :- માતાજીનું બીજ ઈશ્વરીય સ્વરૂપ કે જેનો કોઈ આદિ કે અંત નથી. સર્વ વ્યાપી. સર્વશ્રેષ્ઠ વિદ્યમાન- ગતિમાન અનંતમાં ભ્રમણ કરવાવાળા છે. તેનાથી જાતનું સ્વાધિષ્ઠાન ચક્ર જાગૃત થાય છે. મંત્ર : ૐ બ્રહ્મચારિણ્યૈ નમઃા મંત્રની માળા કરવી. (૩) ચંદ્ર ઘંટા :- માતાજીનું ત્રીજુ ઈશ્વરીય સ્વરૂપ જે ચંદ્ર સમાન ક્રાંતિ વાળું જે મન ને ઊતાર-ચઢાવમાં રાખેલ છે. માટે મનને એકાગ્ર કરી માતાજીમાં સ્થીર રાખવું જાતકે વિચલીત થવું નહીં. માતાજીનું આ દૈવી રૂપ દુઃખ મુશ્કેલીઓ ભુખ અને શાંતિમાં બિરાજમાન છે. જાતકનું મણીપુર ચક્ર જાગૃત થાય છે. જે વિચારો અને ભાવનાઓને એકત્રીત કરેલ છે. મંત્ર : ૐ ચંદ્ર ઘંટાયૈ નમઃા (૪) કુષ્માંડા :- માતાજીનું ચોથુ ઈશ્વરીય સ્વરૂપ જે પ્રાણ શક્તિ સમગ્ર બ્રાહ્માંડમાં છે જે પ્રાણવાન ઊર્જા (ઓક્સિજન) પ્રદાન કરવાવાળા જાતકને ઉન્નતિ પ્રજ્ઞા બુદ્ધિ. સર્વ શ્રેષ્ઠતા પ્રદાન કરવાવાળી જગતના દરેક કણમાં તેમનો વાસ છે. જાકતનું ''અનાહકચક્ર'' જાગૃત થાય છે. મંત્ર : ૐ કૃમાંડાયૈ નમઃ માળા કરવી. (૫) સ્કંદમાતા : માતાજીનું પાંચનું ઈશ્વરીય સ્વરૂપ જે આનંદમય , સદાયશાંત, ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ ક્રિયા શક્તિ, વ્યવહારિક જ્ઞાન, તમામ પ્રકારના કર્મોથી પર છે. જાતકનું ''વિશુદ્ધ ચક્ર'' જાગૃત થાય છે. મંત્ર : ૐ સ્કંદમાતાયૈ નમઃા માળા કરવી. (૬) કાત્યાયાની : માતાજીનું છઠ્ઠી ઈશ્વરીય સ્વરૂપ જે આપણી ઈન્દ્રીયોને દ્રશ્ય કે અદ્રશ્યનો અનુભવ કરતી હોય જે આપણી કલ્પનાની બહાર છે જે આ જગતની સુક્ષ્મ વ્યક્તને ચલાવે છે. જે દિવ્યતાના અતિગુપ્ત રહસ્યોના પ્રતિક સમાન, નકારાત્માને દુર કરી સકારાત્મા પ્રદાન કરવા વાળા છે. જાતકનું આજ્ઞાચક્ર (ત્રીજા આંખ) જાગૃત થાય છે. મંત્ર : ૐ કાત્યાયન્યૈ નમઃા માળા કરવી. (૭) કાલરાત્રિ : માતાજીનું સાતમું ઈશ્વરીય સ્વરૂપ અતિ ભયંકર, ભયાવહ છે. આ રૂપથી અન્ય કોઈ રૂપ ભયાવહ નથી પરંતુ આ રૂપ દયા, પ્રેમ, જ્ઞાન, વૈરાગ્ય આપવાવાળું હોવાથી જાતકે આ સમયે કોઈ ડર, બીક, રાખ્યા વગર સાધના ચાલુ રાખવી જાતકનું ''સહસ્રદલ ચક્ર'' જાગૃત થાય છે. મંત્ર : ૐ કાલરાત્ર્યૈ નમઃા માળા કરવી. (૮) મહાગૌરી : માતાજીનું આઠમું ઈશ્વરીય સ્વરૂપ જે અતિ સૌંદર્યથી ભરપુર, પ્રકાશમાન, દેદીપ્યામાન. શાંત. કરૂણામયી અલૌકિક આર્શીવાદ આપવાવાળુ જાતકની મનોકામના પૂર્ણ કરવા વાળું છે. આ સમયે જાતકને તેજોમય ક્રાંતિ સ્વરૂપના દર્શન થાય છે. મંત્ર ૐ મહાગૌર્ય નમઃા માળા કરવી. (૯) સિધ્ધિ દાત્રી :- માતાજીનું નવમું ઈશ્વરીય સ્વરૂપ જે ભૌતિક જગતમાં પ્રગતિ. અનેક પ્રકારની સિધ્ધિઓ આપનાર જાતક જેનો વિચાર કરે તે પહેલા કાર્ય પૂર્ણ કરવા વાળા માતાજી જેનો જાતક પ્રત્યેક સ્વરૂપના દર્શન કરી નવરાત્રીની પૂજા, ધ્યાન, પ્રાર્થના, મંત્ર, યજ્ઞ, પૂર્ણ થયેલો માને છે. માતાજી ભક્તને આર્શીવાદ આપે છે. મંત્ર : ૐ સિધ્ધિ દાત્ર્યૈ નમઃા માળા કરવી.

આ સ્વરૂપોના દર્શન જાતક ધ્યાન મગ્ન થઈને આ જગોએ પહોંચે વિભીન્ન શક્તિરૂપોના દર્શન કરવા વાળો બને છે. માટે નવરાત્રીમાં માતાજીની ઉપાસના આરાધના, ધ્યાન, દ્વારા આવાહન કરવામાં આવે છે.

નવરાત્રીમાં દશ મહાવિદ્યા (૧) કાલી (૨) તારા (૩) ત્રિપુર સુંદરી (૪) ભુવનેશ્વરી (૫) છિન્નમસ્તા (૬) ત્રિપુર ભૈરવી (૭) ધૂમાવતી (૮) બગલામુખી (૯)માતંગી (૧૦) કમલા.ની પણ આરાધના કરવામાં આવે છે. માં ભગવતી જ્યાં બીરાજમાન છે ત્યા કોઈ પુરુષ પ્રવેશ કરી શક્તો નથી એક સમયે બ્રહ્મા, વિષ્ણુ, મહેશે પ્રવેશ કરેલો તે ત્રણેવ દેવો સ્ત્રી સ્વરૂપમાં આવી ગયેલ આવી માતાજીની લીલા છે.

નવરાત્રી સમયે એક ઋતુની સમાપ્તી અને બીજી ઋતુની શરૂઆતને ઋતુઓનો સંધિકાળ ચાલતો હોવાથી ઉપવાસનું વૈજ્ઞાનિક મહત્વ પણ છે. જેનાથી શરીરની રોગ કારક શક્તિ વધે અને શરીર તંદુરસ્ત રહે છે. સાધક (ભક્ત) ઊર્જાવાન બને છે.


-------------- : સંપર્ક સાધવા માટે : --------------
બીપીન એસ્ટ્રોલોજર
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm

# ગુજરાતમાં એક વર્ષમાં દારૂ-ડ્રગ્સના ૨.૪૨ લાખ કેસ

અમદાવાદઃ દારૂ-ડ્રગ્સના કિસ્સામાં ગુજરાતમાં એક વર્ષ દરમિયાન દારૂને લગતા ૨.૪૧ લાખ કાયદાનો ભંગ થયો છે અને જે દેશમાં સૌથી વધુ છે. સમગ્ર દેશમાં એક વર્ષમાં દારૂને લગતા કુલ ૫.૫૮ લાખ કાયદા ભંગની ફરિયાદ નોંધાઇ હતી એ તેમાંથી ૪૦%થી વધુ માત્ર ગુજરાતમાં છે. બીજી તરફ ગુજરાતમાં એક વર્ષમાં ડ્રગ્સને લગતી કુલ ૨૮૯ ફરિયાદો નોંધાયેલી છે.

**મહારાષ્ટ્ર-તમિલનાડુ કરતાં ગુજરાતમાં દારૂ-ડ્રગ્સ અંગે વધુ કેસ**

ગુજરાતમાં ૨૦૧૯ના વર્ષમાં જ દારૂબંધી અંગે ૨.૪૧ લાખ જ્યારે ડ્રગ્સના સેવન-હેરફેર અંગે ૨૮૯ ફરિયાદો નોંધાઇ

એનસીઆરબી દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલ પ્રમાણે વર્ષ ૨૦૧૮માં ગુજરાતમાં દારૂબંધીને લગતી ૧,૯૯,૭૫૧ ફરિયાદ નોંધાઇ હતી અને તે વર્ષ ૨૦૧૯માં વધીને ૨,૪૧,૭૧૫ થઈ ગઈ છે. ગુજરાતમાં ગત વર્ષે માત્ર અમદાવાદમાંથી દારૂબંધીને લગતી ૨૦,૭૫૫ જ્યારે સુરતમાંથી ૨૩,૯૫૭ ફરિયાદ નોંધાઈ હતી. ૨૦૧૮ના વર્ષમાં અમદાવાદમાંથી ૧૭૧૭૧ અને સુરતમાંથી ૨૧૯૨૦ ફરિયાદો નોંધાઇ હતી. ગુજરાત બાદ તમિલનાડુ ૧,૫૧,૨૮૧ સાથે બીજા, મહારાષ્ટ્ર ૮૩,૧૫૬ સાથે ત્રીજા અને બિહાર ૪૯,૧૮૨ સાથે ચોથા સ્થાને છે. ગુજરાતમાં ડ્રગ્સને લગતી કુલ ૨૮૯ ફરિયાદો નોંધાઈ છે.

## મહિનામાં ૪.૩૯ કરોડનું મોર્ફીન, હેરોઇન સહિત ડ્રગ્સ પકડાયું

અમદાવાદ : ગૃહ વિભાગ દ્વારા રાજ્યનું યુવાધન નશીલા પદાર્થોની બદીથી દુર રહે અને રાજ્યમાં ડ્રગ્સ, મોર્ફીન, હેરોઇન સહિતના નશીલા પદાર્થો અને અન્ય મન પ્રભાવિત કરતા કેફી દ્રવ્યોનું ઉત્પાદન અને વેચાણ રોકવા માટે પોલીસ દ્વારા સમગ્ર ગુજરાતમાં ખાસ મેગા ડ્રાઇવ રાખવામાં આવી હતી. જેમાં તા. ૫ સપ્ટેમ્બરથી તા. ૪ ઓકટોબર સુધી આ ડ્રાઇવ દરમિયાન રાજ્યમાં નશીલા પદાર્થોનુ વેચાણ, ઉત્પાદન અને હેરાફેરી સહિત ગેરકાયદેસરની પ્રવૃત્તિ અંગે કુલ ૭૧ જેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા છે. જેમાં ગાંજો અફીણ, ચરસ અને મોર્ફીન તથા હેરોઇન, મેફેડ્રોન સહિતના કુલ ૪.૩૯ કરોડની કિંમતના નશીલા પદાર્થો પકડી પાડવામાં આવ્યા છે. આવી પ્રવૃત્તિમાં સંડોવેયેલા કુલ ૭૯ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. આ ડ્રાઇવ દરમિયાન માદક પદાર્થોના વેચાણ તથા હેરાફેરીમાં અગાઉ જે આરોપીઓ સંડોવાયેલા હોય અને ડ્રગ્સનું રેકેટ ચલાવતા હોય અથવા તેનો ભાગ હોય તેવા ૧૩ આરોપીઓને પણ ઓળખીને તેમની સામે એન.ડી. પી.એસ સહિતની કલમ હેઠળ અટકાયત કરવામાં આવી છે. અગાઉ કોર્ટની પરવાનગી લઇને નિયમ મુજબ કુલ રૂા. ૧૩.૪૧ લાથની કિમંતના નાર્કોટીક્સના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

## રાજ્યને GSTના રૂપિયા નહીં મળે, સરકાર ચલાવવા ગુજરાત વધુ લોન લેશે

ગાંધીનગર : ગુજરાત સરકારને ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ- GST કાઉન્સિલ પાસેથી નુકશાન વળતર પેટે લેવાના થતા રૂ.૧૨૦૦૦ કરોડ પહેલાથી જ લટક્યા છે. મંદી અને કોરોના મહામારીને કારણે ભારત સરકારની આવકો ઘટી છે, GST કાઉન્સિલ હાલ આ રકમ ગુજરાતને આપી શકે તેમ નથી. આથી, સરકારે વહિવટ માટે કાઉન્સિલ વતી રૂ.૯,૦૦૦ કરોડની લોન લેવાનો નિર્ણય કર્યો છે. સોમવારે મોડી સાંજે GS કાઉન્સિલની બેઠક પૂર્ણ થયા બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યુ કે, ૨૭ ઓગસ્ટની બેઠકમાં જ નાણામંત્રી નિર્મલા સિતારમણે રાજ્યોને મળવાપાત્ર વળતર સંદર્ભે (૧) ભારત સરકાર લોન લઈને રાજ્યોને GSTનું વળતર ચૂકવે અને (૨) રાજ્ય સરકાર સ્વંય RBIમાંથી લોન મેળવે એમ બે વિકલ્પ આપ્યા હતા.

## ગ્રામ પંચાયતોમાં પણ હવે એફિડેવિટ સહિતની ૨૨ સેવાઓ ઉપલબ્ધ થશે

ગાંધીનગરઃ રાજ્યમાં એફિડેવિટ, દાખલા અને સર્ટિફિકેટ જેવી વિવિધ ૨૨ જેટલી સેવાઓ આગામી ૮મી ઓક્ટોબરથી શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. પ્રાથમિક તબક્કે ડિજિટલ સેવાસેતુમાં આવરી લઈ બે હજાર ગ્રામ પંચાયતમાં આ સેવાઓ શરૂ થશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી આ સેવાનો ૮ ઓક્ટોબરે શુભારંભ કરાવશે. ગ્રામીણ નાગરિકોને રોજ-બરોજની સેવાઓ કે સર્ટિફિકેટ, દાખલાઓ માટે તાલુકા-જિલ્લામથકે ધક્કા ન ખાવા પડે, સમય અને આવવા-જવાના વાહન ભાડાના ખર્ચનો બચાવ થશે.

સરકારે લીધેલા નિર્ણયથી ગ્રામ પંચાયતના સેવા કેન્દ્ર-ગ્રામ પંચાયત કચેરીએથી જ હવે, રેશનકાર્ડની સેવાઓમાં નામ દાખલ કરવું, નામ કઢાવવું કે સુધારો કરવો અથવા ડુપ્લિકેટ રેશનકાર્ડ મેળવવું જેવી સેવાઓ, આવકનો દાખલો, સિનિયર સિટિઝનનો દાખલો, ક્રિમિલીયર સિર્ટિફિકેટ, જાતિના પ્રમાણપત્રો જેવી સેવાઓ ડિજિટલ સેવા સેતુ માધ્યમથી માત્ર ૨૦ રૂપિયાની નજીવી ફીથી મળશે. મુખ્યમંત્રીએ આ ડિજિટલ સેવાસેતુનો વ્યાપ વધુ વિસ્તરે તેમજ ગ્રામીણ નાગરિકો લોકોને આવા દાખલાઓ માટે કરવાની થતી એફિડેવિટ-સોગંદનામા માટે તાલુકા કક્ષાએ કે નગરમાં જિલ્લામાં નોટરી પાસે જવું જ ન પડે તેવો પણ ક્રાંતિકારી નિર્ણય કર્યો છે.

## ફોરેન્સિક સાયન્સીસ યુનિ.ના વાઈસ ચાન્સેલર પદે ડોક્ટર જે.એમ. વ્યાસની નિમણૂક

ગાંધીનગરઃ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો અપાયા બાદ સૌ પ્રથમ વાઈસ ચાન્સેલર તરીકે ડો. જે.એમ. વ્યાસની નિમણૂક કરવામાં આવી છે. ડો. વ્યાસે આજરોજ ગાંધીનગર ખાતે ગૃહ રાજ્ય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ જાડેજાએ તેમને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવ્યા હતા અને કેન્દ્રીય દરજ્જાની આ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને દેશના વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં ફોરેન્સિક સાયન્સનો વ્યાપ વધારવા દીર્ઘદૃષ્ટિપૂર્વક ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી.

## ઉઘરાણી નહીં આવતાં પાર્ટનરના ત્રાસથી ફાઇનાન્સરનો આપઘાત

વડોદરા : સયાજીગંજની એમિટિ હોટલમાં બુધવારે સાંજે એક રૂમમાંથી અમદાવાદના અલ્પેશ નાનજીભાઇ પટેલ (રહે.પ્રાગટ્ય રેસિડેન્સી, ટેલીફોન એક્સચેન્જ પાસે, બોપલ)નો પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

મરનાર ફાઈનાન્સરના પત્ની જયાબેને બનાવ અંગે પોલીસને કહ્યું હતું કે,મારા પતિ અલ્પેશ પટેલ છેલ્લા બે વર્ષથી નરેન્દ્રસિંહ સમરતસિંહ વાઘેલા સાથે ભાગીદારીમાં ફાઈનાન્સનું કામ કરતા હતા.આ નરેન્દ્રસિંહની ઓફિસ સ્ટ્રેલર કોમ્પ્લેક્સ, સિંધુ ભવનરોડ, સેટેલાઈટ ખાતે આવેલી છે. જયાબેને પોલીસને કહ્યું છે કે, રૂા.૨.૪૧ કરોડની ઉઘરાણી માટે નરેન્દ્રસિંહ વાઘેલા અને તેના નવ માણસો મારા પતિને વારંવાર ધાકધમકી આપતા હોવાથી તેઓ ડિપ્રેશનમાં આવી ગયા હતા. મારા પતિ ઉઘરાણીના કામે બહારગામ ગયા હતા અને તેમ છતાં તેમના પાર્ટનરના માણસો અમારા ઘેર આવતા હોવાથી કંટાળીને તેમણે આત્મહત્યા કરી છે.

**કોની કોની સામે ફરિયાદ નોંધાઇ**

(૧) નરેન્દ્રસિંહ સમરતસિંહ વાઘેલા (પાર્ટનર) (૨) નાગાર્જુન (૩) ભરતભાઈ ભુતિયા (૪) મેઘરાજ (૫) અનિરૂધ્ધસિંહ સનાથલ (૬) મુકેશ વાઘેલા (૭) લાલો વાઘેલા (૮) લકી વાઘેલા (૯) ભરતસિંહ જોધા અને (૧૦) અમિત ખુટ (બાપુનગર).

## બનાસડેરીમાં શંકર ચૌધરીની રણનીતિ સામે હરીફો ચિત્ત, તમામ ૧૬ બેઠકો બિનહરીફ

બનાસકાંઠાઃ બનાસડેરીમાં સત્તા હાંસલ કરવા માટે શંકર ચૌધરીની સામે અલગ જુથ રચીને તેમના જ સહયોગી માવજી દેસાઈએ રણશિંગુ ફુક્યુ હતું. જેમાં તે નિષ્ફળ જતાં અને પરિસ્થિતિ જોઈને રણ મેદાનમાંથી હથિયાર હેઠાં મુકી ઉમેદવારીપત્ર પરત ખેંચી લેતાં વડગામમાં પણ શંકર ચૌધરીના સમર્થક દિનેશ ભટોળના હરીફ કેશર ચૌધરીએ પણ પરિસ્થિતિ પામી જઈ ઉમેદવારી પત્રક પરત ખેંચી લેતાં સંચાલક મંડળની તમામ બેઠકો બિનહરીફ થતાં હવે ચૂંટણી થશે નહીં. આમ બનાસકાંઠામાં શંકર ચૌધરીએ સફળ નેતૃત્વ પુરવાર કરી અને તેમના વિરોધીઓને વિકટ



સ્થિતિમાં મુકી દીધા છે.

બનાસકાંઠા જિલ્લાની બનાસડેરીમાં પાંચ વર્ષ અગાઉ ૨૨ વર્ષથી સતત ચેરમેન તરીકે બિરાજેલ પરથી ભટોળને હંફાવીને ચેરમેન તરીકે શંકર ચૌધરીએ ચાર્જ સંભાળ્યા બાદ ૪ હજાર કરોડનો વહીવટ વધારીને ૧૨ હજાર કરોડ સુધી લઈ ગયા છે.

**બિનહરીફ ઉમેદવાર**

(૧) રાધનપુર. શંકર ચૌધરી, (૨) સાંતલપુર. રાધાભાઈ આહિર, (૩) કાંકરેજ. અણદા ભાઈ પટેલ (૪) વડગામ. દિનેશ ભટોળ (૫) દાંતીવાડા. પરથી ભાઈ ચૌધરી (૬) ધાનેરા. જોઈતાભાઈ પટેલ (૭) દિયોદર. ઈશ્વર ભાઈ પટેલ (૮) ભાભર. શામતા ભાઈ પટેલ (૯) વાવ. રાયમલ ભાઈ ચૌધરી (૧૦) થરાદ. પરબત પટેલ (૧૧) દાંતા. દિલીપ સિંહ બારડ (૧૨) અમીરગઢ. ભાવાભાઈ રબારી (૧૩) પાલનપુર. ભરત પટેલ (૧૪) લાખણી. ધુદાભાઈ પટેલ (૧૫) ડીસા. રામજીભાઈ ગુજોર (૧૬) સુઇગામ. મુળજીભાઈ પટેલ.

## વડોદરા DySP વિવાદમાં, યુવતીના બિભિત્સ વીડિયો-ફોટા લીધાનો આક્ષેપ

વડોદરા : વડોદરામાં SRPના DySP કેતન પટેલ વડોદરામાં કારેલીબાગની શીલ રેસિડેન્સીમાં રહે છે. ત્યાંના રહીશોએ તેમના પર ગંભીર આરોપ લગાવ્યા છે. ડીવાયએસપી કેતન પટેલ પોતાની સત્તાનો દુરપયોગ કરીને અવારનવાર સોસાયટીના રહીશોને ધાક ધમકી આપતા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, તેઓ ફલેટમાં દાદરા પરથી ઉતરતી જતી યુવતી અને મહિલાના મોબાઈલમાં વિડીયો ફોટા પાડ્યા હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. દરરોજની આ ઘટનાથી ફ્લેટના રહીશો કંટાળી ગયા હતા અને તેઓએ પોતાની ફરિયાદ સાથે સયાજી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા.

સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં કારેલીબાગની શીલ રેસિડેન્સીના રહેવાસીઓ SRPના DySP કેતન પારેખ પર કરેલા આક્ષેપોથી પોલીસ પણ ચોકી ઉઠી હતા.

## ગુજરાત ભાજપના પૂર્વ સાંસદને બે વર્ષની સજા અને ૨.૯૭ કરોડનો દંડ

રાજકોટ : ભાજપના પૂર્વ સાંસદ દેવજી ફતેપરાને બે વર્ષની સજા ફટકારવામાં આવી છે. ચેક રિર્ટન કેસમાં કલોલ કોર્ટે દેવજી ફતેપરાને આ સજા ફટકારી છે. કોર્ટે ૨ કરોડ ૯૭ લાખ ૧૦ હજારનો દંડ પણ દેવજી ફતેપરાને કર્યો છે.

દેવજી ફતેપરા વર્ષ ૨૦૧૬માં સુરેન્દ્રનગરના સાંસદ હતા. તે દરમિયાન અમદાવાદના થલતેજમાં રહેતા પ્રભાતસિંહ ઠાકોરે તેમના વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. પ્રભાતસિંહ પુર્વ સાંસદ ફતેપરા સાથે જમીન લે-વેચનો વ્યવહાર કરતાં હતા. આ દરમિયાન રાજકોટના કણકોટ ગામે આવેલી જમીન દેવજી ફતેપુરાએ વેચી હતી. જમીન પોતાની હોવાનું જણાવી પ્રભાતસિંહને વેચાણ આપવાનું નકકી કર્યુ હતું. જે પેટે પ્રભાતસિંહ ફતેપરાને ટુકડે ટુકડે ૧ કરોડ ૪૮ લાખ ૫૦ હજાર આપ્યા હતા. ત્યારબાદ જમીનનું બાનાખત કરવામાં આવ્યું હતું. પરંતુ જમીનનો દસ્તાવેજ કરી આપવા સાંસદ દેવજી ઠાગાઠૈયા કરતા હતા. અને બાદમાં પ્રભાતસિંહે પોતે આપેલી રકમ પરત માંગતા ફતેપરાએ હાથ ઉંચા કર્યા હતા.

નાણાં પરત પેટે ૧ કરોડ ૪૮ લાખ ૫૦ હજારનો ચેક તેમણે આપ્યો હતો. ફતેપરાએ એસ.બી.આઈનો ચેક આપ્યો હતો, જે ચેક પરત થયો હતો. આખરે ફરિયાદીએ કલોલ કોર્ટમાં ફતેપરા સામે કેસ દાખલ કરી દીધો હતો. પરંતુ આ કેસની મુદતો પડતાં તેમાં સાંસદ હાજર રહેતા ના હતા.

## પાંચ મહાનગરપાલિકા અને ૭ નગરપાલિકાનું નવું સીમાંકન જાહેર થયું

અમદાવાદ : અમદાવાદ સહિત રાજ્યની ૫ મહાનગરપાલિકા અને ૭ નગરપાલિકાઓમાં હદ વિસ્તારમાં સુધારા સાથેનું નવું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આખરી આદેશ જાહેર કરવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે નવેસરથી મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ વિધાનસભાની સીટવાઈઝ મતદાર યાદી તૈયાર કરવામાં આવી છે. તેને બેઈઝ બનાવીને મતદાર યાદી સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જાહેર થયેલા મુસદ્દા રૂપ પ્રમાણે મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવશે અને ત્યારબાદ મતદાર યાદીમાં નામ સરનામામાં ફેરફાર, નવેસરથી નામ ઉમેરવા સહિતની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

# દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો બેફામ દુરુપયોગ : સુપ્રીમ

## સરકારને મીડિયાના ખોટા રિપોર્ટિંગ સામે લેવાયેલાં પગલાંની માહિતી આપવા તાકીદ

કેન્દ્ર સરકારે આ કેસમાં મીડિયાનો બચાવ કરતાં સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, મીડિયા દ્વારા ખોટું અને ખરાબ રિપોર્ટિંગ કરાયું હોવાની કોઇ ઘટના બની નથી. પરંતુ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ટીકા કરતા જણાવ્યું હતું કે, સરકાર મીડિયા દ્વારા કરાયેલા ખોટા રિપોર્ટિંગ અને તેની સામે લેવાયેલાં પગલાંની માહિતી આપે.

નવી દિલ્હી : દિલ્હીમાં ૨૦૨૦ના પ્રારંભે યોજાયેલા તબલિગી જમાતના કાર્યક્રમના મીડિયા કવરેજ પર કેન્દ્ર સરકારે રજૂ કરેલી એફિડેવિટને કપટી અને રોષ ઉપજાવે તેવી ગણાવતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે આકરા અવલોકનમાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વાણી સ્વાતંર્ત્ય અને અભિવ્યક્તિના અધિકારનો બેફામ દુરુપયોગ થઈ રહ્યો છે. ચીફ જસ્ટિસ એસ એ બોબડેના નેતૃત્વ હેઠળની બેન્ચે જમિયત ઉલમા એ હિંદ તથા અન્યો દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી કરતાં જણાવ્યું હતું કે, દેશમાં હાલના સમયગાળામાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના બંધારણમાં અપાયેલા અધિકારનો સૌથી વધુ દુરુપયોગ થઈ રહ્યો છે. અરજકર્તાઓએ આરોપ મૂક્યો હતો કે, વર્ષ ૨૦૨૦ના પ્રારંભે દેશમાં કોરોના મહામારીનો પ્રારંભ થયો તે સમયગાળામાં આયોજિત તબલિગી જમાતના સંમેલન પર મીડિયાના એક વર્ગ દ્વારા કોમી ધિક્કાર ફેલાવવાનું કામ કરાયું હતું.

## કલકત્તામાં ભાજપ કાર્યકરોની હત્યાના વિરોધમાં ‘નબન્ના ચલો’ આંદોલન : પોલીસનો લાઠીચાર્જ



પશ્ચિમ બંગાળમાં ભાજપ કાર્યકરોની હત્યાના વિરોધમાં ગુરુવારે ભાજપના યુવા મોરચાએ જાહેર કરેલા નબન્ના ચલો આંદોલનના ભાગરૂપે સેંકડો કાર્યકરોએ રાજ્યના પાટનગર કલકત્તામાં વિવિધ સ્થળોએ અને પશ્ચિમ બંગાળ સચિવાલય નબન્નાની બહાર અનેક સ્થળોએ દેખાવો યોજ્યા હતા. દેખાવો કરતા ભાજપ કાર્યકરોએ પોલીસની બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કરતા તેમના પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો, વોટરકેનનનો મારો પણ ચલાવ્યો હતો અને ટિયરગેસના શેલ પણ છોડયા હતા.

## ફોર્બ્સની ભારતીય અબજોપતિને યાદી

# મુકેશ અંબાણી સતત ૧૩મા વર્ષે ભારતના સૌથી વધુ અમીર

નવી દિલ્હી : ફોર્બ્સની ૨૦૨૦ની ટોચનાં ૧૦૦ ભારતીય અબજોપતિઓની યાદીમાં રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી સતત ૧૩મા વર્ષે ભારતના સૌથી વધુ ધનિક તરીકે સ્થાન પામ્યા છે. તેમની સંપત્તિ ૩૭.૩ અબજ ડોલર વધીને ૮૮.૭ અબજ ડોલર થઈ છે. કોરોનાની મહામારી છતાં ભારતના ટોચના ૧૦૦ અબજોપતિઓની સંપત્તિમાં ૫૧૭.૫ અબજ ડોલરનો વધારો થયો છે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી ૨૫.૨ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા, એચસીએલના શિવ નાદર ૨૦.૪ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા ક્રમે છે. કોરોનાની વેક્સિન બનાવતી ભારતની સીરમ ઈન્સ્ટિટયૂટના સાયરસ પૂનાવાલા ટોપ ૧૦માં પહેલી વખત સ્થાન પામ્યા છે. તેઓ ૧૧.૫ અબજ ડોલરની સંપત્તિ સાથે ૬ઠ્ઠા ક્રમે છે.

### ભારતના ટોચના ૧૦ અબજોપતિ

| | |
|---|---|
| મુકેશ અંબાણી | ૮૮.૭ અબજ ડોલર |
| ગૌતમ અદાણી | ૨૫.૨ અબજ ડોલર |
| શિવ નાદર | ૨૦.૪ અબજ ડોલર |
| રાધાકિશન દામાણી | ૧૫.૪ અબજ ડોલર |
| હિન્દુજા બ્રધર્સ | ૧૨.૮ અબજ ડોલર |
| સાયરસ પૂનાવાલા | ૧૧.૫ અબજ ડોલર |
| પાલોનજી મિસ્ત્રી | ૧૧.૪ અબજ ડોલર |
| ઉદય કોટક | ૧૧.૩ અબજ ડોલર |
| ગોદરેજ પરિવાર | ૧૧ અબજ ડોલર |
| લક્ષ્મી મિત્તલ | ૧૦.૩ અબજ ડોલર |



### અબજોપતિઓની યાદીમાં નવા ૯ ચહેરા

| રેન્ક | નામ | કંપની | નેટવર્થ |
|---|---|---|---|
| ૬૮ | સંજીવ ભીકચંદાની | ન્ફોએજ ઇન્ડિયા | ૨.૧ અબજ ડોલર |
| ૮૪ | રમેશ-મુકુંદ દુઆ | રીલેક્સો ફૂટવેર | ૧.૬૫ અબજ ડોલર |
| ૯૦ | નીતિન-નિખિલ કામત | જરોધા બ્રોકિંગ | ૧.૫૫ અબજ ડોલર |
| ૯૧ | જિ રાજેન્દ્રન | જીઆરટી જ્વેલર્સ | ૧.૫૪ અબજ ડોલર |
| ૯૫ | વિનોદ શરાફ | વિનાતી ઓર્ગેનિક્સ | ૧.૪ અબજ ડોલર |
| ૯૬ | ચંદ્રકાન્ત-રાજેન્દ્ર | ગોગરી આરતી ઇન્ડ. | ૧.૩૯ અબજ ડોલર |
| ૯૭ | પ્રેમચંદ ગોધા | IPCL લેબોરેટરીઝ | ૧.૩૬ અબજ ડોલર |
| ૯૯ | અરુણ ભરતરામ | એસઆરએફ | ૧.૩૪ અબજ ડોલર |
| ૧૦૦ | આર જી ચંદ્રમોહન | હટસન એગ્રો પ્રોડક્ટ | ૧.૩૩ અબજ ડોલર |

# સમુદ્રમાં ખારા અને મીઠા પાણી વચ્ચેની આડશ - વિભાજન-અંતરાય વિષે કુરાન મજીદમાં ઉલ્લેખ



## મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

જગત જીવનમાં જે જે વસ્તુઓ અને બાબતોનો આપણને આપણા રોજીંદા જીવનમાં અનુભવ થાય છે તથા તેના વિષે જાણકારી મળે છે તે વિષે ધર્મશાસ્ત્રોમાં ઘણુ કહેવામાં આવેલ છે. આ વસ્તુઓ તથા બાબતોમાં વૈજ્ઞાનિક બાબતોનો પણ સમાવેશ થાય છે, પરંતુ આ સર્વે બાબતોનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ જગતના ધર્મોના ધર્મશાસ્ત્રોમાં કદાચ ન હોય.

આ પૃથ્વી પર આપણને જોવા મળતા એવા અસંખ્ય વિજ્ઞાનના રહસ્યો અસ્તિત્વ ધરાવે છે, જેના વિષે સામાન્ય રીતે એમ માવવામાં આવે છે કે આ રહસ્યોનો સંબંધ કદાચ ધર્મની સાથે ન હોય. વિજ્ઞાનનો અભ્યાસ કરતાં આપણને જાણવા મળે છે કે તેમાં ધર્મ વિષે કોઈ ઉલ્લેખ નથી. તેમ છતાં ધર્મોનો અભ્યાસ કરતાં આપણને વિજ્ઞાનના અસંખ્ય રહસ્યો વિષે જાણકારી મળી શકે છે. કયા ધર્મના ધર્મશાસ્ત્રમાં વિજ્ઞાન વિષે કઈ પ્રકારની જાણકારી મળી શકે છે તે તો તે ધર્મના ધર્મશાસ્ત્રના વિગતવાર અભ્યાસ થકી જ જાણવા મળી શકે છે. તેમ છતાં મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદનો અભ્યાસ કરતા તેમાં આજના આધુનિક વિજ્ઞાનના અસંખ્ય રહસ્યો અને સત્યો વિષે જરૂર જાણકારી મળી રહે છે. આ અનુસાર મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદ એવું એક ધર્મશાસ્ત્ર છે જેમાં આધુનિક વિજ્ઞાનના અસંખ્ય સત્યોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આ લેખમાં સમુદ્રમાં ખારા અને મીઠા પાણીના પ્રવાહો વચ્ચેની આડશ-વિભાજન- અંતરાય વિષે મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં બોધવચનોનો જે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે વિષેનું વર્ણન કરવામાં આવેલ છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં આ વિષે ત્રણ બોધવચનો આપવામાં આવેલ છે, જે નીચે પ્રમાણે છે :-

“અને તે અલ્લાહ જ છે જેણે બે સમુદ્રોને જોડી રાખ્યા છે. એક લહેજતદાર અને મધુર, બીજો કડવો અને ખારો. આ બંન્નેની વચ્ચે એક પડદો (આડશ- વિભાજન- અંતરાય) આવેલો છે તથા એક બંધ છે, જેણે બંન્ને ને એક બીજામાં ભળી જતાં અટકાવી રાખ્યા છે.” (પ્રકરણ ૨૫, શ્લોક ૫૩)

“બે સમુદ્રોને તેણે છોડી દીધા છે કે એકબીજામાં ભળી જાય. તેમ છતાં પણ એક પડદો (આડશ- વિભાજન- અંતરાય) તેમની વચ્ચે અસ્તિત્વ ધરાવે છે, જેને તેઓ ઓળંગતા નથી. પછી હે જીન્નાતો તથા મનુષ્યો, તમે પોતાના પાલનહાર (રબ)ની કઈ કઈ બક્ષિસો (નેઅમતો)નો ઈન્કાર કરશો ? (પ્રકરણ ૫૫, શ્લોક ૧૯, ૨૦ અને ૨૧)

“અને પાણીના બંને ભંડાર (સંગ્રહ) એક સમાન (એક સરખા) નથી. એક મધુર અને તરસ છીપાવનાર છે, પીવામાં ગમી જાય તેવો, અને બીજો સાવ ખારો કે ગળું છોલી નાખે. અને આ બંને માંથી તમે તાજું માંસ પ્રાપ્ત કરો છો, પહેરવા માટે શોભાની વસ્તુઓ (સાચા મોતીના હાર વગેરે) કાઢો છો. તથા એજ પાણીમાં તમે જુઓ છો કે વહાણો તેની છાતી ચીરતા જઈ રહ્યા છે, જેથી તમે અલ્લાહની કૃપા શોધો અને તેના આભારી બનો.” (પ્રકરણ ૩૫, શ્લોક ૧૨)

ઉપર આપેલા કુરાન મજીદમાંના ત્રણ બોધવચનોમાં સમુદ્રમાં ખારા અને મીઠા પાણીના પ્રવાહો વચ્ચેની આડશ- વિભાજન- અંતરાયની સ્થિતિ બતાવવામાં આવેલ છે. આ સ્થિતિ એવી દરેક જગ્યાએ જોવામાં આવે છે જ્યાં કોઈ મોટી નદી સમુદ્ર ને મળે છે. તે ઉપરાંત ખુદ સમુદ્રમાં પણ જુદી જુદી જગ્યાએ મીઠા પાણીના પ્રવાહો અસ્તિત્વ ધરાવે છે, જેનું પાણી સમુદ્રના તદ્દન ખારા પાણી વચ્ચે પણ પોતાની મીઠાશ જાળવી રાખે છે. દાખલા તરીકે મધ્યપૂર્વમાં બહેરેન અને બીજા સ્થળોએ ઈરાની અખાતના તળિયેથી આ પ્રકારના ઘણા પ્રવાહો નીકળેલા છે, જ્યાંથી લોકો મીઠું પાણી મેળવે છે.

આ અનુસાર કુરાન મજીદમાં આધુનિક વિજ્ઞાનના અસંખ્ય રહસ્યો તથા સત્યો વિષેનો ઉલ્લેખ જોવા મળે છે, જેના વિષે આજથી ૧૪૦૦ વર્ષ પહેલા, જ્યારે કુરાન મજીદ ઉતરેલ હતું, ત્યારે લોકોને આ રહસ્યો તથા સત્યો વિષે એટલી જાણકારી ન હતી. અત્યારે આ એકવીસમી સદીમાં જ્યારે આધુનિક વિજ્ઞાનના અસંખ્ય રહસ્યો તથા સત્યો વિષે લોકોને જાણકારી મળેલ છે, તે કુરાન મજીદના બોધવચનોથી બિલ્કુલ સુસંગત છે.

# યુપીમાં વધુ ચાર બળાત્કાર, પીડિત બાળકીનું મોત

**• કનોજમાં નશામાં ચૂર પિતાનો જ ૧૪ વર્ષની પુત્રી પર રેપ, ગોરખપુરમાં મુકબધિર પર રેપ ગુજારનારો ઝડપાયો**




લખનઉ : ઉત્તર પ્રદેશના હાથરસકાંડની અસર સમગ્ર દેશમાં જોવા મળી હતી, આ સ્થિતિ વચ્ચે ફરી હાથરસમાં જ માત્ર છ વર્ષની બાળકી પર રેપ ગુજારવામાં આવ્યો હતો, બાદમાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. ઘટનાને અંજામ આપનારો પરિવારનો જ એક શખ્સ સામેલ છે. બાળકીના પરિવારજનોએ બાળકીનો મૃતદેહ રસ્તા પર મુકીને વિરોધ પ્રદર્શન કર્યા હતા, સ્થાનિક ઈગલાસ પોલીસ સ્ટેશનના એસએચઓને તાત્કાલીક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઘટના પણ હાથરસકાંડ થયો તેના થોડા દિવસ બાદ જ ઘટી હતી, ૧૫ દિવસ પહેલા સાદાબાદના મઈ જટોઈ વિસ્તારની રહેવાસી ૬ વર્ષીય બાળકી પર અલીગઢ જિલ્લાના ઈગલાસ ગામમાં રેપ કરાયો હતો, બાદમાં બાળકીને દિલ્હીની એક હોસ્પિટલમાં લઈ જવાઈ હતી જ્યાં તેની સારવાર ચાલી રહી હતી. ૧૫ દિવસ સુધી આ બાળકી તડપતી રહી અને અંતે મોત નિપજ્યું હતું. ઘટના બાદ ગુસ્સે ભરાયેલા પરિવારજનોએ બાળકીનો મૃતદેહ રસ્તા પર મુકી દીધો હતો અને રસ્તો જામ કરી દીધો હતો. સાથે જ અપરાધી શખ્સની ધરપકડ ઉપરાંત સ્થાનિક પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવાની માગણી કરી હતી, આ મામલામાં બાળકીની માસીનો ભાઈ જ જવાબદાર હોવાનો પરિવારે આરોપ લગાવ્યો હતો. જ્યારે ઉત્તર પ્રદેશના કનોજમાં નશામાં ચુર એક પિતાએ પોતાની જ ૧૪ વર્ષની સગીરા પર રેપ ગુજાર્યો હતો. પિતાની પોલીસે ધરપકડ કરી લીધી છે. તેના ચાર ભાઈઓને એક રૂમમાં બંધ કરીને આ સગીરા પર નશામાં ચુર નરાધમ બાપે રેપ કર્યો હતો. ઉત્તર પ્રદેશના જ ગોરખપુરમાં એક મુકબધીર યુવતી પર રેપ ગુજારવામાં આવ્યો હતો. પોલીસે આ રેપના અપરાધ ૨૫ વર્ષીય પિંટુ પ્રસાદ નામના શખ્સને ઝડપી પાડયો છે. ઉત્તર પ્રદેશમાં જ પ્રતાપગઢમાં એક ૧૭ વર્ષીય યુવતી પર ચંદ્રકેશ વર્મા નામના શખ્સે રેપ ગુજાર્યો હતો.

## હાથરસમાં રમખાણો માટે મોરેશિયસથી રૂપિયા ૧૦૦ કરોડનું ફંડિંગ : ઈડીનો દાવો

નવી દિલ્હી : હાથરસ મામલાની તપાસમાં ઝંપલાવનાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દાવો કર્યો છે કે હાથરસકાંડના ઓથા હેઠળ જાતિવાદી રમખાણો ભડકાવવા માટે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાને મોરેશિયસથી રૂપિયા ૫૦ કરોડનું ફંડ મોકલવામાં આવ્યું છે. સમગ્ર રકમ રૂપિયા ૧૦૦ કરોડથી વધુ હતી. હાથરસની ગેંગરેપ પીડિતાને ન્યાયના નામે બનાવાયેલી આ વેબસાઈટ પર ઘણી વાંધાજનક વાતો લખવામાં આવી હતી. હાથરસમાં હિંસાનાં કાવતરાંને ધ્યાનમાં લઈ ઈડી દ્વારા કેસ નોંધાયો છે. ઈડીની પ્રારંભિક તપાસમાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તરપ્રદેશમાં જાતિવાદી હિંસા ભડકાવવા માટે વિદેશમાંથી રૂપિયા ૧૦૦ કરોડથી વધુનું ફંડિંગ થયું છે. પીએફઆઈને મોરેશિયસથી મળેલા રૂપિયા ૫૦ કરોડના ફંડ પર ઘણા સવાલ ઊઠી રહ્યા છે. એવો આરોપ મુકાઈ રહ્યો છે કે ઉત્તરપ્રદેશમાં વાતાવરણ ડહોળવા માટે કાવતરું ઘડાયું હતું.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ બુધવારે આરોપ મૂક્યો હતો કે, વિરોધી પાર્ટીઓ રાજ્ય વિરુદ્ધ કાવતરાં ઘડી રહી છે. તેઓ જાતિવાદ, ધર્મ અને પ્રદેશવાદ પર રાજનીતિ કરી રહ્યા છે. જે સમાજને જાતિ, ધર્મ અને પ્રદેશના નામે વિભાજિત કરી રહ્યાં હતાં તેઓ આજે પણ એજ કરી રહ્યાં છે. તેમનાથી રાજ્યોનો વિકાસ સહન થતો નથી તેથી તેઓ નિતનવા કાવતરાં ઘડી રહ્યાં છે. હાથરસની ગેંગરેપ પીડિતાના પરિવારજનોએ આરોપ મૂક્યો છે કે અમે સતત ડરમાં જીવી રહ્યા છીએ. ગામમાં અમારી મદદ કોઈ કરી રહ્યું નથી.

## પીડિતાનો પરિવાર અમારી મૈત્રીની વિરુદ્ધ હતો, તેમણે હત્યા કરી : આરોપીનો આક્ષેપ

હાથરસ : હાથરસ ગેંગરેપના મુખ્ય આરોપી સંદીપ ઠાકુરે યુપી પોલીસને પત્ર લખીને દાવો કર્યો છે કે આ કેસમાં તેને બાકીના ત્રણ આરોપીઓની સાથે ખોટી રીતે ફસાવવામાં આવી રહ્યો છે. તેણે પીડિતા અને તેના ભાઈ પર તેમને હેરાન કરવામાં આવતા હોવાના આક્ષેપો કર્યા હતા. તમામ આરોપીઓ માટે ન્યાયની માગણી કરી હતી. જેલમાં કેદ મુખ્ય આરોપી સંદીપ ઠાકુરે કહ્યું હતું કે તે અને પીડિતા મિત્ર હતા. એકબીજાને ક્યારેક મળતા હતા અને ક્યારેક ફોન પર વાત કરતા હતા. પીડિતાનો પરિવાર અમારી મિત્રતાની વિરુદ્ધ હતો. આખરે પીડિતાના પરિવારે જ તેની હત્યા કરી નાખી. તેના પરિવારે ખોટો આરોપ લગાવીને અમને ફસાવ્યા છે. અમે નિર્દોષ છીએ. અમને ન્યાય અપાવો. પીડિતાના પિતાએ આ આક્ષેપો ફગાવ્યા હતા. તેમણે કહ્યું કે મેં મારી દીકરી ગુમાવી છે. અમારે પૈસા કે વળતર નથી જોઈતું, ન્યાય અપાવો. પોલીસે કહ્યું કે પહેલા પીડિતા એક જ નામ લેતી હતી જે આરોપી અને તેના ભાઈનું એક સરખું નામ હતું. પછી બીજા નામ જાણવા મળ્યાં. પીડિતાની માતાએ દાવો કર્યો હતો કે ઠાકુરના છોકરાએ મારી દીકરીનું ગળું દબાવી દીધું.

પીડિતાના ભાઈએ આક્ષેપ કર્યો હતો કે ૫ મહિનામાં અમારી વચ્ચે ૧૦૪ ફોન કોલ્સ થયાના આક્ષેપો કરીને પોલીસ અમારી સામે ખોટી રીતે કેસ કરવા માગે છે. બળાત્કારી અને મારી બહેનના હત્યારા આરોપી સાથે અમે સંપર્કમાં જ નથી.

## ભારતના એન્ડ્રોઈડ ટીવીમાં મોનોપોલીના પ્રયાસ બદલ ગૂગલ વિરુદ્ધ કેસ દાખલ

**• હરિફો એન્ડ્રોઈડ ઓપરેટિંગમાં ફેરફાર ન કરી શકે એવી શરત**

નવી દિલ્હી : મોનોપોલી સ્થાપવાના ગરબડભર્યા પ્રયાસ બદલ ભારતમાં ગૂગલ સામે કેસ થયો છે. ગૂગલની માલિકીની એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમ ધરાવતા વિવિધ ટીવી માર્કેટમાં ઉપલબ્ધ છે. ઈન્ટરનેટ કનેક્ટ થઈ શકતા હોવાથી આવા ટીવી સ્માર્ટ ટીવી નામે ઓળખાય છે.

ગૂગલે એવી ગરબડ કરી છે કે અન્ય કંપની એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમમાં ફેરફાર ન કરી શકે. જો ફેરફાર ન કરી શકે તો પછી એમેઝોન જેવી સ્માર્ટ ટીવી બનાવતી-વેચતી હરિફ કંપનીઓ ગૂગલ કરતા સસ્તું ટીવી ન આપી શકે કે ન હરિફાઈ પુરી પાડી શકે. આ પ્રકારની પ્રેક્ટિસ એન્ટી-ટ્રસ્ટ નામે ઓળખાય છે. વિશ્વાસ ભંગ કરનારો એટલે કે એન્ટી-ટ્રસ્ટ અંગેનો ગૂગલ પર ભારતમાં થયેલો ચોથો કેસ છે. હાલ આ કેસ કમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ) પાસે પહોંચ્યો છે અને તેની ઊંડાણપૂર્વક તપાસ થઈ રહી છે. લોકો હવે સ્માર્ટ ટીવી ખરીદતા થયા છે. મોબાઈલની માફક જ એન્ડ્રોઈડ આધારિત ઓપરેટિંગ સિસ્ટમ પર ચાલતા હોય ૮૦ લાખ ટીવી ૨૦૧૯માં ભારતમાં વેચાયા હતા.

ગૂગલનો પ્રયાસ એવો છે કે હરિફ કંપનીઓ ગૂગલની ઈચ્છા મુજબની જ એન્ડ્રોઈડ આધારિત ઓપરેટિંગ સિસ્ટમ ટીવીમાં આપે. ગૂગલના આ પ્રયાસો વેપારના નિયમ વિરૂદ્ધના છે. સર્ચમાં રિઝલ્ટમાં ભેદભાવ બદલ પણ ગૂગલને ભારતે ૨૦૧૮માં ૧.૩૬ અબજ રૂપિયાનો દંડ કર્યો હતો.

## હરિયાણાના હિસારમાં રૂ.૧૧ લાખ લૂંટી વેપારીને જીવતો સળગાવી દીધો

નવી દિલ્હી : હરિયાણાના હિસ્સારમાં ડિસ્પોઝેબલ કપ અને પ્લેટનું કારખાનું ધરાવતા એક વેપારીના રૂપિયા ૧૧ લાખ લૂંટી લીધા બાદ લૂંટારુઓએ વેપારીને એની કારમાં જીવતો જલાવી દેવાની ઘટના બની હતી.

પોલીસના કહેવા મુજબ મંગળવારે રાત્રે આ ઘટના બની હતી. આ ઘટનાના પ્રતિભાવ રૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી રણદીપ સિંઘ સૂરજેવાલાએ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશની જેમ હરિયાણામાં પણ જંગલરાજ પ્રવર્તે છે. અપરાધીઓને શાસકો તરફથી અભયદાન મળેલું હતું. પોલીસે આપેલી માહિતી મુજબ હિસ્સારના હાંસી વિસ્તારમાં ભાટલા-દાતા રોડ પર આ વેપારી રામ મેહર (ઉંમર વર્ષ ૩૫)ની ડિસ્પોઝેબલ કપ અને પ્લેટ બનાવવાનું કારખાનું છે. મંગળવારે રાત્રે આ વેપારી પોતાનું કારખાનું બંધ કરીને કારમાં ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે લૂંટારુંઓએ એમની કારને રોકી હતી. વેપારીને લૂંટ્યા બાદ પોતે ઓળખાઈ જશે એવા ડરથી આ લોકોએ વેપારીને કારમાં બેસાડી રાખીને કારને જલાવી દીધી હતી. વેપારીની લાશ કારમાં મળી હતી. કારની નંબર પ્લેટ પરથી મરનારની ઓળખ મળી હતી. મોડી રાત્રે પોલીસને આ સમાચાર મળતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

## સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર અશ્વનીકુમારની સિમલામાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા

નવી દિલ્હી : મણિપુર અને નાગાલેન્ડના ભૂતપૂર્વ રાજ્યપાલ અને સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેકટર અશ્વનીકુમાર બુધવારે સિમલા ખાતેના તેમના નિવાસસ્થાને ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃત મળી આવ્યા હતા. સિમલાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મોહિત ચાવલાએ જણાવ્યું હતું કે, અશ્વનીકુમાર તેમના નિવાસસ્થાને મૃત હાલતમાં મળી આવ્યા હતા. અશ્વનીકુમારે યુપીએ-ટુના શાસનકાળમાં બીજી ઓગસ્ટ ૨૦૦૮થી ૩૦ નવેમ્બર ૨૦૧૦ સુધી સીબીઆઈના ડિરેક્ટરપદે ફરજ બજાવી હતી. તેઓ ૬૯ વર્ષના હતા. અશ્વનીકુમાર છેલ્લા કેટલાંક સપ્તાહથી ડિપ્રેશનની બીમારીથી પીડાઈ રહ્યા હતા. અશ્વનીકુમાર અંગેના સમાચાર મળતાં જ પોલીસ અધિકારીઓની એક ટીમ અને શિમલાની ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજના એક અધિકારી તેમના નિવાસસ્થાને દોડી ગયા હતા.

## રાજસ્થાનમાં રાજકીય સંકટના એંધાણ પાયલટના મીડિયા મેનેજર સામે કેસ

**• જેસલમેર હોટેલમાં એમએએના ફોન ટેપિંગ મુદ્દે આઈટી એક્ટ અંતર્ગત ગુન્હો દાખલ**

જયપુર : રાજસ્થાનમાં ફરી વખત રાજકિય ધમાસાણના એંધાણ દેખાઈ રહ્યા છે. રાજસ્થાનની અશોક ગહેલોત સરકારે ફરી એક વખત સચિન પાયલટ અને તેમની ટીમને નિશાના પર લીધી હોય તેમ લાગે છે. રાજસ્થાન પોલીસે સચિન પાયલટના મીડિયા મેનેજર સામે આઈટી એક્ટ અંતર્ગત કેસ નોંધ્યો છે. આ કેસ થોડા સમય પહેલા થયેલા ટેપકંડ અંતર્ગત નોંધવામાં આવ્યો છે. જેથી રાજસ્થાનમાં ફરી સંકટના ભણકારા વાગી રહ્યા છે. આ વખતે ગહેલોત સરકારે પાયલટ સમર્થક ધારાસભ્યોને છોડીને તેમની ટિમના મેનેજરને નિશાન બનાવ્યા છે. આખી ઘટનાને સમજવા માટે ભૂતકાળમાં જવું પડશે, જ્યારે રાજસ્થાનમાં અશોક ગહેલોત અને સચિન પાયલટ વચ્ચે રાજકિય જંગ રમાયો હતો. તે દરમિયાન સચિન પાયલટના જૂથ દ્વારા જેસલમેરના હોટેલમાં રહેલા ધારાસભ્યોના ફોન ટેપ કરવાનો આરોપ લાગ્યો હતો. આ મામલા અંતર્ગત જ હવે જયપુર પોલીસે સચિન પાયલટના મીડિયા મેનેજર લોકેન્દ્ર સિંહ સામે ગુન્હો નોંધ્યો છે. તે ૭ ઓગષ્ટની ઘટનાને લઈને ૬ ઓક્ટોબરના રોજ કેસ નોંધવામાં આવ્યો છે.

## કેરળના પત્રકાર સહિત ૪ સામે પોપ્યુલ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા સાથે સંકળાયેલા હોવાનો આરોપ

નવી દિલ્હી : દિલ્હીથી હાથરસ જતા કેરળના પત્રકાર અને અન્ય ત્રણ પોપ્યુલ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા સાથે કડી ધરાવતા હોવાના આરોપ સાથે પોલીસે તેમની સામે રાષ્ટ્રદ્રોહનો ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપ કર્યો છે કે આ ચારેય રાજ્યમાં શાંતિને ડહોળવાના મોટા ષડયંત્રના ભાગરૂપે હાથરસ જઈ રહ્યા હતા. અતીક-ઉર રહેમાન, મલાપુરમના સિદિક, બેહરિચના મસૂદ એહમદ અને રામપુરના આલમ પાસેથી શાંતિને ડહોળી શકે તેવા સાહિત્ય, મોબાઈલ ફોન્સ અને લેપટોપ જપ્ત કરવામાં આવ્યાં હતાં. પોલીસે જણાવ્યું હતું કે, પૂછપરછ દરમિયાન બહાર આવ્યું હતું કે તેઓ કટ્ટરવાદી સંગઠન પીએફઆઈ અને કેમ્પસ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા સાથે કડી ધરાવતાં હોવાનું જાણવા મળ્યું હતું. કેરળના જર્નાલિસ્ટ સંગઠને જણાવ્યું હતું કે, સિદીક કપ્પન એક વરિષ્ઠ જર્નાલિસ્ટ છે.

# ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૮,૫૨૪ કેસ

નવી દિલ્હીઃ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૮,૫૨૪ કેસો નોંધાવાની સાથે કોરોના કેસની સંખ્યા ૬૮ લાખને પાર થઈ ગઈ છે. કોરોનાથી સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૫૮,૨૭,૭૦૪ થઈ છે, એમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડામાં જણાવવામાં આવ્યું છે.

દેશમાં કોરોનાના સાજા થવાનો દર વધીને ૮૫.૨૫ ટકા થયો છે. દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૬૮,૩૫,૬૫૫ થઈ છે અને કોરોનાથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧,૦૫,૫૨૬ થઈ છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી મૃત્યુ પામેલા ૯૭૧ લોકોનો પણ સમાવેશ થાય છે. હાલમાં દેશમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૯,૦૨,૪૨૫ છે. કોરોનાનો મૃત્યુ દર ઘટીને ૧.૫૪ ટકા થયો છે.

૭ ઑગસ્ટના રોજ દેશમાં કોરોના કેસનો આંકડો ૨૦ લાખને પાર થઈ ગયો હતો. ૨૩ ઑગસ્ટના રોજ કોરોના કેસનો આંકડો ૩૦ લાખને પાર થઈ ગયો હતો. પાંચ સપ્ટેમ્બરના રોજ કોરોના કેસનો આંકડો ૪૦ લાખને પાર થઈ ગયો હતો અને ૧૬ સપ્ટેમ્બરના રોજ કોરોના કેસનો આંકડો ૫૦ લાખને પાર થઈ ગયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી થયેલા ૯૭૧ મૃત્યુમાં મહારાષ્ટ્રના ૩૫૫, કર્ણાટકના ૧૧૩, તમિળનાડુના ૬૭, ઉત્તર પ્રદેશના ૪૭, પંજાબના ૩૩ અને દિલ્હીના ૩૫ લોકોનો સમાવેશ થાય છે. કોરોનાથી દેશમાં કુલ ૧,૦૫,૫૨૬ મૃત્યુ થયાં છે, જેમાં મહારાષ્ટ્રના ૩૯,૦૭૨, તમિળનાડુના ૯,૯૮૪, કર્ણાટકના ૯,૫૭૪, ઉત્તર પ્રદેશના ૬,૨૦૦, આંધ્ર પ્રદેશના ૬,૦૮૬, દિલ્હીના ૫,૬૧૬, પ. બંગાળના ૫,૩૭૬ અને પંજાબના ૩,૭૧૨ તથા ગુજરાતના ૩,૫૩૧ લોકોનો સમાવેશ થાય છે.

## નવરાત્રી, દશેરા-દીવાળી માટે મોદી સરકારે જાહેર કરી નવી ગાઇડલાઇન

નવી દિલ્હી : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કોરોના મહામારીને ધ્યાને રાખીને તાહેવારોની સીઝનમાં સાવચેતી રાખવા માટે નવી ગાઈડલાઈન્સ જાહેર કરી છે. નવી ગાઈડલાઈન્સ હેઠળ કંટેનમેંટ ઝોનની અંદર કોઈ પણ તહેવારના કાર્યક્રમોનું આયોજન કરવામાં નહીં આવે.

આ સાથે જ પુજા, મેળા, રેલીઓ, પ્રદર્શની, સાંસ્કૃતિક કાર્યક્રમોને લઈને પણ વિશેષ આદેશ દેવામાં આવ્યાં છે ઉત્સવોની ઉજવણીની પણ ફક્ત કન્ટેનમેન્ટ ઝોનની બહાર જ મંજૂરી આપવામાં આવશે. કન્ટેન્ટ ઝોનમાંથી આયોજકો / સ્ટાફ / મુલાકાતીઓને મંજૂરી આપવામાં આવશે નહીં.

ઉત્સવોની ઉજવણી દરમિયાન ૬૫ વર્ષથી વધુની વયની વ્યક્તિઓ અને ગર્ભવતી મહિલાઓ તેમજ



૧૦ વર્ષથી નાની વયના બાળકોને ઘરમાં જ રહેવા સલાહ આપવામાં આવી છે.

જલ્દી નવરાત્રી શરૂ થવાની છે. અને સમગ્ર દેશમાં પડાંલ લગાવવામાં આવે છે. તે સિવાય અનેક પ્રકારના મેળા અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, ગાઈડલાઈન્સ પ્રમાણે ધાર્મિક કાર્યક્રમો માટે પ્લાનિંગ કરવી પડશે અને ભીડ ભાડ અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પુરૂ ધ્યાન રાખવું પડશે.

વડાપ્રધાન મોદીએ આજથી કોવિડ–૧૯નો પ્રસાર રોકવાના અભિયાનની શરૂઆત કરી છે. જે અંતર્ગત તેમણે ટ્વીટ કરી લોકોને કોરોના પ્રત્યે જાગૃતતા માટે આ અભિયાનની શરૂઆત કરી છે. કોરોનાને લઈને વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરી છે. વડાપ્રધાન મોદીએ ટ્વીટમાં લોકોને માસ્ક પહેરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે માસ્ક પહેરો, હાથ ધોવો, સોશિયલ ડિસ્ટન્સ પાળો. બે લોકો વચ્ચે ૨ ગજની દૂરીનું પાલન કરો. તેમજ તેમણે કહ્યું છે કે એક સાથે આપણે કોરોના સામે જીતીશું.'

## મહારાષ્ટ્રમાં વધુ ૧૩૩૯૫ કેસ, કોરોના દર્દી ૨૨૨૭૮૪

મુંબઈ: રાજ્યમાં ગુરુવારે ૧૩,૩૯૫ નવા દર્દીની સાથે રાજ્યમાં કોરોના ગ્રસ્તોની કુલ સંખ્યા ૧૪,૯૩,૮૮૪ પર પહોંચી હતી. મુંબઈમાં ૨,૮૨૩ નવા દર્દી સાથે કોરોનાદર્દીની સંખ્યા ૨,૨૨,૭૮૪ થઈ છે. રાજ્યમાં ૩૫૮ લોકોનાં કોરોનાને કારણે મોત થતાં રાજ્યનો મરણાંક ૩૯,૪૩૦ થયો છે. રાજ્યમાં સૌથી વધુ કોરોના દર્દી મુંબઈ મનપામાં ૨,૮૨૩ નોંધાયા હતા. આ ઉપરાંત પુણે મનપામાં ૮૦૮, પુણે ગ્રામીણમાં ૬૭૮, પિંપરી–ચિંચવડમાં ૫૨૬, નાશિકમાં ૫૩૩, સાંગલીમાં ૬૩૬, નાગપુરમાં ૫૯૬ નવા કોરોનાગ્રસ્તોની નોંધ થઈ છે. રાજ્યના ૩૫૫ કોરોનાગ્રસ્તોનાં મોતમાં મુંબઈ મનપાના ૪૮ અને કલ્યાણ–ડોંબિવલીના ૩૦ સહિત મુંબઈ સર્કલના ૧૧૪, નાશિક સર્કલના ૨૭, પુણે સર્કલના ૮૪, કોલ્હાપુર સર્કલના ૨૫, લાતુર સર્કલના ૨૫ અને નાગપુર સર્કલના ૬૧ કોરોના ગ્રસ્તનો સમાવેશ થાય છે.

## પંજાબના સ્વાસ્થ્ય મંત્રી બલબીર સિદ્ધુ પોઝિટિવ

પંજાબના સ્વાસ્થ્ય મંત્રી બલબીર સિધ્ધુ કોરોના પોઝિટિવ જાહેર થયા છે.મહત્વની વાત એ છે કે, કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંઘ સાથે હાજર હતા.સ્ટેજ સેક્રેટરી તરીકે સિધ્ધુને જવાબદારી સોંપાઈ હતી અને તેઓ રાહુલ ગાંધી અને અમરિન્દર સિંઘના સંપર્કમાં આવ્યા હતા.

## વેક્સિનનાં સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજની શોધ શરૂ કરી

કોરોના વાયરસની વેક્સિન આગામી કેટલાક મહિનાઓમાં મળવાની શક્યતા વચ્ચે સરકારે મોટા પાયે કોલ્ડ સ્ટોરેજ શોધવાનું શરૂ કરી દીધું છે, જેથી દેશભરમાં વેક્સિનની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરી શકાય.

## રાજધાની દિલ્હીની હવાની ગુણવત્તા બગડી, કોરોના દર્દીઓની મુશ્કેલીમાં વધારો

નવી દિલ્હી : રાજધાની હવાની ગુણવત્તા ગુરુવારે ખરાબ શ્રેણીમાં રહી, જ્યારે સિસ્ટમ ઓફ એર ક્વોલિટિ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્સના પૂર્વાનુમાનમાં કહ્યું છે કે, એક્યૂઆઈ આગામી ત્રણ દિવસોમાં રવિવાર સુધી વધુ બગડશે. આ રાજધાનીમાં કોરોનાના દર્દીઓ માટે ગંભીરરૂપથી ખતરનાક સાબિત થઈ શકે છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના બચાવમાં આવનારી એસએએફએઆરએ પ્રદુષણ વધવા માટે આસપાસના રાજ્યોમાં પરાળી સળગાવવાને સૌથી મોટું કારણ ગણાવ્યું છે. એક દિવસ પહેલાં એટલે કે ૭ ઓક્ટોબરે સિનરાઈઝ્ડ ફાયર કાઉન્ટ ૩૯૯ હતું. એર ક્વોલિટી ફોરકાસ્ટિંગ સિસ્ટમે વધુમાં કહ્યું કે, હાલ દિલ્હીની અને પ્રદુષક તત્વોના પરિવહન માટે હવાની દિશા અને ગતિ બંન્ને અનુકુળ છે.

# રૂ. ૨૦૪૦ કરોડની બેંક છેતરપિંડીમાં સીબીઆઈનો હનુંગ ટોય્સ સામે કેસ

• ડાયરેક્ટરો અશોકકુમાર બંસલ અને અંજુ બંસલ સામે પણ કેસ દાખલ કર્યો

નવી દિલ્હી : સીબીઆઈએ ૧૨ બેંકો સાથે ૨૦૪૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ હનુંગ ટોય્સ એન્ડ ટેક્સટાઈલ લિમિટેડ અને તેના ડાયરેક્ટરો અશોકકુમાર બંસલ અને અંજુ બંસલ સામે કેસ દાખલ કર્યો છે.

ગયા વર્ષે નવેમ્બરમાં પંજાબ નેશનલ બેંક(પીએનબી) દ્વારા લૂકઆઉટ નોટિસ જારી કરવામાં આવ્યા પછી સત્તાવાળાઓએ દિલ્હી એરપોર્ટ પરથી



દેવામાં ડૂબેલી હનુંગ ટોય્સના પ્રમોટર અશોકકુમાર બંસલ અને તેમના પત્ની અંજુ બંસલની અટકાયત કરી હતી.

૧૨ બેંકો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં પીએનબીએ આ કંપની પર વિશ્વાસઘાત, છેતરપિંડી, ફંડનું ડાયવર્ઝન કરવા સહિતના આરોપો મૂક્યા હતાં. સીબીઆઈના અધિકારીઓએ જણાવ્યું હતું કે કંપનીના ડાયરેક્ટરોએ પબ્લિક ફંડના ૧૭૨૮ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી.

બેંકે આરોપ મૂક્યો છે કે વર્ષ ૨૦૧૩-૧૫માં કંપનીના બેંક ખાતાઓ એનપીએ બની ગયા હતાં. આ કંપની યુરોપના મેગાસ્ટોરમાં રમકડા પૂરા પાડતી હતી. કંપનીના ફોરેન્સિક ઓડિટમાં સામે આવ્યું હતું કે કંપનીના અનેક નાણાકીય વ્યવહારોમાં છેતરપિંડી આચરવામાં આવી હતી. બેંકે જણાવ્યું છે કે કંપનીના વાર્ષિક હિસાબોમાં પણ અનેક ત્રૂટિઓ સામે આવી હતી.

# એમપીમાં ભાજપે પેટાચૂંટણીના ઉમેદવારોની યાદી જાહેર કરી

• જ્યોતિરાદિત્ય સિંધિયાના ૨૨ સમર્થક પૂર્વ કોંગ્રેસી ધારાસભ્યોને ટિકિટ

નવી દિલ્હી : ભારતીય જનતા પાર્ટીએ મંગળવારે મોડી રાત્રે તમામ ૨૮ વિધાનસભા બેઠકોની પેટા-ચૂંટણીઓ માટેના ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જેમાં પૂર્વ કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાની સાથે કોંગ્રેસ છોડનારા તમામ ૨૨ પૂર્વ ધારાસભ્યોને ટિકિટ આપવામાં આવી છે.

સત્તા પરિવર્તન દરમિયાન મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે વચન આપ્યું હતું કે કોંગ્રેસ છોડનારા તમામ પૂર્વ ધારાસભ્યો ભાજપમાં ચૂંટણી લડશે. પાર્ટીએ ત્રણ પૂર્વ ધારાસભ્યોને પણ ટિકિટ આપી છે જેઓ કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા છે. જેમાં મલ્હારાના પ્રદ્યુમનસિંહ લોધી, માંધાતાના નારાયણ પટેલ અને નેપાનગરથી સુમિત્રા દેવી કાયદેસરનો સમાવેશ થાય છે.

આ સાથે જ પાર્ટીએ ત્રણ ધારાસભ્યોના મોતથી ખાલી પડેલી બેઠક પર પણ ઉમેદવારો જાહેર કર્યા છે. તેમાંય ભાજપ દ્વારા જૌરાના પૂર્વ ધારાસભ્ય, સુબેદારસિંહ રઝોધા, અગરના મનોજ કેમલ અને બાયોરાના નારાયણસિંહ પવારને દાવ લગાવ્યો છે.

## બિહાર ચૂંટણી: NDAમાં સીટ વહેંચણી, JDU-૧૨૨, BJP ૧૨૧ ઉમેદવાર મેદાને ઉતારશે

પટના : બિહાર વિધાનસભા ચૂંટણી માટે એનડીએમાં સીટોની વહેંચણી થઈ ગઈ છે. ૨૪૩ સીટોવાળી બિહાર વિધાનસભાની ૧૨૨ સીટો પર જેડીયૂ લડશે, તો બીજેપી ૧૨૧ સીટો પર પોતાના ઉમેદવાર ઉતારશે. જોકે આની ઔપચારિક જાહેરાત થવાની બાકી છે. મહાગઠબંધનથી અલગ થઈને એનડીએમાં આવનારી મુકેશ સાહનીની પાર્ટી વીઆઈપી ૯ સીટો પર લડશે. તો જીતનરામ માંઝીની પાર્ટી એચએએમ ૭ સીટો પર પોતાના ઉમેદવાર ઉતારશે. આ પહેલા સોમવારના બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના ઘર પર બિહાર કોર કમિટીની બેઠક થઈ હતી. બીજેપી બિહાર કોર કમિટીની બેઠકમાં ડેપ્યૂટી સીએમ સુશીલ કુમાર મોદી અને રાજ્ય પ્રભારી ભૂપેન્દ્ર સિંહ યાદવે ભાગ લીધો હતો. એનડીએનો ભાગ રહેલી એલજેપીએ એકલા લડવાનો નિર્ણય લીધો છે.

## અબુધાબીનું સોવેરિયન ફંડ રિલાયન્સ રીટેલમાં રૂપિયા ૫,૫૧૨ કરોડ રોકશે

• ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટીને રિલાયન્સ રીટેલનો ૧.૨૦ ટકા હિસ્સો મળશે

નવી દિલ્હી : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ રિટેલમાં અબુ ધાબીનું સોવેરિયન ફંડ અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (એડીઆઈએ) ૫૫૧૨.૫૦ કરોડ રૂપિયામાં ૧.૨૦ ટકા હિસ્સો ખરીદશે તેમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક નિવેદનમાં જણાવ્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને રિલાયન્સ રીટેલ વેન્ચર્સ લિમિટેડ (આરઆરવીએલ)એ આજે જાહેરાત કરી હતી કે એડીઆઈએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સબસિડરી આરઆરવીએલમાં ૫૫૧૨.૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ સમજૂતી માટે રિલાયન્સ રીટેલનું મૂલ્ય ૪.૨૮૫ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. ૫૫૧૨.૫૦ કરોડ રૂપિયાના રોકાણના બદલામા એડીઆઈએને આરઆરવીએલનો ૧.૨૦ ટકા હિસ્સો મળશે. આ સાથે જ ૯ સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં રિલાયન્સ રિટેલે ૩૭,૭૧૦ કરોડ રૂપિયામાં કુલ ૮.૪૮ ટકા હિસ્સો વેચ્યો છે. ૯ સપ્ટેમ્બરે અમેરિકાની ખાનગી ઈક્વિટી કંપની સિલ્વર લેકે ૭૫૦૦ કરોડ રૂપિયામાં રિલાયન્સ રીટેલનો ૧.૭૫ ટકા હિસ્સો ખરીદવાની જાહેરાત કરી હતી.

## પુર્વી લદ્દાખમાં ચીને વધાર્યા સૈનિકો, PLA જવાનોની સંખ્યા ૫૦ હજારે પહોંચી

લદાખ : પૂર્વી લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચેના તંગદીલીમાં ઘટાડો થતો હોય તેવું લાગતું નથી. સરહદ પર તણાવને જોતાં ચીન દિવસેને દિવસે જવાનોની સંખ્યામાં વધારો કરી રહ્યું છે. જો સૂત્રોની વાત માનીએ તો સરહદ પર ચીનનાં સૈનિકોની સંખ્યા ૫૦ હજારની નજીક પહોંચી ગઈ છે. અહેવાલો અનુસાર, ખાસ કરીને ડેપસાંગ વિસ્તારમાં ચીની સૈનિકોની સાથે ટેન્કો પણ તૈનાત કરવામાં આવી છે, જ્યારે અહીં પહેલેથી જ મોટી સંખ્યામાં ચીની સૈનિકો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડેપસાંગ સેક્ટરમાં આશરે ૨૫ વધારાની ટેન્ક અને તેટલી જ સંખ્યામાં ઈન્ફેન્ટ્રી કોમ્બેટ વ્હીકલ અને ૩૦૦-૪૦૦ સૈનિકો છે. જ્યારે આ વિસ્તારમાં પહેલેથી જ ૩૦૦૦ ચાઈનીઝ પીએલએ સૈનિકો અને લગભગ ૪૦-૫૦ ટેન્કો છે.

# રશિયાની વેક્સિનની ભારતમાં ટ્રાયલ યોજવા સરકારનો ઈનકાર

## રશિયાની કોરોના રસીની અસરકારકતા અને સુરક્ષા અંગે વૈજ્ઞાનિકો તથા તબીબોને હજી શંકા

ભારતના ડ્રગ રેગ્યુલેટરે રશિયાની વિવાદાસ્પદ કોરોના રસી સ્પુટનિક-ફાઈવ માટે દેશમાં મોટાપાયે ટ્રાયલ યોજવા ડો. રેડીઝ લેબોરેટરીઝ દ્વારા મુકાયેલા પ્રસ્તાવને નકારી કાઢયો છે. ભારત સરકારે ડો. રેડીઝને પહેલાં નાના પાયે ટ્રાયલ હાથ ધરવાની સૂચના આપી છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશનની નિષ્ણાતોની પેનલ દ્વારા કરાયેલી ભલામણોમાં નોંધવામાં આવ્યું છે કે, વિદેશોમાં રશિયાની કોરોના રસી પર હાથ ધરાયેલી પ્રારંભિક ટ્રાયલોમાં રસીની સુરક્ષા અને રોગપ્રતિકારક શક્તિ અંગેની માહિતી ઘણી ઓછી છે. આ રસીની અત્યાર સુધી હાથ ધરાયેલી ટ્રાયલોમાં ભારતીય વોલિન્ટિયર્સ પરની પણ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. ભારત સરકારના આ નિર્ણયના કારણે રશિયાને મોટો ફટકો પડયો છે. રશિયાની યોજના છે કે આ રસી કોરોનાના પ્રતિકાર માટે કેટલી અસરકારક છે તે પુરવાર કરતી સંપૂર્ણ ટ્રાયલ પહેલાં જ બજારમાં મૂકી



દેવામાં આવે. હાલ ભારતમાં સમગ્ર વિશ્વમાં સૌથી વધુ સરેરાશ કેસ નોંધાઈ રહ્યાં છે ત્યારે રશિયા તેના દ્વારા વિકસાવવામાં આવેલી સ્પુટનિક-ફાઈવ વેક્સિનની ટ્રાયલની મંજૂરી માટે ભરપૂર પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. સંભાવના છે કે આગામી કેટલાક સપ્તાહમાં ભારત અમેરિકાને પાછળ પાડી કોરોના સંક્રમણના સૌથી વધુ કેસ ધરાવતો દેશ બની શકે છે.

રશિયા દ્વારા વિકસાવાયેલી કોરોનાની રસીનું માર્કેટિંગ કરી રહેલી સરકારી એજન્સી રશિયન ડિરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ ફંડ અને ભારતની ફાર્મા કંપની ડો. રેડીઝ લેબોરેટરીઝે ભારતમાં સ્પુટનિક-ફાઈવની ક્લિનિકલ ટ્રાયલ અને વિતરણ માટે સપ્ટેમ્બરમાં ભાગીદારીની જાહેરાત કરી હતી. રશિયા વિશ્વનો પહેલો દેશ છે જેણે કોરોનાની રસીના જાહેર જનતા માટેના ઉપયોગને પરવાનગી આપી દીધી છે પરંતુ આ રસીની મોટાપાયે ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરાઈ નહીં હોવાથી વિવાદાસ્પદ બની છે. વૈજ્ઞાનિકો અને ડોક્ટર રશિયાની કોરોના રસીની અસરકારકતા અને સુરક્ષા અંગે શંકા સેવી રહ્યાં છે.

## કોરોના હવાથી અને ઈન્ડોર પણ ફેલાઈ શકે છે તેવી યુએસ સીડીસીની ચેતવણી

વોશિંગ્ટન : અમેરિકાનાં સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી) દ્વારા કોરોના સંક્રમણ અંગે નવી સુધારેલી ગાઈડલાઈન્સ જાહેર કરાઈ હતી. જેમાં ચેતવણી અપાઈ હતી કે કોરોનાનાં વાઈરસ હવાથી તેમજ ઈન્ડોર પ્રિમાઈસિસમાં પણ ફેલાઈ શકે છે. આ વાઈરસ કલાકો સુધી હવામાં તરતા રહે છે. આમ હવાથી વાઈરસ ફેલાય છે તેવા નિષ્ણાતોનાં તારણને આનાથી પુષ્ટિ મળી છે. કોરોનાનાં દર્દીને કોઈ મળે ત્યારે ૬ ફૂટથી ઓછું અંતર રાખનાર વ્યક્તિમાં તેનું સંક્રમણ થઈ શકે છે. યુરોપનાં દેશોમાં કોરોનાનું સંક્રમણ ઘાતક બની રહ્યું છે. ફ્રાન્સ સૌથી વધુ પ્રભાવિત છે જ્યાં ૨૦૦ જેટલા ક્લસ્ટર્સ એક્ટિવ છે. સ્કૂલો અને કોલેજોમાં સંક્રમણ ઝડપથી વધ્યું છે. શનિવારે ૧૭૦૦૦થી વધુ નવા કેસ આવ્યા પછી સરકારે રવિવાર અને સોમવારનાં આંકડા જાહેર કર્યા નથી. ૪૦ ટકા કેસ સ્કૂલો અને યુનિવર્સિટીમાં, ૨૬ ટકા વર્કપ્લેસિસમાં અને ૧૦ ટકા કેસ લોકો દ્વારા ફેલાઈ રહ્યા છે. બ્રાઝિલમાં સ્લમ એરિયા પર ફોકસ કરાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં ત્યાં નવા ૪૧,૯૦૬ કેસ નોંધાયા હતા જે ૧૧ સપ્ટેમ્બર પછી મોટો આંકડો છે.

## કોરોના મહામારી ફેલાવવા બદલ ચીને ચૂકવવી પડશે કિંમતઃ ટ્રમ્પનો ચીન એટેક

વોશિંગ્ટન : અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ચીનને ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું કે કોરોના મહામારી માટે ચીનને ભારે કિંમત ચૂકવવી પડશે. ચીને વિશ્વની સાથે જે કંઈ પણ કર્યું છે. તેના માટે ચીને કિંમત ચૂકવવા માટે તૈયાર રહેવું પડશે. ટ્રમ્પે કહ્યું કોરોના ચીનની ભૂલ છે, અમેરિકાની નહીં. એક વીડિયો મેસેજમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના સંક્રમિત થવું એ ઈશ્વરનો આર્શિવાદ ગણાવ્યો છે. ટ્રમ્પે કહ્યું કે હું એકદમ સારું અનુભવી રહ્યો છું. મને લાગે છે કે કોરોના સંક્રમિત થવું ભગવાનનો આર્શિવાદ છે. મેં રેજેનરોન દવા વિશે સાંભળ્યું હતુ અને લોકોને લેવાની સલાહ પણ આપી હતી. મેં આ દવાનો ઉપયોગ કર્યો. તેણે સારું કામ કર્યું છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ ચીનની ભૂલ હતી અને ચીને આ દેશ અને દુનિયાને માટે જે કર્યું છે તેની મોટી કિંમત તેણે ચૂકવવાની રહેશે. અમે દવા (રેજેનરોન)ને હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે સેનાની મદદ લઈ રહ્યા છે અને સાથે લોકોમાં વહેંચવામાં પણ આવી રહી છે. આ દવા ફ્રીમાં મળશે. તમારે તેના માટે કોઈ રૂપિયા ચૂકવવાની નથી.



### વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કોરોના પોઝિટિવ

વ્હાઈટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કાયલીઘ મેકનાનીનો રીપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. પ્રમુખ ટ્રમ્પનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો તેના ત્રણ દિવસ પછી પ્રેસ સેક્રેટરીને પણ કોરોનાના લક્ષણો જણાયા હતા. પ્રેસ સેક્રેટરીએ ખુદ ટ્વીટરમાં આ અંગેની જાણકારી આપી હતી. તેમના સંપર્કમાં આવેલા અન્ય લોકોના પણ રીપોર્ટ થયા છે, પરંતુ તે અંગે વ્હાઈટ હાઉસે સત્તાવાર કોઈ જ નિવેદન આપ્યું ન હતું. ગત ગુરુવારે કાઈલીઘે પ્રેસને સંબોધન કર્યું હતું. એ પછી ટ્રમ્પનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો ત્યારથી તેમણે પણ જાહેરમાં કોઈ સંબોધન કર્યું ન હતું. ટ્વીટરમાં પ્રેસ સેક્રેટરીએ કહ્યું હતું કે ગત ગુરુવારથી દરરોજ તેનો રીપોર્ટ નેગેટિવ આવતો હતો, પરંતુ સાવધાનીના ભાગરૂપે ફરીથી રીપોર્ટ થયો તો પોઝિટિવ આવ્યો હતો.



## યુએઈએ વસતી કરતાં પણ વધુ ટેસ્ટ કરીને નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો

અબુધાબી : યુએઈએ કોરોનાનાં ટેસ્ટિંગના મામલે નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. તેણે તેની વસ્તી કરતાં પણ વધુ કોરોના ટેસ્ટ કર્યા છે. કોરોના મહામારીની શરૂઆતથી અત્યાર સુધીમાં તેણે કુલ ૧ કરોડથી વધુ ટેસ્ટ કર્યા છે જ્યારે તેની વસ્તી ૯૬ લાખની છે. જો કે કોરોનાના ટેસ્ટના મામલે ૧૬ કરોડ ટેસ્ટ સાથે ચીન પહેલા નંબરે છે જ્યારે અમેરિકાએ ૭ ઓક્ટોબર સુધીમાં ૧૧ કરોડ ટેસ્ટ કર્યા છે. ૮ કરોડથી વધુ ટેસ્ટ સાથે ભારત ત્રીજા નંબરે છે. રશિયાએ ૫ કરોડ ટેસ્ટ કર્યા છે. યુએઈએ ૬ ઓક્ટોબર સુધીમાં ૭,૨૦,૮૦૨ લોકોનું મેડિકલ પરીક્ષણ કર્યું હતું. આ ગાળામાં કોરોનાના કેસમાં ૧૬ ટકાનો વધારો થયો હતો. રિકવરીમાં ૨૩ ટકાનો વધારો થયો હતો.

## બ્રિટનમાં આવતા મહિનાથી મોટાપાયે કોરોનાની વેક્સિન આપવાની તૈયારી

લંડન : કોરોના સામે ઝઝૂમી રહેલા વિશ્વ માટે એક સારા સમાચાર છે. બ્રિટનમાં આવતા મહિનાથી કોરોના વાયરસની રસી મોટાપાયે આપવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. બ્રિટનની નેશનલ હેલ્થ સિસ્ટમ ક્રિસમસ સુધી દેશમાં ૫ જગ્યાએ રસી લગાવાની સુવિધા આપવા જઈ રહ્યું છે. તેના માટે આ સ્થળો પર હજારો એનએચએસ જવાનો તૈનાત કરવામાં આવશે. દરરોજ ઓછામાં ઓછા ૧૦ હજાર લોકોને કોરોનાની રસી આપવાની યોજના છે. બ્રિટિશ અખબાર ધ સનનાં એક રિપોર્ટ મુજબ રસી માટે કોરોના વાયરસ સંક્રમણથી સૌથી વધુ ખતરાનો સામનો કરી રહેલા લોકોને સૌથી પહેલાં બોલાવવામાં આવશે. કોરોનાની રસી આપવા માટે લીડ્સ, હલ અને લંડનમાં કેન્દ્રો બનાવવામાં આવશે. આ કેન્દ્રો પર તાલીમાર્થી નર્સ અને પેરામેડિક્સને તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત મોબાઈલ યુનિટ પણ તૈયાર કરવામાં આવશે જે જરૂરીયાતમંદ લોકો અને કેર હોમ્સ સુધી જશે.

એક સૂત્ર એ કહ્યું, 'આપણે પહેલાં ટ્રાયલનું રિઝલ્ટ એક મહિનામાં મેળવીશું. આવી સ્થિતિમાં સૌથી પહેલાં રસી

## યુકેનાં નોર્ધન ઇંગ્લેન્ડમાં સંક્રમણ વધતાં કડક નિયંત્રણો લાદવા વિચારણા

યુકેમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે આવા સંજોગોમાં બોરિસ જહોનસનની સરકારે નોર્ધન ઈંગ્લેન્ડમાં સંક્રમણ રોકવા વધુ કડક નિયંત્રણો લાદવાનું નક્કી કર્યું છે. હાઉસિંગ પ્રધાન રોબર્ટ જેનરિકે કહ્યું કે એક જ દિવસમાં ૧૪,૦૦૦ કરતા વધુ કેસ આવતા સરકારની ચિંતા વધી છે. ફ્રાન્સ પછી સ્પેન અને જર્મનીમાં સ્થિતિ ખરાબ થઈ રહી છે. બર્લિનમાં ૭૦ વર્ષ પછી પહેલીવાર નાઈટ કરફ્યૂ લાદવામાં આવ્યો છે. રાત્રે ૧૧થી સવારે ૬ સુધી લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે. બાર અને રેસ્ટોરાં બંધ રાખવા જાહેરાત કરાઈ છે. જે લોકો નિયમ ભંગ કરશે તેમનાં લાઈસન્સ રદ કરાશે. યુરોપના દેશોમાં કોરોનાની બીજી લહેર ચિંતાજનક છે. સ્પેન, ફ્રાન્સ અને બ્રિટનમાં સ્થિતિ ખરાબ થઈ રહી છે.

# કોરોના મહામારીને કારણે ૧૫ કરોડ લોકો ગરીબીમાં ધકેલાશે : વિશ્વ બેન્ક

## વિશ્વ બેન્ક અને વિશ્વ વેપાર સંગઠનના મતે ૯.૨ ટકા વેપાર ઘટશે :વિશ્વને મંદીમાંથી સંપૂર્ણપણે બહાર આવતાં લાંબો સમય લાગશે

ન્યૂયોર્ક : વિશ્વના અર્થતંત્રના બે રક્ષકો વિશ્વ બેન્ક અને વિશ્વ વેપાર સંગઠને-ડબલ્યુટીઓ- સંકેત આપ્યા છે કે કોરોના મહામારીને કારણે ફેલાયેલી મંદીમાંથી રીકવરીના શરૂઆતના દિવસો કેટલાક દેશો અને ઉદ્યોગોમાં ધાર્યા કરતાં બહેતર જણાયા છે પણ વિશ્વના અર્થતંત્રને સંપૂર્ણપણે મંદીમાંથી બહાર આવતાં વધારે લાંબો સમય લાગશે. વિશ્વ વેપાર સંગઠને જણાવ્યું હતું કે ૨૦૧૯ની સરખામણીમાં આ વર્ષે વેપારમાં ૯.૨ ટકાનો ઘટાડો જોવાશે. જે એપ્રિલમાં ૧૨.૯ ટકા અંદાજવામાં આવ્યો હતો તેના કરતાં ઓછો છે પણ ૨૦૨૧માં અગાઉ વેપારમાં ૨૧.૩ ટકાનો ઉછાળો અંદાજવામાં આવ્યો હતો તેની સામે હવે વિશ્વના વેપારમાં ૭.૨ ટકાનો જ વધારો જોવા મળશે તેવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિશ્વ બેન્કે જણાવ્યું હતું કે ૨૦૨૧ સુધીમાં કોરોના મહામારીને




કારણે દુનિયામાં ૧૫૦ મિલિયન લોકો દારૂણ ગરીબીમાં ધકેલાઈ જશે. કોરોના મહામારી બાદ દેશોએ અલગ પ્રકારની ઈકોનોમી માટે તૈયાર રહેવું પડશે. જેમાં લેબર, કેપિટલ, કૌશલ્ય અને નવીનતાને નવા બિઝનેસ અને ક્ષેત્રો ભણી વાળવા દેવા પડશે. કોરોના મહામારી ૧૧૫ મિલિયન લોકોમાંથી ૮૮ મિલિયન લોકોને આ વર્ષે જ અત્યંત ગરીબીમાં ધકેલી દેશે. ૨૦૨૧ સુધીમાં આ આંકડો વધીને ૧૫૦ મિલિયન થશે. જેનો આધાર આર્થિક પ્રવૃત્તિઓના સંકોચન પર રહેલો છે. જો દુનિયામાં કોરોના મહામારી ન ફેલાઈ હોત તો ૨૦૨૦માં ગરીબીનો દર ૭.૯ ટકા ઘટયો હોત. મહામારી અને વૈશ્વીક મંદીને કારણે દુનિયાની ૧.૪ ટકા વસ્તીને દારૂણ ગરીબીનો અનુભવ કરવો પડશે તેમ વિશ્વ બેન્ક ગ્રુપના પ્રમુખ ડેવિડ માલપાસે જણાવ્યું હતું.

# કોરોનાના સંકટ વચ્ચે ફ્રાન્સ-ઈટાલી પૂર, ૧૦૦ લાપતા



મ્યુનિચ : કોરોના વાયરસ સંકટની વચ્ચે ફ્રાન્સ અને ઈટલીમાં પૂરે તબાહી મચાવી દીધી છે. એટલું ભયંકર પૂર આવ્યું છે કે દફનાવેલા મૃતદેહો પણ તણાઈને સરહદ પાર પહોંચી ગયા છે. સોમવારના રોજ ફ્રાન્સના સરહદી વિસ્તારમાંથી બીજા પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા. તેની સાથે જ પૂરમાં મરનારાઓની સંખ્યા વધીને ૧૨ થઈ ગઈ અને ૨૦ લોકો હજુ પણ ગુમ છે.

પૂરનો કહેર એટલો ખતરનાક છે તેનો અંદાજો તમે આના પરથી લગાવી શકો છો કે કબ્રસ્તાનમાં દફનાવેલા મૃતદેહો વહીને સરહદ પાર પહોંચી રહ્યા છે. ઈટલીમાં કોફિનમાંથી કેટલાંક લોકોના મૃતદેહો મળ્યા છે. આ કોફિન ફ્રાન્સથી વહેતા-વહેતા સરહદ પાર પહોંચ્યાની આશંકા છે.

દક્ષિણ-પૂર્વ ફ્રાન્સ અને ઉત્તર ઈટલીનો વિસ્તાર પૂરથી ભયંકર પ્રભાવિત થયો છે. અહીં તોફાન બાદ ધોધમાર વરસાદના લીધે પૂરે સામાન્ય જનજીવનને પ્રભાવિત કરી દીધું છે. ફ્રાન્સના શહેર સેંટ-માર્ટિન-વેસુબીમાં પૂરનો સૌથી વધુ કહેર છે. રવિવાર બાદ સોમવારે પણ અહીંથી કેટલાંક મૃતદેહો મળ્યા છે.

બંને દેશોમાં મોટાપાયે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. સાથો સાથ ગુમ લોકોનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. ફ્રાન્સની તરફથી કહેવામાં આવ્યું છે કે તેઓ ઈટલીના લિગુરિયા દરિયા કિનારેથી મળેલા મૃતદેહોને લઈ સતત તેમના સંપર્કમાં છે. ફ્રાન્સીસ અધિકારીઓએ કહ્યું કે સરહદ પાર કોફિનમાં જે મૃતદેહો મળ્યા છે તે શકય છે કે પાણીમાં વહીને આવ્યા હશે. મૃતદેહોની ઓળખની પ્રક્રિયા ચાલી રહી છે. જો કે હજી સુધી સ્પષ્ટતા થઈ શકી નથી કે કેટલી લાશો વહીને ઈટલી પહોંચી છે.

# ગુજરાતી દંપતીએ અમેરિકામાં પાંચ લાખ ડોલરનું મની લોન્ડરિંગ કર્યું

**• મેહુલ પટેલ, ચૈતાલી દવેએ બનાવટી ઓળખ ઊભી કરી અમેરિકનોના ડોલર ખંખેર્યા**



વોશિંગ્ટન : ભારત સ્થિત ફોન કૌભાંડીઓ વતી આશરે પાંચ લાખ ડોલરનું મની લોન્ડરિંગ કર્યુ હોવાનું ગુજરાતી મૂળના પતિ-પત્નીએ કબુલ્યું હતું, એમ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે કહ્યું હતું.

યુએસ એટર્ની બિયુંગ જે બી જે પાકે કહ્યું હતું કે ટેક સપોર્ટ અથવા તો ફડરલ એજન્ટ બનીને કોલ સેન્ટરમાંથી ભોગ બનેલાઓને રોકડ મેલ પેકેજ કરવા સુચના આપવામાં આવતી હતી. સાઉથ કેરોલિનાના ૩૬ વર્ષનો મેહુલ કુમાર મનુભાઈ પટેલ અને ૩૬ વર્ષની ચૈતાલી દવે બનાવટી ઓળખ ઊભી કરી આ રકમ ઉપાડી લેતા હતા.

'વિદેશસ્થિત કૌભાંડમાં મદદ કરનારાઓ સામે કાનુની કાર્યવાહી કરવા અને તેમની સામે તપાસ કરવા અમારી પ્રતિબધ્ધતાનો આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. ચૈતાલી દવે અને મેહુલ પટેલ ભારત સ્થિત કોલ સેન્ટરોના અપરાધીઓને મદદ કરતા અને અમારા દેશના પૈસા લૂટી લેતા હતા'એમ પાકે કહ્યું હતું. પટેલ અને દવેએ અનુક્રમે પહેલી સપ્ટેમ્બરે અને છટ્ઠી ઓકટોબરે યુએસ ડિસ્ટ્રિક્ટ જજ એમી ટોટેનબર્ગ સમક્ષ પોતાના ગુનાની કબુલાત કરી હતી. ભારત સ્થિત કોલ સેન્ટરો અમેરિકાના નાગરિકોને સોશિયલ સીક્યોરિટી અથવા ટેક સપોર્ટના નામે તેમજ ફેડરલ એજન્ટ બનીને ધમકાવીને તેમને છેતરતા હતા.

# USમાં ૧૮ કલાક કામ કરાવનાર ભારતીય મહિલાને ૧૫ વર્ષની જેલ

**• ધમકી આપી શર્મિષ્ઠા રજા વગર કામ કરાવતી અત્યાચાર ગુજારનાર પતિને પણ સજા થશે**

વોશિંગ્ટન : અમેરિકા જેવા પ્રગતિશીલ દેશમાં નોકરો પાસે કલાકો સુધી ગુલામો જેવી નોકરી કરાવનાર ભારતીય મૂળની એક મહિલાને પંદર વર્ષની સજા ફટકારવામાં આવી હતી જ્યારે તેના પતિને પણ કોર્ટે દોષિત માની હવે પછી ૨૨ ઓકોટબરે તેની સજા નક્કી કરાશે.

૧૧ દિવસની કેસની કાર્યવાહીના અંતે ફેડરલ જ્યુરીએ શર્મિષ્ઠા બારાઈ અને તેના પતિ સતિષ બારાઈને ઘરના નોકરો પાસે ગુલામો જેવા કામ કરાવવા હોવાનું તારણ કાઢ્યું હતું. આ ભારતીય દંપતિ ઘરેલુ નોકરોને ધમકી આપી તેમને માર મારી પરાણે ૧૮ કલાક સુધી કામ કરાવતા અને આરામ માટે રજા પણ આપતા ન હતા. તેમની સાથે અમાનવિય વર્તન કરવામાં આવતું હતું અને તેમનુ આત્મ સન્માન ઘવાતું હતું. આ લોકો આધુનિક માનવ તસ્કરો અને ગુલામોને વેચનાર છે, એમ ફેડરલ કોર્ટે સજા ફટકારતી વખતે કહ્યું હતું. કોર્ટમાં રજૂ કરેલા દસ્તાવેજ અને પુરાવા મુજબ,ફેબ્રુઆરી ૨૦૧૪ અને ઓકોટોબર ૨૦૧૬ વચ્ચે સતિષ અને શર્મિષ્ઠાએ કેલિફોર્નિયાના સ્ટોકટનમાં ઘર કામ કરવા માટે વિદેશથી મજુરો બોલાવ્યા હતા.

# H1-B પર સર્જિકલ સ્ટ્રાઈક, થર્ડપાર્ટી વર્કસાઈટ વિઝાની મુદત ૧ વર્ષ થઈ

વોશિંગ્ટન : અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પ સરકારે એચ-વનબી નોન ઈમિગ્રન્ટ વિઝા પ્રોગ્રામ પર નવા નિયંત્રણો લાદ્યા છે. ટ્રમ્પ સરકારની દલીલ છે કે અમેરિકન કામદારોના હિતોની સુરક્ષા અને યોગ્ય ઉચ્ચ લાયકાત ધરાવતા વિદેશી પ્રોફેશલ્સને જ એચ-વનબી વિઝા મંજૂર કરાય તે માટે આ નિયંત્રણો લદાયા છે. પરંતુ તેના કારણે હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને આઈટી કંપનીઓ પ્રભાવિત થશે. મંગળવારે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા ઈન્ટરિમ ફાઈલ રૂલ (આઈએફઆર)ની જાહેરાત કરાઈ હતી. જેમાં વિશેષતા ધરાવતા વ્યવસાયની વ્યાખ્યાને વધુ સંકુચિત કરી દેવાઈ છે.

કંપનીઓને સિસ્ટમમાં છૂટછાટ આપતી સાર્વત્રિક વ્યાખ્યાનો અંત લાવવા અમેરિકી સંસદ ઈચ્છી રહી છે. કંપનીઓએ હવે અમેરિકી કામદારની છટણી અટકાવીને સાચા વિદેશી કર્મચારી માટે સાચી ઓફર આપવી પડશે. તે ઉપરાંત નવા નિયમો ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીને એચ-વનબી વિઝા મંજૂર કરવાની પ્રક્રિયા અને ત્યારબાદ પણ વર્કસાઈટ ઈન્સ્પેક્શનની પરવાનગી આપશે અને તેના પર નજર પણ રાખી શકશે.

# પાવડર કેસના સમાધાન માટે જ્હોન્સન્સ એન્ડ જ્હોન્સન્સ ૧૦ કરોડ ડૉલર ચૂકવશે

**• જોન્સન એન્ડ જોન્સન પર ૨૦ હજારથી વધારે કેસ : બધા કેસોનું સમાધાન કરે તો ૧૦ અબજ ડૉલર ચૂકવવાના થાય**

ન્યૂયોર્ક : અમેરિકી કંપની જોન્સન એન્ડ જોન્સન પર તેના પાઉડરથી કેન્સર થાય છે એવા ૨૦ હજારથી વધારેં કેસ ચાલે છે. એ પૈકી લગભગ ૧ હજાર કેસમાં સમાધાન પેટે કંપની કુલ ૧૦ કરોડ ડૉલરની રકમ ચૂકવવા તૈયાર છે. ભૂતકાળમાં પણ કંપનીએ આવા કેસમાં કરોડો-અબજો ડૉલરનું વળતર ચૂકવ્યું છે. જોન્સન એન્જ જોન્સન જગતની સૌથી મોટી હેલ્થકેર પ્રોડક્ટ કંપની છે.

પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વિવાદમાં આવી છે. કંપની પર હજારો કેસ ચાલે છે અને મોટા ભાગના કેસમાં કંપનીની હાર થાય એવી પૂરી શક્યતા છે. એ સંજોગોને ધ્યાનમાં રાખીને કંપનીએ સામુહિક સમાધાનનો ઉપાય અજામાવ્યો છે. અમેરિકામાં આ કંપની વિરૂદ્ધ તપાસ થઈ છે અને તેના પાઉડરમાં હાનિકારક તત્ત્વો જણાઈ આવ્યા છે. એ પછી કંપનીએ અમેરિકા અને કેનેડામાં પાઉડરમાં વપરાતા મટિરિયિલમાં પણ ફેરફાર કરી નાખ્યો છે. અમેરિકાના વકીલ માર્ક લાનિઅર ૨૦૧૮માં જોન્સન વિરૂદ્ધ કેસ કરીને ૪.૭ અબજ ડૉલરનું વળતર જીતી ચૂક્યા છે. એ કેસ વખતે જ લાનિઅરે દલીલ કરી હતી કે કંપનીને ખબર હતી જ કે પાઉડરમાં કેન્સરકારક તત્ત્વો છે, છતાં કંપનીએ ગ્રાહકોને અંધારામાં રાખ્યા.

# વેનેઝુએલામાં એક લાખની નોટ આપો, બદલામાં મળશે ફક્ત બે કિલો બટાટા !

કેરેકસ : ક્યારેક અમીરીમાં આળોટતા વેનેઝુએલાનું ચલણ આજે રદ્દી જેવું થઈ ગયું છે. મોંઘવારી એટલી છે કે એક કપ ચા-કોફી માટે પેટી ભરીને ચલણી નોટો લઈ જવી પડે છે ! આ મુશ્કેલીને દૂર કરવા માટે વેનેઝુએલા સરકાર ફરી એક વાર મોટી નોટ છાપશે. બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ વેનેઝુએલાએ ચલણી નોટ છાપવા માટેનો કાગળ પણ બહારથી મંગાવવો પડે છે. એણે અત્યાર સુધીમાં એક ઈટાલિયન કંપની પાસેથી ૭૧ ટન સિક્યોરિટી કાગળ ખરીદ્યો છે. અહીંનું ચલણ બોલિવર કહેવાય છે. વેનેઝુએલાની સેન્ટ્રલ બેન્ક હવે એક લાખ બોલિવરની નોટ છાપશે. અત્યાર સુધીની આ સૌથી મોટી નોટ બની રહેશે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ નોટનું મૂલ્ય ફક્ત ૦.૨૩ ડોલર જ હશે, જેનાથી માત્ર બે કિલો બટાટા ખરીદી શકાશે. અગાઉ, અહીં ૫૦,૦૦૦ બોલિવરની નોટ છાપવામાં આવી છે.

# બ્લેક હોલના સંશોધન માટે 3 વિજ્ઞાનીને ફિઝિક્સનું નોબેલ

**• રોજર પેનરોસ, રાઈનહાર્ડ ગેન્ઝલ અને મહિલા વિજ્ઞાની એન્ડ્રીઆ ગેઝ**



સ્ટોકહોમ : બ્રિટનના રોજર પેનરોસ, જર્મનીના રાઈનહાર્ડ ગેન્ઝલ અને અમેરિકાના એન્ડ્રીઆ ગેઝ એ ત્રણેય વિજ્ઞાનીઓને ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળશે. આ ત્રણેય સંશોધકોએ બ્રહ્માંડની રહસ્યમય રચના બ્લેક હોલ અંગે સંશોધન કર્યું છે.

નોબેલ સમિતિએ જણાવ્યું હતું કે રોજરે બ્લેક હોલની રચના અંગે મહત્ત્વપૂર્ણ પુરાવાઓ રજૂ કર્યા હતા. માટે ઈનામની અડધી રકમ તેમને આપવામાં આવશે. અન્ય બે સંશોધકો રાઈનહાર્ડ અને એન્ડ્રીઆ વચ્ચે બાકીની અડધી રકમ વહેંચાશે. આકાશગંગાના કેન્દ્રમાં બ્લેક હોલ છે અને તે જ આખી આકાશગંગાના તારાને નિયંત્રીત કરે છે, એવુ સંશોધન આ બન્ને વિજ્ઞાનીઓએ રજૂ કર્યુ હતું.

# ડીએનએમાં ફેરફાર કરવાની પદ્ધતિ શોધનારી બે મહિલાઓને કેમેસ્ટ્રીનું નોબેલ અપાયું

સ્ટોકહોમ : રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી)નું નોબેલ પ્રાઈઝ બે મહિલા વિજ્ઞાનીઓ ઈમાન્યુએલ શારપેંટિયર અને જેનિફર ડૂડનાને એનાયત થશે. તેમણે જેનોમ એડિટિંગ એટલે કે માનવ શરીરના મૂળભૂત ઘટક ડીએનએમાં ફેરફારની પદ્ધતિ શોધી છે. કોઈ પણ સજીવના શરીરની રચના કોષથી થાય છે અને કોષમાં ડીએનએ હોય છે.

ડીએનએ એક પ્રકારનું પેઢીનામું છે, જેમાં જન્મ, કૂળ, બિમારી, વંશ વગેરેની વિગત નોંધાયેલી હોય છે. ડીએનએમાં સુધારો કરી શકાય તો અનેક રોગો સામે પણ લડત આપી શકાય. માટે જગતભરના સંશોધકો વર્ષોથી જેનોમ (વંશસુત્ર-ડીએનએ)માં સુધારો કરવાનો પ્રયાસ કરે છે. અમેરિકી વિજ્ઞાની જેનિફર કેલિફોર્નિયા યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે, જ્યારે ફ્રાન્સના વિજ્ઞાની ઈમાન્યુએલ જર્મનીની મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટયૂટ સાથે કામ કરે છે.

# પંજાબને સતત ચોથીવાર પછડાટ હૈદરાબાદનો ૬૯ રનથી વિજય



દુબઈ : ઓપનર વોર્નર તથા બેરિસ્ટોએ નોંધાવેલી ૧૬૦ રનની ભાગીદારી બાદ બોલર્સે કરેલા શિસ્તબદ્ધ પ્રદર્શનની મદદથી સનરાઈઝર્સ હૈદરાબાદે કિંગ્સ ઈલેવન પંજાબને ૬૯ રનથી પરાજય આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર હૈદરાબાદની ટીમે છ વિકેટે ૨૦૧ રન નોંધાવ્યા હતા. જેના જવાબમાં પંજાબની ટીમ ૧૬.૫ ઓવરમાં ૧૩૨ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. પંજાબ માટે નિકોલસ પૂરને ૩૭ બોલમાં ૭૭ રન બનાવ્યા હતા. ડેવિડ વોર્નર અને બેરિસ્ટોએ પ્રથમ વિકેટ માટે ૧૬૦ રનની ભાગીદારી નોંધાવીને હૈદરાબાદ માટે આક્રમક શરૂઆત કરી હતી. ત્રણ રન માટે સદી ચૂકેલા બેરિસ્ટોએ ૫૫ બોલમાં છ સિક્સર અને સાત બાઉન્ડ્રી વડે ૯૭ રન બનાવ્યા હતા. બીજી તરફ વોર્નરે ૪૦ બોલમાં ૫૨ રન ફટકાર્યા હતા. વોર્નરે આઈપીએલમાં ૫૦મી વખત અડધી સદી ફટકારના પ્રથમ બેટ્સમેન તરીકેની સિદ્ધિ મેળવી હતી. આ ઉપરાંત તેણે કિંગ્સ ઈલેવન સામે છેલ્લી નવ ઈનિંગ્સમાં સતત અડધી સદી નોંધાવી છે.

## કોહલી ટી-૨૦માં ૯૦૦૦ રન પૂર્ણ કરનારો પહેલો ભારતીય

નવી દિલ્હી: રોયલ ચેલેન્જર્સ બેંગલોરના કપ્તાન વિરાટ કોહલીએ દિલ્હી કેપિટલ્સ સામે પોતાનો ૧૦મો રન બનાવતાની સાથે જ રેકોર્ડ બનાવ્યો છે. તે ટી૨૦ ક્રિકેટમાં ૯ હજાર રન પૂર્ણ કરનારો પહેલો ભારતીય બન્યો છે. આ મેચ પહેલા વિરાટ કોહલીના નામ પર ૈન્માં ૧૮૧ મેચમાં ૫૫૦૨ રન હતા. કુલ મેળવીને જોવામાં આવે તો ટી૨૦ ક્રિકેટમાં ૯ હજાર રન બનાવનારા સાતમાં બેટ્સમેન છે. તેમણે આ આંકડો ૨૭૧મી મેચમાં હર્ષલ પટેલના બોલમાં ચોગ્ગો લગાવીને પાર કર્યો.

# ફ્રેન્ચ ઓપન : સેમિ.માં પેટ્રા ક્વિટોવા અને સોફિયા કેનિન વચ્ચે ટક્કર થશે



પેરિસ : બે વખતની વિમ્બલ્ડન ચેમ્પિયન પેટ્રા ક્વિટોવાએ પોતાની ભૂલોને સુધારીને લૌરા સિગમુન્ડને સીધા સેટમાં હરાવીને બીજી વખત ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ક્વિટોવાએ વિશ્વની ૬૬મી ક્રમાંકિત લૌરાને ૬-૩, ૬-૩થી પરાજય આપ્યો હતો. હવે તેનો આગામી મુકાબલો ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન સોફિયા કેનિન સામે થશે જેણે અન્ય એક ક્વાર્ટર ફાઈનલમાં તેના જ દેશની અમેરિકન ખેલાડી ડેનિયલ કોલિન્સને ૬-૪, ૪-૬, ૬-૦થી હરાવી હતી. ક્વિટોવા પોતાની ધમાકેદાર સર્વિસ માટે જાણીતી છે પરંતુ લૌરા સામે બીજા સેટમાં તેની બે વખત સર્વિસ બ્રેક થતાં તેણે ઘણા ડબલ ફોલ્ટ કર્યા હતા. ચેક રિપબ્લિકની સાતમી ક્રમાંકિત ખેલાડીએ મેચમાં પુનરાગમન કર્યું હતું અને ૨૦૧૨ બાદ પ્રથમ વખત વિમેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ૨૦૧૨માં ક્વિટોવાના શારાપોવા સામે પરાજય થયો હતો. ક્વિટોવા શાનદાર ફોર્મમાં છે અને ટૂર્નામેન્ટની પાંચેય ગેમમાં એક પણ સેટ ગુમાવ્યો નથી.

# આફ્રિકાના બોલર વર્નોન ફિલાન્ડરના ભાઈની ગોળી મારીને હત્યા કરાઈ



જોહાનિસબર્ગ : સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ પેસ બોલર વર્નોન ફિલાન્ડરના ઘરમાં અત્યારે માતમનો માહોલ છે. તાજેતરમાં જ ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કરનાર વર્નોનના નાના ભાઈની તેના જ ઘરમાં અજ્ઞાત વ્યક્તિએ ગોળી મારીને હત્યા કરી હતી. રિપોર્ટના અનુસાર કેપટાઉનમાં તેમના ઘરે કેટલાક અજ્ઞાત લોકોએ ઘરની બહાર જ ગોળીબાર કર્યા હતા અને વર્નોનના નાના ભાઈનું ઘટના સ્થળે જ કરુણ નિધન થયું હતું. વર્નોનના નાના ભાઈ ટાયરોન ફિલાન્ડર ૩૨ વર્ષનો હતો અને જ્યારે તે નજીકના ઘરમાં પાણી આપવા માટે જતો હતો ત્યારે કેટલાક બંદૂકધારીઓએ તેની ઉપર અચાનક ગોળીઓ ચલાવી હતી અને તે જમીન ઉપર પડી ગયો હતો.

October FREE WILLS MONTH helping great charities

What will your legacy be?

Your Will affects your loved ones and future generations. If you're 55 or over, make or update your Will for **free** and include a gift to a great cause. It costs nothing now. **This is your chance to leave your lasting legacy.**

The sponsoring charities

WILDLANDS LEAGUE
HUMAN RIGHTS WATCH
ifaw
Canadian Cancer Society

Downtown Toronto lawyers available (see website). All appointments are COVID-safe.

More information on the charities at www.freewillsmonth.ca

Call a Scarborough lawyer today

Sheldon Lorne Sherman Law
Sheldon Sherman – **416-261-7161**
4137 Lawrence Avenue East M1E 2S2

Ruma Law Office
Ruma Diwanji – **416-299-4815**
230E-55 Nugget Avenue M1S 3L1

Axess Law Professional Corporation
Walter Luk & Nicole Garcia
**416-901-9638**
Scarborough Town Centre
300 Borough Drive (Walmart) M1P 4P5

You are not obliged to include a gift to any of the charities. The cost of a simple Will is covered. You might be charged for work beyond what the lawyer considers a simple Will.

SM 10.01.20

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com.
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

DIVINE YOGA
By Geeta

FREE Special Yoga Class Streaming NOW due to COVID

- Reduce Stress and Anxiety
- Boost Immunity and Sleep Quality
- Gain Strength and Flexibility
- Become the Best Version of Yourself

The beauty of yoga is that you don't have to be a yogi or yogini to reap the benefits

Join today on ZOOM!

Classes Available: One-to-One Individual, Therapeutic, and Children

GEETA TAILOR : 416-456-2261
Contact Geeta at divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# સુરત MD ડ્રગ્સ પ્રકરણ : ૪૦ નબીરાની યાદી તૈયાર, આદિલ નુરાનીની ધરપકડ

સુરત : માલેતુજાર આદિલની ડ્રગ પેડલર સાથે દોસ્તી અને પોતે ડ્રગ એડિક્ટ બની જવાની ઘટના શહેરમાં ચર્ચાસ્પદ બની છે. આદિલ સાથે કુછંદે ચઢેલા તેના મિત્રોના નામ જાણવા અને અત્યાર સુધી આદિલે કેટલી વખત ડ્રગ ખરીદ્યું હતું, તેની વિગતો મેળવવા પોલીસે આદિલને કોર્ટમાં રજૂ કરી વધુ ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. બીજી બાજુ આ કેસમાં સુરત પોલીસે ૪૦ નબીરાઓનું એક લિસ્ટ તૈયાર કર્યું છે. જેમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોની પુછપરછ હાથ ધરાઈ છે. હવે આગામી પુછપરછમાં વધુ નામ ખુલવાની શક્યતા પોલીસ જણાવી રહી છે.

શહેરમાં એમ.ડી. ડ્રગ્સના વધતા દૂષણ વચ્ચે પોલીસે ઘોડદોડ ઉપર રહેતા કરોડપતિ હોટેલિયરની એમ.ડી.ના પેડલર તરીકે ધરપકડ કરતાં અમીર વર્ગમાં વ્યાપ્ત ડ્રગ્સની લત શહેરમાં ચર્ચાનો વિષય બની છે. બોલિવૂડનાં અભિનેતા અને અભિનેત્રીની જેમ સેલિબ્રિટીની જેમ ફરતાં નબીરાઓ પણ તે સાથે પોલીસના રડાર ઉપર આવ્યા હતા. એક કરોડનું એમ.ડી. ડ્રગ્સ પકડયું ત્યારે ૩૦ લાખનું ડ્રગ્સ આદિલ નુરાનીએ મગાવ્યું હોવાનું અને આદિલ આ ધંધામાં પાર્ટનર હોવાનું જણાવતાં મામલાએ નવો વળાંક લીધો હતો.

કરોડપતિ ઘરનો આદિલ ડ્રગ એડિક્ટ હોવાની સાથે તે પેડલર તરીકે બહાર આવતાં પોલીસ માટે આદિલ વધુ મહત્ત્વનો બની ગયો હતો. માલેતુજારો દ્વારા થતી પાર્ટીઓમાં સેવન કરવા માટે આદિલ એન્ડ કંપની મોટા પ્રમાણમાં આ જથ્થો ખરીદતી હોવાનું અને તેના મિત્રોના એકાઉન્ટમાંથી પણ રૂપિયા સલમાનને આપવામાં આવ્યા હોઈ પોલીસ આદિલ સાથે બીજા પણ કેટલાક નબીરાઓ પાર્ટનર હોવાની શંકા સેવી રહી છે. આદિલના ત્રણ દિવસના રિમાન્ડ પૂરા થઈ ગયા વધુ ચાર દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા. જે ગુરુવારે પુરા થતાં આદિલ નુરાનીને જેલમાં મોકલી દેવાયો હતો.

## સુરતના વિકાસ નકશા-ડેવલપમેન્ટ પ્લાનને રાજ્ય સરકારને મંજૂરી

સુરતઃ સુરત મહાનગરપાલિકા અને સુડાની કુલ ૧૦૮૫ ચો.કિ.મી. વિસ્તારના ફાયનલ ડેવલપમેન્ટ પ્લાનને રૂપાણીએ મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય લેતા ૩૦ વર્ષથી રિઝર્વેશનમાં રખાયેલી જમીનો મુકત થતાં ખેડૂતો-જમીન માલિકોને વિકાસના સપના સાકાર કરવાની નવી દિશા ખોલી નાંખી છે. ઝસ રૂપાણીનો મોટો નિર્ણયથી આશરે ૮૫૦ હેકટર્સ જમીન બાંધકામ અને વિકાસ માટે ઉપલબ્ધ થશે. વિકાસ નકશા – ડેવલપમેન્ટ પ્લાન – ૨૦૩૫ મંજૂર થતાં DP મંજૂર થતાં સુરત મહાનગર માટે વિકાસની અઢળક તકો ખૂલશે.

## દક્ષિણ ગુજરાતમાં શાકભાજીમાં ૧૦ કરોડ અને સો કરોડના ડાંગરને વરસાદથી નુકસાન

સુરત : સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદના કારણે ખેડૂતોની સ્થિતિ દયનીય બની હતી, દક્ષિણ ગુજરાતના ખેડૂતોને રૂપિયા ૧૦ કરોડની શાકભાજીઓ અને સો કરોડના ડાંગરનું નુકસાન થયું છે. જોકે સરકાર દ્વારા ૩૩%ની રાહતનું એલાન કરવામાં આવ્યું છે, પરંતુ હાલમાં કોરોનાના કહેર વચ્ચે ખેત મજૂર ના મળતા હોવાથી ખેડૂતે વધુ નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. બીજી તરફ ભાવની વાત કરીએ તો ખેત મજૂર કાપે તો ૪૫૦૦થી ૫ હજાર સુધીનો ભાવ વિંઘે મજૂરી ચાલી રહી છે અને મશીનથી કપાવે તો રૂ ૨ હજારથી ૨૨૦૦ થતા હોય છે. જોકે મશીનમાં નુકસાન થાય છે કારણ કે મજૂર કાપે તો પુડિયા તૈયાર થતા હોય છે અને મશીનથી કાપે તો પુડિયા બનતા નથી.

Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service

3642 Kingston Rd


$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers

1177 Pure Spring Blvd


$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen

25 Heron Park Pl


$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School.

12 Silverwood Circ


$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms

19 Rosebank Dr


$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted

192B Magnolia Ave


$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)


PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com


MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com


JAINIK JARIWALA
Sales Representative
416.206.6115

Designed by Swadesh- Gujarati News Paper

Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON, M1H 3B7
Century 21 Titans Realty Inc.
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience
Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

29 ROOM MOTEL – Hwy 11, Near Cochrane
With huge 5 BR house, year round business, busy in winter &summer, only motel in town, no competition. City water & sewer.
Gross Rev: about $350K
Asking Price: $1,100,000

18 ROOM MOTEL – Near Pembroke
With 3 BR house, spent over $150K in room renovation, no competition, located near Pembroke, about 4 hrs form Toronto and 1.5 hrs form Ottawa
Asking Price: $799,000

12 ROOM MOETL – Near North Bay
With 3 BR house, updated rooms, very well maintained, located within town with city water & sewer, close to all amenities.
Asking Price: $849,000

OTHER MOTELS FOR SALE
@ Near Niagara Falls - $2.2 M to $5M
@ Near London, Sarnia - $900K to 2M
@ Near Owen Sound/Tobermory - $1M to $2.5M

OTHER FRANCHISE MOTELS FOR SALE
Call for more info.

PRINCIPAL BUYES ONLY: to sign confidentiality agreement on particular motels.

Due to COVID-19: Getting loan is tough, call for down payment requirements & mortgage options.

40+ ROOM MOTEL 4 HRS East $2.2M
40+ ROOM MOTEL Northern Ontario - $ 1.3M

27 ROOM MOTEL Thunder Bay $2.1M
60+ ROOM MOTEL Thunder Bay $2.3M

MOTELS on Hwy 17, Sudbury to Sault Ste Marie
@14 ROOM & REST VTB available Asking $699K
@30+ROOM VTB available Asking $2M
Other Motels also available on same road

12 ROOM MOTEL Hwy 7, Near Peterborough
Renovated & upgraded Motel including New Furnace heating. 10 Rooms have Kitchenette, high demand for Monthly Customers. Seller's Financing Available. Asking: $799,000

15 ROOM MOTEL B/W LONDON & SARNIA
Just off Hwy 402 with 4.8 Acres commercial Lot. 5 Rooms have Kitchenette. Many rooms given on Weekly & Monthly. Closed Restaurant, can be used as Party or Banquet Room. Asking: $999,000

FRANCHISE MOTELS & HOTELS FOR SALE
@ 40+ ROOM MOTEL North Ontario - $3.8M
@ 70+ ROOM MOTEL 3 Hrs - $4.5M
@ 50+ ROOM MOTEL 3 Hrs - $4.5M
@ 60+ ROOM MOTEL 6 Hrs North - $3.5M

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

WELCOME !

GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL
416-321-3268
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

Dr. Salim Kapadia Dental Centre
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request

PANCHVATI SUPERMARKET
www.panchvatisupermarket.ca

Six Location Opening soon

NOW HIRING!

Cook, Cashier, General help
Send your Resume at : PVSTUXEDO@GMAIL.COM

1255 Markham Road Scarborough

| MISSISSAUGA | BRAMPTON | SCARBOROUGH | ETOBICOKE | AJAX |
|---|---|---|---|---|
| 169 Dundas St. E, Unit# 1 to 4, Mississauga, ON L5A 1W8 | 8814 The Gore Road, Unit 4-8, Brampton, ON L6P 0B1 | 2141 Ellesmere Road, Behind Scotia Bank Scarborough, ON M1G 3M6 | 3-45 Woodbine Downs Blvd, Etobicoke, ON M9W 6N5 | 18, Harwood Ave. South, Ajax, ON L1S 6N2 |
| Call : 905-232-3955 | Call : 905-794-5372 | Call : 416-439-9393 | Call : 416-213-9394 | Call : 905 426 2499 |